શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા ગ્રંથાંક-૧૬૮

૨૩૧૭ 3૦૬૪

મુનિ પ્રવર શ્રી જંબૂ કવિ વિરચિત

# મુનિપતિ ચરિત્ર

: સંપાદક :

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ.

: સહાયક :

વિદુષી પૂજ્ય સાધ્વીજી શ્રી ચંદ્રાનનાશ્રીજી મ.
(વાગડવાળા)ના સદુપદેશથી ભાવિકો.

: પ્રકાશિકા :

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ-શાંતિપુરી (વાયા જામનગર) સૌરાષ્ટ્ર

श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला ग्रथांक-१६८

श्री महावीर जिनेन्द्राय नमः

श्री मणिबुद्धयाणंद हर्षकर्पूरामृतसूरिभ्यो नमः

मुनि प्रवर श्री जंबू कवि विरचित

# मुनिपति चरित्र

: संपादक :

पू. आ. श्री विजय जिनेन्द्रसूरीश्वरजी म.

: सहायक :

विदुषी पूज्य साध्वीजी श्री चंद्राननाश्रीजी महाराज (वागडवाळा)ना सदुपदेशथी

(१) प्रभाबेन चीमनलाल पटवा वीशनगरवाळा (२) एक सद्गृहस्थ (३) राधाबेन रसीकलाल दलीचंदना श्रेयार्थे (ध्रांगध्रा) (४) रेखाबेन अश्विनकुमार वल्लभदास सायनवाळा.

: प्रकाशिका :

श्री हर्षपुष्पामृत जैन ग्रंथमाला

लाखाबावळ-शांतिपुरी (वाया जामनगर) सौराष्ट्र

પ્રકાશિકા : હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
લાખાબાવળ શાંતિપુરી (સૌરાષ્ટ્ર)

| વીર સં. | વિ. સં. | સને | પ્રથમ | આવૃત્તિ |
|---|---|---|---|---|
| ૨૫૧૩ | ૨૦૪૩ | ૧૯૮૭ | નકલ | એક હજાર |

મૂલ્ય : રૂા. ૫–૦૦

## — આભાર દર્શન —

અમારી સંસ્થા તરફથી પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજનામાં સહકાર મલતાં ૭૫૦ નકલ પ્રગટ કરી ભેટ મોકલાય છે. આ ગ્રંથની ૨૫૦ નકલ ગૃહસ્થો ઉપયોગી હોવાથી વધુ છાપી છે. આ શ્રી મુનિપતિ ચરિત્ર પ્રગટ કરવા માટે વાગડદેશોદ્ધારક પૂ. આ. ભ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મહારાજના સમુદાયના શાસન પ્રભાવક અધ્યાત્મ યોગી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય કલાપૂર્ણ-સૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી પૂ. વિદુષી સાધ્વીજી શ્રી ચંદ્રનનાશ્રીજી મહારાજના સદુપદેશથી નીચેના ચારે ભાવિકો તરફથી સહકાર મળેલ છે: (૧) શ્રી પ્રભાબેન ચીમનલાલ પટવા વીશનગરવાળા (૨) એક સદ્‌ગૃહસ્થ (૩) રાધાબેન રસીકલાલ દલીચંદના આત્મશ્રેયાર્થે ધ્રાંગધ્રા (૪) રેખાબેન અશ્વિનકુમાર વલ્લભદાસ સાયનવાળા.

આ સાહિત્ય શ્રુતભકિત માટે પ્રેરણા આપવા અંગે પૂ. સાધ્વીજી મહારાજનો આભાર માનીએ છીએ. તથા દાતાઓની ઉદાર ભાવનાની અનુમોદના કરીએ છીએ.

તા. ૨૯–૬–૮૭ લિ.

શાક મારકેટ સામે, **મહેતા મગનલાલ ચત્રભુજ**
જામનગર વ્યવ. શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા

મુદ્રક : સુરેશ પ્રિન્ટરી * મેઈન રોડ * વઢવાણ શહેર

# -: અલ્પ વક્તવ્ય :-

જૈન શાસનના રહસ્યો જીવનમાં ઉતારવા દ્વારા જૈન દર્શનનું દર્શન જીવન ચરિત્ર કરાવે છે. આ મુનિપતિ ચરિત્રમાં પણ મુનિપતિ મુનિનું આદર્શ જીવન છે તે સામે કુંચિક શેઠનું દ્રવ્ય ચોરાયું તેનો આક્ષેપ લે કરે છે. બંને પોત પોતાની વાતની પુષ્ટિમાં ૮–૮ કથાઓ કહે છે. અને તેમાં અંતર્ગત કથાઓ પણ છે. આમ ચરિત્રમાં અનેક વિષય માટે કથાઓનું નિરુપણ છે. જેમાં સુસ્થિતાચાર્ય મેતાર્ય મુનિ અને કાષ્ટક શેઠની કથા વિસ્તારથી છે. બીજી ટુંકી છે. અને પ્રાસંગિક બોધ તેમાં આપેલ છે. જે રસીક છે.

આ ગ્રંથ મૂળ પ્રાકૃતમાં પૂ. હરિભદ્રસૂરિજી મ. રચ્યો છે. તેમજ પૂ. માનદેવ સૂ. મ., પૂ. જિનદેવરિ ઉપાધ્યાયના શિષ્ય પૂ. હરિભદ્ર સૂ. મ. (બીજા) એ ૧૧૭૨માં પ્રાકૃતમાં મુનિપતિ ચરિત્ર રચ્યું છે. ચંદ્રગચ્છના જંબૂનાગ મુનિ જેમૂણે વિદ્વદ્દસભામાં ગૌરવ પ્રાપ્ત કર્યું હતું તેમણે વિ. સં. ૧૦૦૫ માં મણિપતિ ચરિત્ર નામથી ચરિત્ર રચ્યું તે પ્રાકૃત ચરિત્ર ઉપરથી સંસ્કૃત પદ્યબદ્ધ રચાયું છે. તથા ગદ્યબદ્ધ પણ તૈયાર થયેલું છે. બિવંદણિક ગચ્છના શ્રી દેવગુપ્ત સૂ. મ. ના શિષ્ય. શ્રી સિંહ-

સકુલ મુનિએ ૧૫૫૦માં મુનિપતિ રાજર્ષિ ચોપાઈ રચી જંબૂ કવિનું પદ્યબદ્ધ ચરિત્ર ૧૯૭૮માં અમદાવાદ. વકીલ કેશવલાલ પ્રેમચંદે છપાવેલ છે. અને ગદ્ય પં. હીરાલાલ હંશરાજ ( જામનગરવાળાએ છપાવેલ છે.

સંસ્કૃત ગદ્યનું ભાષાંતર કરાવીને અમદાવાદના મગનલાલ હઠીસીંગે ત્રણ આવૃતિ (૧૯૭૦) છપાવેલ છે. તે ઉપરથી (૧૯૯૪) શ્રી ધર્મ પ્રસારક સભા (ભાવનગર) એ આ ભાષાંતર છપાવેલ તે સંપૂર્ણ ભાષાંતર નથી પરંતુ ભાષાંતર સાર છે.

સંસ્કૃત પદ્યના કર્તા શ્રી જંબૂકવિ અંગે તેઓ ચંદ્રગચ્છના જંબૂનાગ નામે પ્રસિદ્ધ હતા તેમણે જિન-શતક કાવ્ય તથા ચંદ્રદૂત કાવ્ય રચ્યું છે. જિનશતક ઉપર નાગેન્દ્રગચ્છના શામ્બ મુનિએ વિવરણ ટીકા પંજિકા રચી છે.

મૂળ કથા અલ્પ છતાં પ્રાસંગિક અનેક કથાઓ દ્વારા આ ચરિત્ર બોધક બન્યું છે. તેનાં વાચન દ્વારા સૌ આત્મહિતના લક્ષને પામે એજ શુભેચ્છા...

૨૦૪૩ જેઠ સુદ ૧૧<br>
સોમવાર તા. ૮-૬-૮૭<br>
જૈન ઉપાશ્રય<br>
૨૦/૨ રણછોડનગર રાજકોટ

લિ.<br>
જિનેન્દ્રસૂરિ

# = અનુક્રમ =


| ક્રમ | કથા | પેજ |
|---|---|---|
| ૧ | તિલભટ્ટકથા | ૬ |
| ૨ | અચ્ચંકારી ભટ્ટા કથા | ૧૦ |
| ૩ | શીલવતી કથા | ૧૨ |
| ૪ | સેચનક કથા | ૧૬ |
| ૫ | સુસિસ્થત સૂરિ શિષ્યો કથા | ૧૮ |
| ૬ | દર્દુરાંગ કથા | ૧૯ |
| ૭ | બટુક કથા | ૨૭ |
| ૮ | બ્રહ્મદત્ત કથા | ૨૭ |
| ૯ | શિવમુનિ કથા | ૩૪ |
| ૧૦ | સુવ્રત મુનિ કથા | ૩૬ |
| ૧૧ | ધનદમુનિ કથા | ૪૧ |
| ૧૨ | યૌનિકમુનિ કથા | ૪૫ |
| ૧૩ | કૃતઘ્ન સિંહ કથા | ૫૨ |
| ૧૪ | મેતાર્ય મુનિ કથા | ૫૩ |
| ૧૫ | સુકુમાલિકા કથા | ૬૬ |
| ૧૬ | ભદ્રક વૃષભ કથા | ૭૦ |
| ૧૭ | બુદ્ધિવંતમંત્રી કથા | ૭૪ |
| ૧૮ | બટુક કથા | ૭૬ |
| ૧૯ | નાગદત્ત કથા | ૭૬ |
| ૨૦ | સુતારની કથા | ૭૯ |
| ૨૧ | ચારભટ્ટીની કથા | ૮૦ |
| ૨૨ | પામર કથા | ૮૧ |
| ૨૩ | સિંહણુની કથા | ૮૩ |
| ૨૪ | સિંહ કથા | ૮૪ |
| ૨૫ | કાષ્ટક શેઠ કથા | ૮૫ |

# પ્રાચિન સાહિત્ય પ્રકાશન યોજના

ઘણા છાપેલ પ્રાચીન ગ્રંથો અલભ્ય બન્યા છે અને ઘણા હજુ અપ્રકાશિત પણ છે.

પુરતો સહકાર મળે તો વિના મૂલ્યે વિતરણ કરી શકાય અને શ્રી સંઘોના ભંડારોમાં પહોંચાડી શકાય તે માટે **'પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજના'** નકી કરી છે. યોજનાની વિગત નીચે મુજબ છે.

### ❊ પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજના ❊

(૧) આ યોજનામાં રૂા. અઢી હજારથી ગમે તેટલી મોટી રકમ પ્રકાશન માટે સ્વીકારાશે. તે તે ગ્રન્થ તેમના તરફથી પ્રગટ થશે. નાની રકમો ભેગી કરીને મોટા ગ્રંથનું પ્રકાશન દાતાની ઇચ્છા હશે તો થશે.

(૨) આ યોજના હેઠળ પ્રકાશિત થતા ગ્રંથની કિંમત રખાશે નહિ અને વેચાણમાં મુકાશે નહિ.

(૩) આ ગ્રન્થની ૭૫૦) નકલ છપાશે જેમાંથી ૧૦૦) નકલ પૂ. આચાર્યદેવો આદિને, ૨૫) નકલ લાભ લેનારને, ૨૫) નકલ સંપાદન કરનારને અને ૨૫) નકલ પ્રકાશકને અપાશે ૫૭૫) નકલો શ્વે. મૂ. જૈન સંઘોને ભંડારોમાં આપવામાં આવશે. જેમાં અમુક ભંડારોમાં પ્રકાશિત બધા ગ્રન્થો, અમુકમાં અડધા અને અમુકમાં ત્રીજા ભાગના એમ લગભગ ૮૦૦) ભંડારોમાં ગ્રંથો પહોંચાડાય છે.

## પ્રાચિન સાહિત્ય પ્રકાશન યોજનામાં પ્રગટ થએલ સાહિત્ય.

**સં. ૨૦૩૯** (૧) નિર્વાણકલિકા (૨) યશોધર ચરિત્ર (૩) વિચાર સપ્તતિકા ટીકા (૪) સ્યાદ્વાદ ભાષા (૫) નાભાકરાજ ચરિત્ર (૬) જગડુ ચરિત્ર મહાકાવ્યપ્રત (૭) જગડુ ચરિત્ર મહાકાવ્ય પુસ્તક (૮–૯) સ્વપ્ન પ્રદીપ શાકુન સારોદ્ધાર (૧૦–૧૧) ઉપદેશ શતક અન્યોકિત શતક. ભેટઃ (૧૨) અનેકાર્થ સંગ્રહ ટીકા ભા. ૧–૨ (૧૩) તપોરત્નમહોદધિ (૧૪) ધનંજય નામમાલા.

**સં. ૨૦૪૦** (૧૫) સિન્દુર પ્રકર ટીકા (૧૬) નિરયાવલિકા સૂત્ર ટીકા (૧૭) રાત્રિ ભોજન પરિહાર રાસ (૧૮) સપ્તતિકા ભાષ્ય ટીકા (૧૯) અધ્યાત્મ ઉપનિષદ અનુવાદ (૨૦) અંબડ ચરિત્રમ્ (૨૧–૨૨) લીલાવતી સુમતિવિલાસ રાસ એલાચીકુમાર રાસ (૨૩) શ્રી ચંદ્ર કેવલી ભાષાંતર (૨૪–૨૫–૨૬) કાન્હડ કઠિયારાનો રાસ મદનરેખા રાસ અધ્યાત્મગીતા મોટી (૨૮) દવદન્તી ચરિત્રમ્ (૨૯) નલ વિલાસમ્ (૩૦) દાનધર્મ (૩૧) ભરટક દ્વાત્રિંશિકા (૩૨) પ્રમેય રત્ન કોષઃ (૩૩) સમ્યક્ત્વ કૌમુદી (૩૪ થી ૪૦) ચરિત્ર સપ્તકમ્ (૧. મૂલદેવનૃપ ચરિત્ર ૨. મૃગાંક ચરિત્રમ્ ૩. સુભદ્રાસતી કથા ૪. દામનક કથા ૫. વંકચૂલ કથા ૬. નર્મદા સુંદરી ૭. કથા કામકુંભ કથા) (૪૧) ભેટ શ્રી મહાનિશીથ સૂત્ર (૪૨ થી ૪૭) શ્રી નિશીથસૂત્ર શ્રી બૃહત્કલ્પસૂત્ર શ્રી પંચકલ્પ ભાષ્ય શ્રી વ્યવહારસૂત્ર શ્રી દશાશ્રુત-સ્કંધસૂત્ર શ્રી જીતકલ્પસૂત્ર (૪૮) શત્રુંજય ઉદ્ધાર આદિ રાસ (૪૯) તર્કસંગ્રહ અનુવાદ.

**સં. ૨૦૪૧** (૪૯) શાંતિસ્નાત્રાદિ વિધિ સમુચ્ચય (૫૦) સુમિત્ર ચરિત્રમ્ (૫૧) ષટ્ત્રિંશિકા સંગ્રહઃ (૫૨) અઢાર અભિષેક વિધિ (૫૩) ચતુઃશરણ પ્રકીર્ણકં સાવચૂરિકમ્ (૫૪)

ચંદ્રવીરશુભાદિ કથા ચતુષ્ટયમ્ (૫૫) ઔપપાતિકસૂત્રં સટીકમ્ (૫૬) ધનવાલ કહા (૫૭) જિનશતકઃ સાનુવાદઃ (૫૮) ચંદ્રપ્રભ-સ્વામિ ચરિતમ્ (૫૯) તંદુલ વૈચારિક પ્રકીર્ણકં સટીકં (૬૦) સ્વરોદય જ્ઞાન (૬૧) અંજના સુંદરી રાસ (૬૨) ધર્મબુદ્ધિમંત્રી રાસ (૬૩) શ્રી ઉત્તરાધ્યનસૂત્રં મૂલમ્ (૬૪) શત્રુંજય શ્લોકો.

**સં. ૨૦૪૨** (૬૫) ગુણ સ્થાનક ક્રમારોહ સટીકઃ (૬૬) ઉપદેશ તરંગિણી (૬૭) આરાધના પયન્ન સંગ્રહ સાર્થઃ (૪ પયન્ન) (૬૮) કુમારપાલ પ્રબંધઃ (૬૯) સ્થુલભદ્ર ચરિત્રમ્ (૭૦) મેઘમાલા (૬૧) ચિત્રસેન પદ્માવતી ચરિત્રમ્.

સં. **૨૦૪૩** (૭૨) હરિબલ રાસ (૭૩) પંચપરમેષ્ઠિ ધ્યાનમાલા ટબાર્થ (૭૪) વૈરાગ્ય કલ્પલતા ભા. ૧ (૭૫) સુક્ષ્માર્થ વિચાર સાર સાર્ધશતક સટીકં (૭૬) જ્ઞાતાધર્મ કથા સૂત્રં સટીકમ્ (૭૭) સંખ્યા વાચક શબ્દ કોષઃ (૭૮) મુનિપતિ ચરિત્ર ભાષાંતર (૭૯) દાનકલ્પદ્રુમઃ (૮૦) શ્રી આચારાંગસૂત્રં મૂલમ્ (૮૧) છપાય છે.

(૧) ગચ્છાચાર પ્રકીર્ણકં સટીકં (૨) નિર્યુક્તિ સંગ્રહઃ

**From –**

**(૧) પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજના**
શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા
C/o. મહેતા મગનલાલ ચત્રભુજ શાક મારકેટ
સામે નિશાળ ફળી **જામનગર** [સૌરાષ્ટ્ર].

(૨) શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજયપ્લોટ **જામનગર**

卐

॥ અર્હમ્ ॥

વાગડદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયકનકસૂરિભ્યો નમઃ

મુનિ પ્રવર શ્રી જંબૂકવિ વિરચિત

# ॥ શ્રી મુનિપતિ ચરિત્ર ॥

## ( ભાષાન્તર સાર )

**આ** જંબૂદ્વીપના ભરત ક્ષેત્રને વિષે લક્ષ્મીએ કરીને ઈંદ્રપુરીના સરખી સુશોભિત **સુવ્રતા** નામની નગરી છે. ત્યાં ન્યાયવંત, શત્રુનો નાશ કરનાર, ધર્મનો પાલક, બહોંતેર કળાનો જાણ, બત્રીસ લક્ષણથી મનોહર અને પુત્રની પેઠે પ્રજાનું પાલન કરનાર **મુનિપતિ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને શિયળે કરીને સુશોભિત, પતિવ્રતા ધર્મવાળી અને રૂપે કરીને ઈંદ્રાણી સમાન **પૃથ્વી** નામે રાણી હતી. તેમને સર્વ કળાઓનો જાણ, મહાવિનયવંત અને દયારૂપ સદ્ગુણને ધારણ કરનારો **મણિચંદ્ર** નામનો પુત્ર હતો. આ પ્રકારના ઉત્તમ પરિવારવાળો અને રાજનીતિમાં કુશળ તે મુનિપતિ રાજા સુખપૂર્વક રાજ્ય કરતો હતો.

એકદા તે રાજા પોતાના મહેલના ગોખમાં બેઠો બેઠો રાણી પાસે પોતાનું મસ્તક જોવરાવતો હતો તે વખતે રાણીએ રાજાના મસ્તકમાં એક પળી (ધોળો વાળ) આવેલો

જોઈને રાજાને કહ્યું:-" હે રાજન્! તમારા ભવનમાં દૂત આવ્યો છે." રાણીનું એવું વચન સાંભળીને રાજાએ કહ્યું:- " અરે! તે કયાં છે? મને દેખાડ કે મ્હારી આજ્ઞા વિના અહીં અંતઃપુરમાં કોણ આવ્યો છે?" રાણીએ કહ્યું:-" હે નાથ! જે દૂત આવ્યો છે તે બીજી જાતનો (કોઈથી રોકી ન શકાય તેવો સુપ્રસિદ્ધ) આવ્યો છે. વળી તે તમારા શરીરરૂપ ભવનમાં જરા (ઘડપણ) નામના પ્રસિદ્ધ રાજાએ મૂકયો છતો તમને જણાવવા માટે જ આવ્યો છે." પછી મુનિપતિ રાજા પોતાના શ્વેત વાળને જોઈને મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ- "અહો! ધિક્કાર છે મને! મ્હારા પિતા અને પિતામહ (દાદા) વિગેરે પુરૂષોએ જરાવસ્થા આવ્યા પહેલાં જ સંસારનો ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરીને પોતાનું શુભ કાર્ય કર્યું છે, અને હું તો મૂર્ખ છું; કારણ કે વૃદ્ધ થયા છતાં પણ સંસારને મૂકતો નથી; માટે હવે જો કોઇ જ્ઞાની ગુરૂ મળે તો પુત્રને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કરૂં." એવો વિચાર કરતો છતો તે રાજા રાજસભામાં આવ્યો. એવા સમયમાં અશોક-વનને વિષે શ્રી ધર્મઘોષ-સૂરિ સમવસર્યા એટલે વનપાલકે આવીને રાજાને વધામણી આપી, તે સાંભળીને પ્રસન્ન થયેલા રાજાએ તેને વસ્ત્ર, આભૂષણ, પાત્ર અને મણિ, માણેક વિગેરે આપીને સંતોષ પમાડયો.

પછી તે મુનિપતિ રાજા હસ્તિ, અશ્વ, રથ અને

પાયદલરુપ ચતુરંગિણી સેના સહિત તે ધર્મઘોષસૂરિને વંદન કરવા ગયો. ત્યાં અશોકવનમાં ગુરૂને દેખી હૃદયમાં અત્યંત હર્ષ પામતો તે રાજા પાંચ અભિગમ સાચવી, ત્રણ પ્રદક્ષિણા દઇ, નમસ્કાર કરીને યોગ્ય સ્થાનકે ધર્મ-દેશના સાંભળવા બેઠો. ગુરૂએ તેને યોગ્ય જીવ જાણીને અમૃત જેવી વાણીથી ધર્મદેશનાં દીધી કેઃ–

"જીવને ભોજન આદિ દશ દૃષ્ટાંતે કરીને મનુષ્યનો ભવ પામવો દુર્લભ છે; તેમાં પણ મનુષ્ય જન્મ ઉપરાંત ઉત્તમ ક્ષેત્ર; ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ, સારૂં રૂપ, શરીરે નિરોગીપણું, લાંબુ આયુષ્ય, સારી બુદ્ધિ અને ધર્મશ્રવણ વિગેરે બાર અંગ પામવા ઘણાજ દુર્લભ છે, તે બારમાં પણ આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ અને ઉત્તમ કુળ પામવું એ દુર્લભ છે. વળી તેમાં રૂપ, આરોગ્ય અને પૂર્ણ આયુષ્ય પામવું તે દુર્લભ છે. તેમાં પણ ચાર પ્રકારની બુદ્ધિ અને જિનેશ્વરભાષિત સૂત્રસિદ્ધાંતનું શ્રવણ અને ધર્મ ગ્રહણ કરવો એ દુર્લભ છે. વળી શુદ્ધ સદ્દહણા રાખવી અને સંયમ લઇને પાળવું એ પણ દુર્લભ છે. એમ ઉત્તરોત્તર સર્વ વસ્તુઓ દુર્લભ છે. તે માટે હે ભવ્યજીવો ! ઉપર કહેલાં બાર અંગ પામીને ધર્મને વિષે ઉદ્યમ કરો. વળી તે ધર્મ કેવો છે ? જેમ કોઈ રોગી માણસ હોય તેનો રોગ ઔષધ કરવાથી નાશ પામે છે, તેમ જીવના પણ કર્મ રૂપ રોગ ધર્મ રૂપ ઔષધ કરવાથી નાશ પામે છે. એ કારણ માટે સર્વ મંગળનું મૂળ, સર્વ દુઃખને નિવારણ

કરનાર, સર્વ સુખનું મૂળ અને ત્રાણ-શરણ એવો ધર્મ છે. વળી સુખનો દાતાર, કલ્યાણનો કરનાર તથા જન્મ જરા, મરણ, ભય, શોક અને રોગ વિગેરેનો નાશ કરનાર ધર્મ છે. તે ધર્મ **દાન, શીલ, તપ** અને **ભાવનાએ** કરીને ચાર પ્રકારનો છે. કહ્યું છે કેઃ-દાને કરીને લક્ષ્મી પ્રાપ્ત થાય છે, શીલથી સુખસંપત્તિ મળે છે, તપથી કર્મનો ક્ષય થાય છે અને ભાવના ભવ (સંસાર) નો નાશ કરે છે.

જેમ **શાલીભદ્ર** સુપાત્રદાન આપવાથી શ્રેષ્ઠ ફળ પામ્યો તેમ મનુષ્યો પણ સત્પાત્રને વિષે દાન આપવાથી લક્ષ્મી, ધન, ધાન્ય અને પુત્ર પરિવાર વિગેરેને પામે છે. તેમજ **રામચંદ્રની** સ્ત્રી **સીતાને** જેમ શિયળથી અગ્નિનો ભય નાશ પામ્યો અને અંતે બારમું સ્વર્ગ પ્રાપ્ત થયું તેમ શિયળ વ્રત ધારણ કનનારને સુખસંપત્તિ પ્રાપ્ત થાય છે. વળી જેમ **દૃઢપ્રહારીએ** ચાર હત્યા કરી હતી, પણ દીક્ષા લઈ તપસ્યા કરીને તે કર્મનો ક્ષય કર્યો, તેમ તપથી મનુષ્યના કર્મનો ક્ષાય થાય છે. વળી જેમ **ભરત ચક્રવર્તીને** આરીસાભુવનમાં પોતાનું સ્વરૂપ જોતાં જોતાં આંગળીમાંથી વીંટી પડી ગઈ, તે ઉપરથીજ અનિત્ય **ભાવના** ભાવતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું, તેમ ભાવધર્મ પણ ચતુર્ગતિરૂપ સંસારને વિષે ભમતા એવા પ્રાણિઓને સદ્ગતિ આપવામાં સમર્થ છે. વળી **પ્રસન્નચંદ્ર રાજર્ષિ** કે જમણે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ધ્યાતાં સાતમી નરક

જવા યોગ્ય કર્મ બાંધ્યાં હતાં, તે પણ શુભ ભાવના ભાવતાં અને શુકલધ્યાન ધ્યાતાં મોક્ષસુખને પામ્યા. તેમ બીજા પ્રાણીઓ પણ ભાવનાથી સંસારસમુદ્રના પારને પામે છે."

એ પ્રકારે ધર્મઘોષસૂરિના મુખથી અમૃત સમાન દેશના સાંભળીને મુનિપતિ રાજા પ્રતિબોધ પામ્યો. પછી તેણે સૂરિને નમસ્કાર કરીને કહ્યું:–"હે ભગવન્! મને ચારિત્ર આપો." ત્યારે સૂરિએ કહ્યું:–"તમને જેમ સુખ ઉપજે તેમ કરો." પછી **મુનિપતિ** ભૂપતિએ મ્હોટા ઉત્સવપૂર્વક **મણિચંદ્ર** નામના પોતાના પુત્રને રાજ્ય સોંપી, જિનમંદીરોમાં પૂજા, સ્નાત્ર, અઠ્ઠાઇમહોત્સવ કરી, યાચકજનોને ઘણું દાન આપી, દીક્ષા ગ્રહણ કરી. પછી તેઓ ગુરૂની પાસે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી સિદ્ધાંતના પારગામી થયા. તે મુનિપતિ સાધુ નગરને વિષે પાંચ રાત્રિ અને ગામને વિષે એક રાત્રિ રહેતા; તેમજ છકાયની રક્ષા કરતાં છતા અનુક્રમે ગીતાર્થ થઇ એકલાજ વિહાર કરવા લાગ્યા.

એકદા શીતઋતુમાં તે મુનિ **ઉજ્જયિની** નગરીની **ક્ષીપ્રા** નદીને તીરે કોઈ ઉદ્યાનમાં રાત્રિએ (સંધ્યાસમયે) કાર્યોત્સર્ગ ધ્યાનમાં રહ્યા. એવામાં કેટલાક ગોવાળીઆ ગાયોનું ધણ ચરાવીને આવતા હતા તેમણે શીત–પરિસહ સહન કરતા અને કાર્યોત્સર્ગધ્યાને ઊભા રહેલા તે મુનિને દીઠા તેથી તેઓ વિચાર કરવા લાગ્યા કે:–"અહો! આવી

આકરી ટાઢમાં પણ આ મુનિ ઉઘાડે શરીરે ઊભા રહ્યા છે, તો તે રાત્રિને સમયે ટાઢને શી રીતે સહન કરશે ?" એમ વિચારી એક ભદ્રક સ્વભાવવાળા ગોવાળે "આપણે આ વસ્ત્રો પહેર્યાં છે, તે શા કામમાં આવશે ?" એમ કહીને પોતાનું એક વસ્ત્ર તે સાધુના શરીરે ઓઢાડયું. પછી તેઓ પોત પોતાને ઘેર ગયા.

## ૧. તિલભટ્ટની કથા.

હવે એમ બન્યું કે, ઉજ્જયિની નગરી પાસેના ગામમાં કોઈ તિલભટ્ટ નામનો બ્રાહ્મણ વસતો હતો. તેને તલ ઘણા પ્રિય હતા તેથી તે તલનો સંગ્રહ કરતો હતો; એ કારણથી લોકો તેને તિલભટ્ટ કહેતા હતા. તે બ્રાહ્મણને દુષ્ટ આચરણવાળી ધનશ્રી નામની સ્ત્રી હતી. તે સ્ત્રી સર્વ પ્રકારના અવગુણોથી પૂર્ણ, પરપુરૂષને વિષે લંપટ અને ધૂતાદિ સાતે વ્યસનથી ભરપૂર હતી; પરંતુ તે વાત તિલભટ્ટ મૂર્ખપણાને લીધે જાણતો નહોતો. વિષયસુખમાં આસકત થયેલી ધનશ્રીએ પરપુરૂષોની સાથે ક્રીડા કરતાં સર્વ તલ વાપરી નાંખ્યા, તેથી તે વિચાર કરવા લાગી કેઃ-"પતિ તલની વાત પૂછશે તો હું શું ઉત્તર આપીશ ?" એમ ચિંતવન કરતાં તેણીને એક યુકિત સૂઝી આવી, તેથી તે અનેક પ્રકારના પક્ષીઓનાં પિંછાંવડે પોતાનું સર્વ શરીર ઢાંકી, રાતાં નેત્ર કરી, કાનને વિષે દીપક સરખા પ્રકાશિત લોલક પહેરી, એક હસ્તમાં ખપ્પર અને બીજા હસ્તમાં ડમરૂ ધારણ કરી, ખેરના અંગારાથી ભરેલી સગડી માથે લઇ ખડખડ હસતી, પગે ઘુઘરા વગાડતી,

હાથના ચૂડાને ખખડાવતી અને મુખથી જેમ તેમ બોલતી અંધારી ચૌદશની રાત્રિએ પોતાનો પતિ જે બળે હતો ત્યાં ગઇ અને ત્યાં નૃત્ય કરતી, અંગારા પાડતી અને મસ્તક ધૂણાવતી બોલવા લાગી:-“ તલ ખાઉ કે તિલભટ્ટને ખાઉં ? ” એ પ્રકારના વચન અને ચેષ્ટા જોઇ તિલભટ્ટ વિચાર કરવા લાગ્યો; એટલામાં તો ડાકણના સરખી તે સ્ત્રી તેની પાસે આવીને બોલી કે:- “ અરે ! ઝટ ઉત્તર આપ, નહિ તો હમણાં આ મ્હારા શસ્ત્રથી ત્હારૂં મસ્તક કાપી નાંખીશ.” તિલભટ્ટે થર થર ધ્રુજતાં ઉત્તર આપ્યો કે:-“ અરે દેવી ! આવું ન બોલ.” ત્યારે તેણીએ કહ્યું:-“હું જગતમાં તિલભક્ષી નામની પ્રસિદ્ધ દેવી છું; માટે જો ત્હારે જીવિતની ઇચ્છા હોય તો મને સર્વ તલ ભક્ષણ કરવાની રજા આપ કે જેથી ત્હારે શરીરે ઉપદ્રવ ન થાય. વળી ત્હારે ઘેર જઇને તલનું નામ પણ ન લેવું.”

તિલભટ્ટે તે પ્રમાણે કબૂલ કરવાથી દેવી “ત્હારી સ્ત્રી ઉપર તું કાંઇ રીસ કરીશ નહી.” એમ કહીને ચાલી ગઈ.

હવે તિલભટ્ટ પણ ભયથી કંપતો છતો ઘેર આવતાંજ અકસ્માત્ મૃત્યું પામ્યો, એટલે ઘેર આવેલા જારપુરૂષે તેને જ્યાં મુનિપતિરાજર્ષિ કાયોત્સર્ગ કરીને રહ્યા હતા ત્યાં તેમની પાસે બાળ્યો; તેથી વાયુના યોગથી ચિતાના તણખા ઉડવાને લીધે ગોવાળીઆએ ઓઢાડેલું વસ્ત્ર સળગ્યું તેથી મુનિરાજ આખે શરીરે દાઝયા. તણખા ગોવાળીઆઓ ગાયો ચરાવવા નીકળ્યા. તેઓ સાધુનું દગ્ધ થયેલું શરીર જોઇને

મનમાં પસ્તાવો કરવા લાગ્યા કેઃ–"અરે! આપણને એવી શી બુદ્ધિ ઉપજી કે આપણે મુનિરાજના શરીરે વસ્ત્ર ઓઢાડયું, જેથી તેમનું શરીર દગ્ધ થયું ! અરે ! આપણને આ મ્હોટું પાપ લાગ્યું માટે બહુ કાળ સુધી સંસારવાસમાં ભમવું પડશે."

એમ પશ્ચાત્તાપ કરતા ગોવાળોએ નગરમાં જઈ *કુંચિક શ્રેષ્ઠીને તે વાત નિવેદન કરી અને કહ્યું કેઃ–" કાલે સાંજે અમે ગાયો ચરાવીને આવતા હતા તે વખતે નગરની બહાર ઉદ્યાનમાં કોઇ મુનિરાજ ઉઘાડે શરીરે કાર્યોત્સર્ગે ઉભા હતા. ટાઢ ઘણી હતી, જેથી અમને દયા આવી, અને અમે તેમને વસ્ત્ર ઓઢાડયું; પણ રાત્રિને વિષે કોઈએ તેમની પાસે મૃતકને અગ્નિદાહ કર્યો હોવાથી વાયુના યોગથી મુનિને અગ્નિજ્વાળા લાગી એટલે મુનિરાજનું સર્વ શરીર દાઝી ગયું છે, માટે તમે કહો તે પ્રમાણે અમે ઔષધ ઉપચાર કરીએ." ગોવાળીઆનાં એવા વચન સાંભળીને કુંચિકશેઠ ત્યાં ગયો અને મુનિને પોતાના ઘેર તેડી લાવ્યો. પછી ત્યાં રહેલા બીજા સાધુઓને તે વાત કહી અને તેમની સેવા કરવાનું કારણ કહી બતાવ્યું. સાધુઓએ કહ્યું:–" અમારાથી જે કાર્ય સિદ્ધ થાય એવું હોય તે કહો."

---

* આખી નગરીના દેરાશરોની કુંચીઓ આ શેઠને ઘેર રહેતી હતી, તેથી તેનું નામ કુંચિકશેઠ પડયું હતું.

પછી કુંચિકશેઠે નગરમાં જઇ તે વાત મહેતાને કહી, તેણે સર્વ શ્રાવકોને તેને ઘેર એકઠા કર્યા. એકઠા થઇને સર્વ સાધુ પાસે આવ્યા અને માંહોમાંહે વિચાર કરવા લાગ્યા કેઃ–" મુનિરાજને ઔષધ શું કરવું ?" ત્યારે એક વૈદ્યે ઉત્તર આપ્યો કેઃ–" મુનિનું શરીર અગ્નિથી દગ્ધ થયું છે, માટે લક્ષપાક તેલ લાવીને વિલેપન કરો, જેથી તેમને સુખ થશે." વૈદ્યનાં એવાં વચન સાંભળીને શ્રાવકોએ પૂછ્યુંઃ–"લક્ષાપાક તેલ કયાં મળશે ?" ત્યારે કોઈએ ઉત્તર આપ્યો કે–"**અચ્ચંકારીભટ્ટાને** ઘેર તે તેલ છેમાટે ત્યાંથી મળશે." તે ઉપરથી શ્રાવકોએ બીજા બે સાધુને ત્યાં તેલ લેવા મોકલ્યા. મુનિને આવતા જોઇ **અચ્ચંકારીભટ્ટા** આસનથી ઉભી થઇને તેમને વંદના કરી પૂછવા લાગીઃ– "હે સ્વામી ! આજે મ્હારે ઘેર પધારી મને પવિત્ર કરી. મને શી આજ્ઞા છે ?" એટલે સાધુઓએ સર્વ વાત કહી, તે ઉપરથી અચ્ચંકારીભટ્ટા ઘણો હર્ષ પામી અને પોતાની દાસીને સાધુને વહોરાવવા અર્થે લક્ષાપાક તેલ લાવવાનું કહ્યું.

હવે એવું બન્યું કે, એ જ સમયે સૌધર્મ ઇંદ્રે અવધિજ્ઞાનથી જાણીને પોતાની સભામાં અચ્ચંકારીભટ્ટાની ક્ષમાની પ્રશંસા કરી અને કહ્યું કેઃ–" આજના સમયે ઉજ્જયિની નગરીમાં રહેનારી અચ્ચંકારીભટ્ટા સમાન બીજું કોઈ ક્ષમાવંત નથી." ઇંદ્રે કહેલી તે વાતની અશ્રદ્ધાથી કોઇ એક દેવ અચ્ચંકારીભટ્ટાને ઘેર આવ્યો અને મુનિને વહોરાવવા લઇ જતી દાસીના હાંથમાંથી લક્ષપાક

તેલના ત્રણ કુંભ તેણે અદ્રશ્યપણે રહી પાડીને ભાંગી નાંખ્યા. તે ઉપરથી ક્ષમામાં તત્પર એવી અચ્ચંકારીભટ્ટા પોતે ઉઠીને બાકી રહેલો એક કુંભ લઇને સાધુને વહોરાવવા આવી. તેના સમ્યક્ત્વ અને શિયળના પ્રભાવથી દેવતા તે કુંભ ભાંગી શકયો નહીં. પછી તેણે સાધુને તેલ વહોરાવ્યું. આથી આશ્ચર્ય પામેલા સાધુએ કહ્યુંઃ–

"મહાનુભાવ! અમારા સારૂ તેલ લાવતાં દાસીના હાથમાંથી ત્રણ કુંભો પડીને ભાંગી ગયા છે, માટે તેના ઉપર ક્રોધ કરશો નહીં." એટલે અચ્ચંકારીભટ્ટાએ કહ્યુંઃ– "ભગવન્! મેં ક્રોધનું ફળ આ જ ભવને વિષે પ્રત્યક્ષ અનુભવ્યું છે, માટે હવે હુ કોઈ ઉપર ક્રોધ કરતી નથી." સાધુઓએ પૂછયું:–"તમે ક્રોધના ફળનો અનુભવ કેવી રીતે કર્યો છે? તે કહો." ત્યારે અચ્ચંકારીભટ્ટાએ કહ્યુંઃ–

## ૨. અચ્ચંકારીભટ્ટાની કથા

"આ **ઉજજયિની** નગરીમાં **ધન** નામનો શ્રેષ્ઠી વસતો હતો. તેને શીલગુણવડે સુશોભિત **કમળશ્રી** નામની સ્ત્રી હતી. તેને સાત પુત્રો ઉપર સર્વ બંધુવર્ગને ઘણીજ વહાલી એવી "**ભટ્ટા**" નામની હું આઠમી પુત્રી થઇ. તેથી પિતાએ ઘરનાં સર્વે માણસોને કહ્યું કે:–"કોઇએ આ અચ્ચંકારીને ટુંકારો દેવો નહીં" તેથી મ્હારૂં નામ અચ્ચંકારી પડયું. પછી હું પાંચ વર્ષની થઇ એટલે માતાપિતાએ મને અધ્યાપક પાસે ભણવા મોકલી. અનુ-

ક્રમે હું સર્વ કળાઓનો અભ્યાસ કરતાં કરતાં યૌવનાવસ્થામાં આવી પહોંચી, ત્યારે મ્હારા પિતાએ કહ્યું:-" જે પુરૂષ આના વચન પ્રમાણે વર્તશે અને ક્યારેય પણ તેને તુંકારો નહીં કરે તેને હું આ મ્હારી પુત્રી પરણાવીશ." તેથી ઘણા પુરૂષો આવ્યા, પરંતુ તે વાત કોઇએ કબૂલ કરી નહીં. એવામાં આ નગરીના સુબુદ્ધિ નામના પ્રધાને "હું ક્યારે પણ તેને તુંકારો નહીં કરૂં." એમ કબુલ કરવાથી પિતાએ મને તેની સાથે મ્હોટા ઉત્સવપૂર્વક પરણાવી. પ્રધાન પરણીને ઘેર આવ્યા પછી હું તેની સાથે દેવતાના સરખું સુખ અનુભવવા લાગી.

પ્રધાન મ્હારો આજ્ઞાકારી હતો તેથી મેં તેને કહ્યું કે "તમારે હંમેશાં બે ઘડી દિવસ હોય ત્યારે ઘેર આવવું." તે ઉપરથી પ્રધાન નિત્ય વહેલો ઘેર આવવા લાગ્યો. એમ કેટલાક દિવસો વીત્યા પછી તે વાતની રાજાને ખબર પડી, એટલે તેણે પ્રધાનને પૂછ્યું:-" તુ હંમેશાં વહેલો ઘેર કેમ જાય છે?" પ્રધાને ઉત્તર આપ્યો:-" પ્રિયાની આજ્ઞાથી." આ પ્રકારના પ્રધાનનાં વચન સાંભળીને ક્રોધયુક્ત થયેલ રાજાએ તે દિવસે તેને અર્ધરાત્રિ વિત્યા પછી ઘેર જવાની આજ્ઞા આપી. પ્રધાન ઘેર આવ્યો તે વખતે હું ઘરના બારણાં-બંધ કરીને અંદર સૂતી હતી, તેથી તેણે મને કહ્યું:-" ચંદ્રવદને! બારણાં ઉઘાડ." હું જાગતી હતી તો પણ બોલી નહીં. તેણે ફરીથી કહ્યું:- "પ્રિયે હું ત્હારો અનુચર દ્વારસમીપે ઊભો રહ્યો

છું, માટે દ્વાર ઉઘાડ." એ પ્રમાણે તેણે બહુ બહુ પ્રકારે વિનંતિ કરી, પણ મેં દ્વાર ઉઘાડયું નહીં; તેથી મંત્રી બોલ્યો:-"અરે! તને આવી ક્રોધવાળી જાણતો હતો છતાં મેં કેમ અંગીકાર કરી?" આવું તેનું વચન સાંભળીને મેં તત્કાળ દ્વાર ઉઘાડયું અને ક્રોધથી પિતાના ઘર તરફ ચાલી. માર્ગમાં ચોરોએ મને પકડી અને મ્હારા સર્વ આભૂષણો ઉતારી લીધાં વળી તેઓએ મને એક પલ્લીપતિને ત્યાં વેચી, તેથી તે પલ્લીપતિએ મ્હારા પ્રત્યે કામભાવનું ચિંતવન કર્યું, પરંતુ મેં તેનું વચન માન્યું નહીં; તેથી તેણે પોતાની માતા પાસે કહેવરાવ્યું, તો પણ હું તિલમાત્ર ચળાયમાન થઇ નહીં. ત્યારે તેણે મને ક્રોધથી લાત, પાટુ, ગડદાવડે ઘણી મારી; તેથી તેની માતાએ તેને કહ્યું-"હે વત્સ! સતી સાથે બળાત્કાર કરવો નહીં, કારણ કે સતીઓ પોતાના નિર્મળ એવા શિયળવ્રતના પ્રભાવથી દુષ્ટ નરને દૃષ્ટિમાત્રથીજ દહન કરી શકે છે. તે વિષે દૃષ્ટાંત સાંભળ:-

## ૩. શીલવતીની કથા

એક વનમાં તાપસોનો આશ્રમ હતો. ત્યાં કોઇ એક પરિવ્રાજક વસતો હતો. તેને અજ્ઞાનકષ્ટવડે તપ કરવાથી તેજોલેશ્યા સિદ્ધ થઈ હતી. એકદા એવું બન્યું કે વૃક્ષની ઉપર બેઠેલી બગલીએ નીચે બેઠેલા તેના ઉપર ચરક કરી; તેથી તે પરિવ્રાજકે તેને ક્રોધથી બાળી નાંખી અને વિચારવા લાગ્યો કે:-"આ પ્રકારે જે કોઇ મ્હારી અવજ્ઞા

કરશે તેને હું બાળી નાંખીશ.” આવું ચિંતવન કરીને તેણે **પાટલીપુત્ર** નગરમાં પ્રવેશ કર્યો. તે નગરમાં **શ્રીપાલ** નામનો શ્રાવક વસતો હતો. તેને શિયળગુણે કરીને સુશોભિત **શીળવતી** નામની સ્ત્રી હતી, તેને ઘેર પરિવ્રાજક ભિક્ષાર્થે ગયો. ત્યાં શ્રાવિકા ગૃહકાર્યમાં રોકાયેલી હોવાથી શીઘ્રપણે ભિક્ષા લાવી શકી નહીં, તેથી પરિવ્રાજકે ક્રોધ કરીને તેની ઉપર તેજોલેશ્યા મૂકી; પરંતુ શ્રાવિકા શિયળવતી હોવાથી બળી નહીં અને બોલી:–“ તપસ્વી ! મને તે બગલીના સરખી ન જાણો. ” શ્રાવિકાનાં એવાં વચન સાંભળીને આશ્ચર્ય પામેલો તે પરિવ્રાજક મનમાં વિચાર કરવા લાગ્યો કે:–“ આ વાતતો વનમાં બની છે, છતાં શ્રાવિકાએ અહિં બેઠાં કેમ જાણી ? ” એમ વિચાર કરીને તેણે શ્રાવિકાને પૂછયું:–“ બગલીનું સ્વરૂપ તે કેવી રીતે જાણ્યું ? ” ત્યારે શ્રાવિકા બોલી:–“ **વાણારસી** નગરીનો **નાગસમણ કુંભાર** તમને તે વાત કહેશે. ” પછી પરિવ્રાજક વાણારસી નગરીએ ગયો ત્યાં કુંભારને કારણ પૂછયું એટલે તેણે કહ્યું:– ‘શિયળવ્રતના પ્રભાવથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું છે અને મને પણ તે જ્ઞાન પ્રાપ્ત થયું છે; તેથી અમે બગલીનું સ્વરૂપ જાણ્યું છે.’ આ પ્રકારે શિયળનો મહિમા અલૌકિક જાણીને તાપસ પોતાને સ્થાનકે ગયો. ”

આ દૃષ્ટાંત સાંભળવાથી પલ્લીપતિને અસર થઈ, તેથી તેણે મને કોઈ સાર્થવાહને વેચાતી આપી દીધી. સાર્થવાહે

પણ મને સ્ત્રીપણે રહેવાની વિનંતિ કરી પરંતુ તેની વાત મેં કબુલ કરી નહીં; પછી તેણે અતિશય ક્રોધયુક્ત વચનો કહીને કર્મ બાંધ્યાં, પણ જે શિયળવ્રતને ધારણ કરનારી હોય તે કોઇને મર્મ વચન કહે નહીં તેથી હું કાંઈ બોલી નહીં. પછી તે સાર્થપતિએ મને બાર્બરકુળમાં વેચી, એટલે તે બર્બર લોકો મ્હારા દેહનું રુધિર કાઢીને તેથી વસ્ત્ર રંગવા લાગ્યો, જેથી મ્હારા શરીરમાં ફક્ત અસ્થિ (હાડકાં)-અને ચામડી એ બે જ બાકી રહ્યાં. હું ઘણી દુર્બળ થઇ ગઇ, પરંતુ કર્મના યોગથી મૃત્યુ પામી નહીં. આ પ્રકારની દશાનો અનુભવ કરતી હતી એવામાં મ્હારો એક ભાઇ મને શોધતો શોધતો ત્યાં આવી પહોચ્યો. તેણે પ્રથમ તો મને ઓળખી નહીં, તેથી તે શંકાથી મને પૂછવા લાગ્યો કે, "તું કોણ છે?" એટલે મેં તેને વીતેલી સર્વ વાત કહી અને પછી રુદન કરવા લાગી. એટલે તે બર્બરોને દ્રવ્ય આપી મને છોડાવીને પોતાને ઘેર તેડી ગયો. ત્યાં અનેક પ્રકારના ઔષધોપચાર કરવાથી મ્હારૂં શરીર ફરી સ્વસ્થ થયું. હમણાં ક્રોધ તજી દઈ મ્હારા પતિ સાથે ભોગ ભોગવતી હું સુખેથી રહું છુ, માટે હે મુનિ! ઉપર કહ્યા પ્રમાણે ક્રોધનું ફળ આ ભવમાંજ મળવાથી મેં ક્રોધ ત્યજી દીધો છે.

અચ્ચંકારીએ આ પ્રમાણે પોતાની વાત તેલ વહોરવા આવેલા સાધુને કહી બતાવી તે દેવતાએ પણ સાંભળી; તેથી તે પ્રગટ થઇને અચ્ચંકારી પ્રત્યે બોલ્યો:-

" મહાનુભાવ ! દેવતાની સભામાં ઈંદ્ર કરેલ ત્હારી પ્રશંસા સહન ન થવાથી હું પરીક્ષા કરવા માટે અહીં આવ્યો હતો. મ્હારા ઉપર ક્ષમા કરજે. ઈંદ્રે પ્રકાશિત કરેલી ત્હારી પ્રશંસા સત્ય છે; કારણ કે ત્હારા શરીરની અંદર ક્રોધ જરા પણ નથી. એ પ્રમાણે કહીં અને ભાંગેલા કુંભો સાજા કરી આપી તે દેવ પાછો સ્વર્ગ પ્રત્યે ચાલ્યો ગયો.

દેવતાનાં વચન સાંભળી મુનિ ઘણો હર્ષ પામ્યા. પછી લક્ષાપાક તેલ ગ્રહણ કરીને તે કુંચિક શેઠી પાસે આવ્યા. કુંચિક શ્રેષ્ઠીએ તે તેલવડે ઉપચાર કરી સાધુને સ્વસ્થ કર્યા. સાધુ રોગ રહિત થયા એટલે તેમણે શેઠને કહ્યું કે:–" હે શેઠ ! હવે અમે વિહાર કરીશું, કારણ કે સાધુને પ્રસંગ વિના એક ઠેકાણે રહેવું કલ્પે નહીં. કહ્યું છે કે:– સ્ત્રી પિયરમાં, પુરૂષ સાસરે અને સાધુઓ એક સ્થાનકે સ્થિર થઇને નિવાસ કરે તો તે અળખામણાં થાય છે. એ કારણથી સાધુને એક સ્થાનકે ઘણો કાળ રહેવું ઘટે નહીં. વળી એક સ્થાનકે રહી સરસ અહાર કરવાથી સાધુઓની ઈંદ્રિયો વશ રહી શકતી નથી, તેથી અમે વિહાર કરશું. " સાધુનાં આવાં વચન સાંભળી કુંચિક-શ્રેષ્ઠીએ ઘણા આગ્રહથી તેમને ત્યાંજ રાખ્યા; તેથી સાધુ ચોમાસાના ચારમાસ ત્યાં રહ્યા.

હવે કુંચિકશ્રેષ્ઠીએ પુત્રની બીકથી સાધુ જે ઠેકાણે રહેતા હતા તે સ્થાનકે પોતાનું દ્રવ્ય સંતાડયું, પરંતુ

પુત્રે તે ગુપ્ત રીતે જોઇ લીધું. તેથી તેણે તે દ્રવ્ય કાઢી લીધું. વર્ષાકાળ પૂર્ણ થયા પછી શ્રેષ્ઠીએ સંતાડેલું દ્રવ્ય તપાસ્યું, પણ હાથ આવ્યું નહીં; તેથી તે વિચાર કરવા લાગ્યો કે, "મેં જે વખતે દ્રવ્ય સંતાડયું હતું તે વખતે એકલા આ સાધુ હતા, બીજું કોઈ નહોતું; તેથી નિશ્ચે તે દ્રવ્ય સાધુ લઈ ગયા જણાય છે." એમ ચિંતવીને તેણે સાધુને કહ્યું:–"હે મુનિ ! તમે સેચનકહસ્તિ જેવા કૃતઘ્ન દેખાઓ છો." સાધુએ કહ્યું:–"હે શ્રેષ્ઠીન્ ! સેચનક હસ્તિ કોણ હતો અને તેણે શું કર્યું હતું ? તે કહો." એટલે શ્રેષ્ઠીએ કહ્યું:–

## ૪. સેચનક હાથીની કથા

"ગંગા નદીના કાંઠે હસ્તિનું એક યૂથ વસતું. એકદા તે યૂથના પતિ ગજરાજ ભોગની સ્પૃહાથી, ઉત્પન્ન થતાં હાથણીનાં બચ્ચાઓને મારી નાંખવા લાગ્યો. તે એવો વિચાર કરીને કે "રખેને કોઈ મ્હારા સરખો બીજો હસ્તિ થઈ મને મારીને ગજરાજ પદવી ધારણ કરે." આવા વિચારથી તે જેટલાં પુત્રરૂપ બાળક ઉત્પન્ન થાય તેટલાને મારી નાંખતો અને જેટલી હાથણી થાય તેટલીને જીવતી રાખતો. એવામાં એક હાથણી ગર્ભવંતી થઇ, તેથી તે વિચાર કરવા લાગી કે–"ગજરાજ મ્હારા પુત્રને પણ મારી નાંખશે માટે કાંઈ ઉપાય કરૂં." એવું ચિંતવન કરીને તે પગે ખોડંગતી ચાલવા લાગી. યૂથની સાથે

ચાલતાં તે પાછળ રહી જાય અને રાત્રિએ ભેગી થાય. કોઇ કોઇ દિવસ તો બીજે દિવસે ભેગી થાય અને ત્રીજે દિવસે પણ ભેગી થાય. એમ વિશ્વાસ પમાડીને તેણે પુત્રના જન્મસમયે એક તાપસના આશ્રમમાં જઈને ત્યાં બચ્ચાને જન્મ આપ્યો અને પોતે પાછી હસ્તિના યૂથમાં ચાલી ગઈ. તપસ્વીઓએ તે બચ્ચાનું પાલન કર્યું. ગજરાજનો પુત્ર આશ્રમના વૃક્ષોને જળ સિંચન કરતો હતો તેથી તેનું નામ સેચનક પાડ્યું.

એકદા તે સેચનક પાણી પીવા માટે ગંગાનદીને કાંઠે ગયો, એવામાં તેનો પિતા પણ પરિવાર સહિત પાણી પીવા આવ્યો ત્યાં તે પિતાપુત્રને માંહોમાંહે મ્હોટું યુદ્ધ થયું, તેમાં તે સેચનકે પિતાને માર્યો અને પોતે યૂથપતિ થયો. પછી તે સેચનક પોતે વિચાર કરવા લાગ્યો કેઃ—"જેમ મ્હારી માતાએ ગુપ્ત રીતે મને જન્મ આપ્યો અને તપસ્વીઓએ પાળીપોષીને મ્હોટો કર્યો, તેમ તેઓ જો બીજા હસ્તિને પણ ઉછેરે તો તેનાથી મ્હારૂં મૃત્યુ થાય." એમ વિચારી તે સેચનકે તપસ્વીઓના સર્વે આશ્રમ ભાંગી નાંખ્યા, માટે હે મુનિ! જેવી રીતે તે ગજ ઉપકાર કરનારા તપસ્વીઓના સર્વે આશ્રમને ભાંગી નાંખીને કૃતઘ્ન થયો, તેવી રીતે તમે પણ મ્હારૂં દ્રવ્ય હરણ કરીને કૃતઘ્નીપણું કર્યું છે." એવાં તે કુંચિકશ્રેષ્ઠીના વચન સાંભળીને તે મુનિપતિ સાધુએ કહ્યુંઃ—"હે શ્રેષ્ઠી! તમને આવું બોલવું ઘટતું નથી, કારણ કે સાધુઓ તો

હંમેશાં વાંછા રહિત હોય છે. તે ઉપર સુસ્થિત (સુહસ્તિ) સૂરિના ચાર શિષ્યોની કથા કહું છું તે સાંભળોઃ–

## ૫. સુસ્થિત સૂરિના ચાર શિષ્યોની કથા.

મગદ્દેધશને વિષે રાજગૃહી નામની નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. તેને **નંદા** અને **ચિલ્લણા** નામે બે પટ્ટરાણીઓ હતી. તેમાં નંદાનો પુત્ર **અભયકુમાર** રાજાના પાંચશેં પ્રધાનોમાં મુખ્ય પ્રધાન હતો. શ્રેણિક રાજા પ્રજાને પુત્રની પેઠે પાલન કરતો છતો સુખે સુખે રાજ્ય ભોગવતો હતો.

એકદા તે નગરીના ગુણશીલ ઉદ્યાનમાં ચોવીશમા તીર્થંકર શ્રી **મહાવીરસ્વામી** સમવસર્યા. ચોસઠ ઈંદ્ર પ્રમુખ ચાર પ્રકારના દેવોએ ત્યાં સમવસરણની રચના કરી. મનુષ્ય, તિર્યંચ, દેવતા પ્રમુખ બાર પર્ષદા ધર્મોપદેશ સાંભળવા બેઠી. તે વખતે વનપાળકે શ્રેણિક રાજાને મહાવીર પ્રભુના આગમનની વધામણી આપી, તેથી પ્રસન્ન થયેલા શ્રેણિકરાજાએ તેને વસ્ત્ર, અલંકાર વિગેરે ઘણી ભેટ આપી. પછી શ્રેણિક રાજા ચતુરંગિણી સેના વિગેરે પરિવાર લઇ પ્રભુને વંદન કરવા ગયા, ત્યાં તે પ્રભુને દેખી પાંચ અભિગમ સાચવી, ત્રણ પ્રદક્ષિણા દઇ, નમસ્કાર કરી, યોગ્ય સ્થાનકે ધર્મોપ્રદેશ શ્રવણ કરવા બેઠા.

તે વખતે ભગવાને ભવ્યજીવોને પ્રતિબોધવાને માટે અમૃતરસના સરખી દેશના દેવા માંડી. એવામાં કોઈએક

કોઢીઓ આવીને પ્રભુની સમીપમાં બેસી પ્રભુના ચરણુ ઉપર પોતાના દેહનું પરુ ચોપડવા લાગ્યો, તેથી શ્રેણિક રાજા ઘણા ક્રોધાતુર થયા. એવામાં પ્રભુને છીંક આવી એટલે તે કોઢીઓ બોલ્યો:–“ મર.” પછી અભય કુમારને છીંક આવી. એટલે બોલ્યો:–“ જીવ અથવા મર.” અને કાલકસૌરિકને છીંક આવી એટલે બોલ્યો:–“ મા જીવ, મા મર.” છેવટે શ્રેણિક રાજાને છીંક આવી એટલે “ ચિરંજીવ.” એમ બોલ્યો. આ પ્રમાણે તે કોઢીઆના વચન સાંભળીને રાજાને ક્રોધ ચડયો, તેથી તેણે પોતાના ચાકરોને આજ્ઞા કરી કે–એને ગાઢ બંધનથી બાંધો. એવામાં તો તે કોઢીઓ તત્કાળ આકાશમાર્ગે ચાલ્યો ગયો.

પછી શ્રેણિક રાજાએ બન્ને હાથ જોડીને પ્રભુને પૂછયું:– “હે ભગવન્! તે કોઢીઓ કોણ હતો કે જેણે પોતાના પરૂથી તમારી આશાતના કરી?” ત્યારે ભગવાને કહ્યું:– “એ કોઢીઓ નહોતો પણ દેવ હતો અને તે બાવના ચંદનથી મારી પૂજા કરતો હતો તેની કથા કહું તે સાંભળો:–

## ૬ સેડુક યા દર્દુરાંગ દેવની કથા.

લક્ષ્મીવડે ઇંદ્રપુરીના સરખી અત્યંત શોભાયમાન કૌસંબી નામની નગરીને વિષે શતાનીક રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં જન્મથી જ દરિદ્રિ અને મૂર્ખ એવો **સેડુક** નામનો બ્રાહ્મણ વસતો હતો. એકદા તેની **સુશર્મા** નામની ગર્ભવંતી સ્ત્રીએ પ્રસૂતિ સમયને માટે તેને ઘી,

ગોળ લાવવાનું કહ્યું એટલે તેણે ઉત્તર આપ્યો કે-મને કાંઇ પણ જ્ઞાન નથી, તેથી હું શી રીતે લાવી આપું? ત્યારે સ્ત્રીએ કહ્યું-" તું હમેશાં રાજા પાસે જઇને તેનું પુષ્પથી પૂજન કર, એટલે તે તને આજીવિકા બાંધી આપશે." સ્ત્રીનાં એ પ્રકારનાં વચન સાંભળીને સેડુક તે પ્રમાણે કરવા લાગ્યો.

એવામાં દધિવાહન રાજાએ ચંપાનગરી ઉપર ઘેરો ઘાલ્યો, પરંતુ વર્ષાઋતુ બેસવાથી મેઘને લીધે તે બળરહિત થઈ ગયો; તેથી પોતાની નગરી તરફ પાછો વળ્યો. આ વાતની સેડુકને ખબર પડવાથી તેણે રાજા (શતાનીક) ને તે વાત નિવેદન કરી, એટલે તેણે દધિવાહનની પાછળ જઇને તેનું સર્વસ્વ હરી લીધું. પછી શતાનીક રાજાએ પ્રસન્ન થઇને સેડુકને કહ્યું:-' હે વિપ્ર ! હું તારા કાર્યથી પ્રસન્ન થયો છું, માટે માગ ! તને જે જોઇએ તે આપું.' રાજાનાં આવાં વચન સાંભળીને સેડુકે કહ્યું:-' મહારાજ! હું મારી સ્ત્રીને પૂછીને પછી માગીશ.' પછી બ્રાહ્મણે ઘેર આવીને રાજાએ કહેલી વાત સ્ત્રીને પૂછી, એટલે તે સ્ત્રી મનમાં વિચાર કરવા લાગી કે—જો દ્રવ્ય તથા ગામ માગશે તો મને તજી દઇને બીજી સ્ત્રી લાવશે; માટે બીજું કાંઇ મંગાવું. એમ ચિંતવન કરીને તેણીએ પતિને કહ્યું:-" તમે હંમેશાં એક ઘેર ભોજન અને એક સોના-મહોર દક્ષિણા મળે એવું માગજો." પછી સેડુકે રાજા પાસે જઈને સ્ત્રીના કહ્યા પ્રમાણે માગ્યું કે-" હે રાજા!

મને પ્રતિદિન એક ઘેર ભોજન અને એક દિનાર દક્ષિણા મળે એવો પ્રબંધ કરો." રાજાએ તેને તે પ્રમાણે આજીવિકા બાંધી આપી તેથી તે લક્ષ્મીવંત થયો. સેડુક દ્વિજ દિનાર તથા ભોજનના લોભથી પ્રથમ જમેલ ભોજનનું વમન કરી વારંવાર નવીન ભોજન કરવા લાગ્યો, તેથી તે કોઢીઓ થયો; એટલે રાજાએ તેને પોતાની સભામાં આવવાની ના કહી અને તેની આજીવિકાનો અધિકાર તેના પુત્રને આપ્યો, તેથી તે પોતાના કુટુંબનો અવજ્ઞાપાત્ર થયો. પુત્રે સેડુકને એક બાજુએ ઘાસની ઝુંપડી બનાવી તે ઝુંપડીમાં રાખ્યો, તેથી તે ઘણો દુઃખી થવાથી વિચાર કરવા લાગ્યો કેઃ–" આ કુટુંબને મેં વૃદ્ધિ પમાડયું છે, તેજ મારી નિંદા કરે છે અને મારી ખબર પણ લેતા નથી; તેથી હું તેમને મારી જેવા વ્યાધિવાળા કરું." એમ ચિંતવન કરીને તેણે દુષ્ટ આશયથી પોતાના પુત્રોને કહ્યું–'હે પુત્રો! આપણા કુળમાં એવો રિવાજ છે કે જાત્રાએ જવાની ઈચ્છા કરનારા માણસે એક છાગ (બોકડા) નું પોષણ કરીને પછી તેના માંસનું સહકુટુંબ ભોજન કરવું. હવે મારે જાત્રાએ જવું છે, માટે તમે મને એક છાગ લાવી આપો.' પુત્રો તેના રહસ્યના અજાણ હોવાથી તેમણે એક છાગ લાવી આપ્યો. પછી સેડુકે છ માસપર્યંત પોતાના વમન કરેલા આહારથી તેનું પોષણ કર્યું; તેથી તે છાગ પણ કોઢીઓ થયો. પછી તેને મારીને તેના કોઢમય માંસનું પોતાના સર્વ કુટુંબને ભક્ષણ કરાવ્યું. તેથી

તેનું સર્વ કુટુંબ પણ કોઢિયું થયું. આથી સેડુકનો બહુ તિરસ્કાર થવા લાગ્યો, એટલે તે ઘર છોડીને દેશાંતર ચાલ્યો ગયો. અનુક્રમે મહાઅરણ્યમાં ભમતાં તૃષા લાગવાથી તેણે ઘણાં વૃક્ષના રસવાળું પાણી પીધું, તેથી તે રોગ રહિત થઈ ગયો. પછી ઘેર આવીને પોતાના કુટુંબનો તિરસ્કાર કરીને કહેવા લાગ્યો કેઃ–" તમે મ્હારી અવજ્ઞા કરતા હતા, તેનું ફળ તમને પ્રાપ્ત થયું છે." આથી લોકો તેની વધારે નિંદા કરવા લાગ્યા; એટલે પોતે રાજગૃહ નગર તરફ ચાલી નીકળ્યો અને ત્યાં દરવાજા પાસે ઊભો રહ્યો.

હવે એવું બન્યું કે તે વખતે અમે ત્યાં આવેલ હોવાથી દ્વારપાળ–દરવાજાનું રક્ષણ કરવા માટે સેડુકને બેસારી " આ દુર્ગાદેવીનું નૈવેદ્ય આવે છે તે તું ગ્રહણ કરજે " એમ કહીને અમને વંદન કરવા સારૂ આવ્યો. પાછળ સેડુકે દ્વારદેવતા પાસે ધરેલું લાપસી, ખીર, વડાં પ્રમુખ નૈવેદ્ય ખાધું તેથી તે તૃષાતુર થયો; પરંતુ ઘણા વખત સુધી પાણી નહિ મળવાથી આર્ત્તધ્યાનવડે મૃત્યુ પામીને વાવને વિષે દેડકો થયો. કાળાંતરે અમે ફરીથી અહિં આવ્યા, તે વખતે વાવમાંથી પાણી ભરી જનારી સ્ત્રીઓના મુખથી અમારૂં આગમન સાંભળીને તે દેડકાને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું, તેથી તે અમને વંદન કરવા સારૂ વાવમાંથી બહાર નીકળીને આવતો હતો. પણ રસ્તામાં તમારા અશ્વની ખરી તળે ચંપાઇ ગયો. ત્યાં શુભધ્યાનથી મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકને વિષે દર્દુર નામનો દેવતા

થયો. એકદા ઈંદ્ર દેવતાઓની સભામાં કહેવા લાગ્યા કેઃ– "હાલમાં પૃથ્વીને વિષે શ્રેણિકરાજા સમાન બીજો કોઈ નિશ્ચળ સમકિતવંત પુરૂષ નથી." એવાં ઈંદ્રના વચન સાંભળીને તે દેવતા તને પોતાનું કોઢિયું શરીર દેખાડતો છતો બાવનાચંદનથી મ્હારી પૂજા કરતો હતો.

પછી શ્રેણિકે કહ્યુંઃ–"ભગવન્! છીંકનો સંબંધ કહો." એટલે પ્રભુએ કહ્યુંઃ–"હે રાજન્! મને આ લોકમાં કર્મજન્ય દુઃખ છે અને પરલોકમાં મોક્ષજન્ય સુખ છે; માટે દેવતાએ મને "મર" એમ કહ્યું હતું. અભય-કુમાર આ લોકને વિષે પરહિત કરનારો છે અને પરલોકને વિષે સર્વાર્થસિદ્ધ દેવલોકે જનાર છે; માટે દેવતાએ તેને "જીવ અથવા મર." એમ કહ્યું હતું. કાલકસૌરિક આ લોકને વિષે ૫૦૦ પાડાનો વધ કરે છે અને પરલોકને વિષે સાતમી નરકમાં જનાર છે માટે દેવતાએ તેને "મા જીવ, મા મર." કહ્યું હતું અને તમે આ લોકને વિષે ધર્મમાં આસક્ત છો, પરંતુ પરલોકને વિષે નરકગતિમાં જનાર છો, માટે દેવતાએ તમને "ચિરંજીવ" એમ કહ્યું હતું."

આ પ્રકારનાં પ્રભુનાં વચન સાંભળીને શ્રેણિકરાજાએ પ્રભુને કહ્યુંઃ–"હે ભગવન્! મારે માથે તમારા સરખા ધણી છતાં મારી નરકગતિ શી રીતે હોય? પ્રભો! નરક-ગતિથી મ્હારૂં રક્ષણ કરો. રક્ષણ કરો."

રાજાનાં એવાં વચન સાંભળીને ભગવાને તેને શાંત કરવાને માટે ઉત્તર આપ્યો કેઃ–"હે રાજન્! જો તમારી દાસી કપિલા સુપાત્રને વિષે દાન આપે અને કાલકસૌરિક એક દિવસ ૫૦૦ પાડાને ન મારે તો ત્હારી નરકગતિ નિવૃત્ત પામે."

પછી શ્રેણિકે ઘરે આવી કપીલાદાસીને સુપાત્રને દાન આપવાની આજ્ઞા કરી, એટલે તેણીએ ઉત્તર આપ્યોઃ– "જો તમે મારા દેહના કકડે કકડા કરી નાંખશો તો પણ હું સુપાત્રને દાન આપીશ નહીં." પછી કાલકસૌરિકને બોલાવીને તેને પાડાનો વધ કરવાની ના પાડી, પરંતુ તે પણ એ કર્મથી નિવૃત્ત થયો નહીં; એટલે શ્રેણિકરાજાએ ફરીથી પ્રભુ પાસે આવીને કહ્યુંઃ–' ભગવન્! તેઓ બન્ને જણા મ્હારે માટે પોતપોતાનું કર્મ છોડતા નથી." પ્રભુએ કહ્યુંઃ–"હે રાજન્! તમે નરકગતિમાં જવાને માટે નિકાચિત આયુષ્ય બાંધેલું છે, તેથી તમે રત્નાપ્રભાના પહેલા પાથડામાં નારકી થશો અને ત્યાંથી ચ્યવીને ઉત્સર્પિણી કાળમાં પદ્મનાભ નામે મારા સરખા પ્રથમ જિનેશ્વર થશો, માટે ખેદ ન કરો." શ્રેણિકરાજા આ પ્રકારનાં શ્રી જિનેશ્વરપ્રભુનાં વચન સાંભળીને ઘણો હર્ષ પામ્યા. પછી પ્રભુને વંદન કરીને નગર તરફ ચાલ્યા.

રસ્તામાં કોઇ દેવ તેને ચળાવવા માટે સાધુનું રુપ ધારણ કરી મત્સ્ય ગ્રહણ કરતો હતો, તે જોઈને શ્રેણિકરાજાએ સાધુને પૂછયુંઃ–" હે સાધુ! તમે આ શું કરો

છો ?" સાધુએ ઉત્તર આપ્યોઃ–" હે મહાનુભાવ! આ મત્સ્ય વેચીને તેની મ્હારે એક કામળ લેવી છે." રાજાએ સાધુને મત્સ્ય ગ્રહણુ કરતાં નિવૃત કરી તેને એક કામળ અપાવીને પોતે આગળ ચાલ્યો; તેવામાં તેણે ચૌટા વચ્ચે એક ગર્ભવતી સાધ્વીને જોઈ 'આથી જિનશાસનની નિંદા થશે.' એમ વિચાર કરી સાધ્વીને પોતાને ત્યાં ગુપ્તપણે રાખી. સાધુને તથા સાધ્વીને આ પ્રકારનાં કુકર્મ કરતાં જોયાં, તો પણ પોતે જિનશાસનથી ચળાયમાન થયા નહીં, તેથી તેની પરીક્ષા કરનાર દેવ પ્રગટ થઈનમસ્કાર કરીને શ્રેણિકરાજા પ્રત્યે કહેવા લાગ્યો–' હે જનાધિપ! તમને જિનશાસનથી ચળાયમાન કરવાને માટે મેં આ પ્રકારનો પ્રયત્ન કર્યો હતો, છતાં તમે ધર્મથી ભ્રષ્ટ થયા નથી; માટે તમને ધન્ય છે." એમ કહીને તે દેવતાએ શ્રેણિક-રાજાને એક મહામૂલ્યવાળો રત્નજડિત હાર અને બે ગોળા આપ્યા, વળી કહ્યું કે:–" હે રાજન્! દિવસે વિજળી અને રાત્રીને વિષે ગર્જના નિષ્ફળ હોય નહીં, સાધુઓનું વચન નિષ્ફળ હોય નહીં તેમજ દેવનાં દર્શન પણ નિષ્ફળ હોય નહીં. હે રાજન્! આ હારનો એવો મહિમા છે કે, તે તૂટ્યા પછી તેને સાંધનારો નિશ્ચય મૃત્યુ પામશે." એમ કહીને તે દેવતા સ્વર્ગ પ્રત્યે ચાલ્યો ગયો.

પછી શ્રેણિકરાજાએ ઘેર જઇને દેવતાએ આપેલો હાર ચેલણા રાણીને આપ્યો અને બન્ને ગોળા સુનંદા રાણીને આપ્યા. સુનંદાને ગોળા મળવાથી ક્રોધ ચડ્યો,

તેથી તેણીએ તે બન્ને ગોળાને પૃથ્વી ઉપર પછાડયા, એટલે તેમાંથી મનોહર વસ્ત્ર તથા બે કુંડળ નીકળ્યા; તેથી તે હર્ષ પામી. તે જોઇ ચેલાણાએ રાજાને કહ્યું:- "સ્વામી! તે બન્ને કુંડલ તથા વસ્ત્ર મને અપાવો." રાજાએ કહ્યું:-"એ વસ્તુ મેં સુનંદાને આપી છે, માટે હું અપાવી શકીશ નહીં." રાજાનાં એ પ્રકારનાં વચન સાંભળી ચેલણાએ ક્રોધથી કહ્યું:-" જો તમે તે વસ્તુ મને નહિં અપાવો તો હું મૃત્યુ પામીશ." પરંતુ રાજા તેણીનું કહેવું ન માની સભામાં ગયો. એટલે ચેલણા મૃત્યુ પામવા માટે પ્રાસાદ ઉપર ચડી ગોખમાં ઉભી રહી.

પછી જેટલામાં ત્યાંથી પડીને મરવાનો વિચાર કરે છે તેટલામાં નીચે હસ્તિનો **માવત** તેનો **મિત્ર** અને **મહસેના** ગણિકા-તે ત્રણ જણાને તેણીએ કાંઈ વાતો કરતા દીઠા; એટલે વિચાર કરવા લાગી કે:- 'આ સર્વે શું વાતો કરે છે તે સાંભળું પછી મૃત્યુ પામું.' તેવામાં વેશ્યા માવતને કહે છે કે:- 'હે સ્વામી! મને હસ્તિની ચંપકમાળા લાવી આપો, હું તેને ધારણ કરીને ઉત્સવને દિવસે બીજી વેશ્યાઓ જ્યાં જાય છે ત્યાં જઈશ, પરંતુ જો તમે તે નહિં લાવી આપો તો હું તમને ત્યજી દઈ મૃત્યુ પામીશ,' ત્યારે માવતે કહ્યું:-' ત્હારી મરજી પ્રમાણે કર. પણ હું તને ગજેન્દ્રનું ચંપકમાળા આભરણ લાવી આપીશ નહીં; કારણ કે જો તેમ કરૂં તો રાજા મને મારી નાંખે.' પછી તેના મિત્રે કહ્યું:- 'જેમ બટુકે

પલાશવૃક્ષને બાળ્યું ત્યારે તે પોતાની મેળે જ પુષ્પવંત થયું; તેમ જે પ્રેમાળ વચનથી સમજે નહીં તે કઠોર વચનથી જ સમજે છે.

## ૭. બટુકની કથા.

ત્યારે માવતે પૂછયું:-'હે મિત્ર! તે બટુક કોણ હતો? એટલે તેના મિત્રે કહ્યું:- 'સાંભળ. કોઇ એક બ્રાહ્મણ દેશાંતર ગયો હતો, ત્યાં તેણે પ્રફુલ્લિત એવું પલાશવૃક્ષ દીઠું, તેથી તે વૃક્ષનું બીજ લાવીને તેણે પોતાને ઘેર વાવ્યું, તેમાંથી મોટું પલાશનું વૃક્ષ ઊગ્યું. બ્રાહ્મણે તેને પાણી સીંચીને ઘણુ વૃદ્ધિ પમાડયું પણ તે ફળ્યું નહીં તે ઉપરથી ક્રોધયમાન થયેલા બ્રાહ્મણે તે વૃક્ષનું મૂળ અગ્નિથી બાળી નાંખ્યું તેથી વૃક્ષની સ્નિગ્ધતા ઓછી થઇ એટલે તે તત્કાળ પ્રફુલ્લિત થયું. તેવી રીતે હે મિત્ર! જે કોમળ વચનથી પોતાના કદાગ્રહને છોડતી નથી એવી હઠીલી સ્ત્રીથી તારે શું પ્રયોજન છે? તું તારૂં પોતાનું જ હિત કર. કહ્યું છે કે:-'જે માણુસ પોતાનું હિત કરે છે તે બીજાને પણ હિત કરનાર થાય છે.' જેમ બ્રહ્મદત્ત રાજાએ પોતાની રાણી અહિતકર્તા થઈ હતી તેને માટે કર્યું હતું.' ત્યારે માવતે કહ્યું-' તે બ્રહ્મદત્ત કોણ હતો? અને તેની પોતાની જ રાણી અહિતકર્તા શી રીતે થઇ હતી? તે કહે.'

## ૮. બ્રહ્મદત્તચક્રી કથા.

મિત્રે કહ્યું:- 'કાંપિલ્યપુર નામના નગરને વિષે

બારમો ચક્રવતી બ્રહ્મદત્ત રાજ્ય કરતો હતો. એકદા તે રાજા અશ્વને ખેલાવવા માટે વનમાં ગયો. ત્યાં ફરતાં ફરતાં અશ્વ તેને ઘણે દૂર લઇ ગયો. પાછળ સૈનિકો ગયા અને તેને નગરમાં તેડી લાવ્યા. પછી યોગ્ય અવસરે તે રાજા અંતપુરમાં ગયો ત્યારે રાણીએ પૂછયુંઃ– 'હે સ્વામી! આપે વનમાં કાંઈ આશ્ચર્ય જોયું હોય તો મને કહો' પ્રિયાનાં આવાં વચન સાંભળીને રાજાએ કહ્યુંઃ–'હે દેવી! હું વનમાં ગયો ત્યાં મેં સરોવરના કાંઠા ઉપર જળપાન કરીને વિસામો લીધો, એવામાં એક નાગકુમારી (મનોહર સ્ત્રી) મારી પાસે આવીને વિષયની પ્રાર્થના કરવા લાગી, પરંતુ મેં તેણીને ના કહી, તેથી તે પાછી ગઇ અને હું અશ્વ પાસે ગયો. પછી તે જ નાગકન્યાને સર્પણીનું રૂપ ધારણ કરીને કોઈ કામી એવા સર્પની સાથે વિષયસુખ ભોગવતી દેખવાથી મેં તે બન્ને જણાને ચાબૂક મારીને જુદાં પાડયાં. એટલે તેઓ તત્કાળ અદૃશ્ય થઇ ગયાં. હે પ્રિયે! વનમાં મેં જે આશ્ચર્ય દીઠું હતું તે તને કહ્યું.'

રાજા આ પ્રમાણે કહીને તરત બહાર આવ્યો એવામાં દિવ્ય અલંકારોથી સુશોભિત એવા કોઇ દેવે પ્રગટ થઈને તેને કહ્યુંઃ–'રાજન્! હું તારા પર પ્રસન્ન થયો છું, માટે વરદાન માગ.' રાજાએ આ પ્રકારનાં નાગદેવનાં વચન સાંભળીને પૂછયુંઃ–'તમે શા કારણથી મને વરદાન માગવાનું કહો છો?' ત્યારે નાગદેવતાએ કહ્યુંઃ–'તું વનમાં

ક્રીડા કરવા ગયો હતો ત્યાં તને મારી પ્રિયા મળી હતી. જ્યારે તેં તેણીને મારી ત્યારે તે રૂદન કરતી કરતી મારી પાસે આવી અને મને કહેવા લાગી કેઃ–'હે પ્રાણનાથ ! હું મૃત્યુલોકમાં ક્રીડા કરવા ગઈ હતી. ત્યાં બ્રહ્મદત્તચક્રવર્તીએ મને ચાબુકથી મારીને મ્હારા શિયળવ્રતનો ભંગ કરવા માંડયો; તેથી હું નાશીને તમારી પાસે આવતી રહી છું. એમ કહીને તેણીએ મને ઘા દેખાડયા. પછી ક્રોધાતુર થયેલો હું તમને મારવાને માટે અહીં આવ્યો. તે વખતે વનમાં થયેલી વાત તમારી સ્ત્રીને તમે કહેતા હતા. તે સાંભળીને હું પ્રસન્ન થયો છું.' ત્યારે રાજાએ કહ્યુંઃ–'તમારા દર્શનથી મને સર્વ પ્રાપ્ત થયું છે. તો પછી હું શું વરદાન માગું ? નાગદેવતાએ કહ્યું–'ત્હારી ઈચ્છા હોય તે માગ.' એ ઉપરથી રાજાએ 'હું સર્વ પ્રાણીઓની ભાષા સમજી શકું' એવું વરદાન માગ્યું. નાગદેવતાએ કહ્યુંઃ–' એમજ થાઓ, પરંતુ તું કયારે પણ કોઈ જીવની ભાષાની વાત બીજા પાસે પ્રકાશિત કરીશ તો તત્કાળ મૃત્યુ પામીશ.' એમ કહીને તે નાગદેવ પોતાના સ્થાનકે ગયો અને રાજા પણ પોતાના વાસભવનમાં આવ્યો.

એકદા ઉષ્ણઋતુમાં રાજા પોતાના શરીરને બાવનાચંદનથી મર્દન કરી વસ્ત્રાલંકાર વડે સુશોભિત કરતો હતો તેવામાં તેણે એક ગરોળી અને તેણીના પતિની વાત સાંભળી. ગરોળી પતિને કહે છે કેઃ–'હે નાથ ! તમે આ ભૂપતિના ચંદનમાંથી મારે માટે થોડું ચંદન લાવી આપો.' ત્યારે

તેના પતિએ ઉત્તર આપ્યો કે-' હું લાવી આપીશ નહીં, કારણ કે તેમ કરૂં તો ત્યાં મારૂં મૃત્યુ નીપજે.' ત્યારે ગરોળીએ કહ્યું:-' જો તમે ચંદન લાવી આપશો નહીં તો હું મૃત્યુ પામીશ, ત્યારે પતિએ ફરીથી કહ્યું-'જો તું મૃત્યું પામીશ તો હું બીજી ગરોળી લાવીશ.' આ પ્રકારનો ગરોળી અને તેણીના પતિનો વાદ સાંભળીને રાજાને હસવું આવ્યું. એટલે રાણીએ પૂછયું:-' હે નાથ! તમને કારણ વિના હસવું કેમ આવ્યું ?' રાજાએ કહ્યું-' પ્રિયે! મને હસવું તો કોઇ કારણથી આવ્યું છે, પરંતુ તે કહી શકાય તેમ નથી; કારણ કે જો કહું તો તેથી મારૂં મરણ થાય તેમ છે.' ત્યારે રાણીએ કહ્યું:- 'તમે જો નહિં કહો તો હું મૃત્યુ પામીશ.' આ પ્રકારના રાણીનાં હઠનાં વચન સાંભળીને રાજાએ કહ્યું:- 'જો તારો ઘણો આગ્રહ હોય તો હું મૃત્યુની તૈયારી કરી ચિતામાં બેસી પછી તે વાત તને કહીશ; પરંતુ તે વિના કહી શકું તેમ નથી.

પછી બ્રહ્મદત્તરાજા મૃત્યુની તૈયારી કરી સ્મશાનભુમિ તરફ જવા નીકળ્યો. રસ્તામાં તેણે એક બોકડાને પોતાની ગર્ભવતી સ્ત્રીની સાથે વાત કરતાં સાંભળ્યો. બોકડીએ કહ્યું:-' હે નાથ! તમે આ જવના પૂળામાંથી એક પૂળો લાવી આપો.' ત્યારે બોકડાએ ઉત્તર આપ્યો કે:- 'એ પૂળા રાજાના અશ્વ માટે લાવેલા છે. માટે જો તેમાંથી લઉં તો મારે માર ખાવો પડે.' ત્યારે બોકડીએ

કહ્યું:-' જો નહિં લાવો તો હું મૃત્યુ પામીશ ' બોકડે કહ્યું:-' તું સુખેથી મૃત્યુને અંગીકાર કર, તેમ કરવાથી મને બીજી રમ્ય બોકડી મળશે.' ત્યારે બોકડીએ ફરીથી કહ્યું:-' હે સ્વામી ! છ ખંડનો પતિ આ બ્રહ્મદત્તરાજા તેની પ્રિયાના વચનથી મૃત્યુને શરણ થવા માટે સ્મશાન-ભૂમિ તરફ જાય છે તેને તમે જુઓ અને તમે તો મારા વચનને અંગીકાર પણ કરતા નથી.' ત્યારે બોકડે કહ્યું:-'હું તો જાતિપ્રસિદ્ધ પશુ છું પરંતુ એ તો પરિણામે પશુ છે; કારણ કે જો એમ ન હોય તો પોતાની અપાર એવી લક્ષ્મીનો ત્યાગ કરીને ફક્ત સ્ત્રીના કહેવાથી મૃત્યુને શરણ થવાની ઇચ્છા કોણ કરે ? અર્થાત્ કોઈ ન કરે.' આ પ્રકારનાં બોકડા અને બોકડીનાં વચન સાંભળીને રાજા મૃત્યુસ્થાનથી પાછો ફર્યો અને રાણી પણ પોતાનું ધાર્યું ન થવાથી તેની સાથે પાછી વળી.

હવે માવત, તેનો મિત્ર અને મહાસેના ગણિકા એ ત્રણેની વચ્ચે થતી આ વાતને સાંભળીને મૃત્યુ અંગીકાર કરવાના નિશ્ચયથી ગોખમાં ઉભેલી ચેલણારાણી પણ પોતાના અનુબંધ (મરણ) થી નિવૃત્ત થઇ અને તેણીએ પોતાને મળેલા હારથી જ સંતોષ માન્યો.

એકદા દેવતાએ અર્પણ કરેલો તે હાર અકસ્માત્ દૈવયોગે તૂટી ગયો, તેના મોતીનાં છિદ્ર અતિ વક્ર હોવાથી તે હાર પરોવવાને કોઇ પણ માણસ સમર્થ થયો નહીં;

તેથી રાજાએ નગરને વિષે પટહ વગડાવ્યો કે-'જે કોઈ માણસ આ હારને સાંધી આપશે, તેને રાજા એક લક્ષ દ્રવ્ય આપશે.' પછી તે પટહને સાંભળીને જીવિતની સ્પૃહા વિનાના એક મણિઆરે પોતાના પુત્રોને લક્ષ દ્રવ્ય પ્રાપ્ત થવાની ઇચ્છાથી તે હાર સાધી આપ્યો. રાજાએ તેને અર્ધ લક્ષ દ્રવ્ય પ્રથમથી આપ્યું હતું, પરંતુ હાર સાંધવાથી તત્કાળ મૃત્યુને પામેલા તે મણિઆરના પુત્રોને રાજાએ બાકી રહેલું અર્ધલક્ષ દ્રવ્ય પાછળથી આપ્યું નહીં અને મણિઆર પણ આર્ત્તધ્યાનથી મૃત્યુ પામીને વાનર થયો.

એકદા તે વાનર ફરતો ફરતો તે નગરમાં આવ્યો. ત્યાં પોતાનું ઘર જોઇને તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું; તેથી તેણે પોતાના પુત્રોની પાસે આવી અક્ષરો લખીને પૂછયું કે:-'હું તમારો પિતા આર્ત્તધ્યાને મરણ પામીને વાનર થયો છું. રાજાએ તમને બાકી રહેલું અર્ધલક્ષ દ્રવ્ય આપ્યું છે કે નહીં ?' ત્યારે પુત્રોએ ઉત્તર આપ્યો કે:—'અમને બાકી રહેલું અર્ધલક્ષ દ્રવ્ય મળ્યું નથી.' એ ઉપરથી ક્રોધયુકત થયેલો તે વાનર ઉદ્યાનમાં ગયો.

એવામાં ત્યાં ચેલણારાણી સખીઓ સહિત ક્રીડા કરવાને આવી હતી, ક્રીડા કરી રહ્યા પછી ચેલણા વસ્ત્રાલંકાર ઉતારીને સ્નાન કરવા ગઈ, એવામાં પેલા વાનરે ગુપ્ત રીતે તે હાર લઇ લીધો અને પુત્રોને આપ્યો. પછી ચેલ-ણાએ હારના હરણની વાત રાજાને કહી, તે ઉપરથી

રાજાએ અભયકુમારને બોલાવીને કહ્યું:–' હે અભય ! હાર શોધી આપ, નહી તો ચોરની શિક્ષાને પાત્ર તું થઈશ.' રાજાના એવાં વચન સાંભળીને અભયકુમારે ઉત્તર આપ્યો કે:–' હે દેવ ! હું સાત દિવસની અંદર હાર લાવી આપીશ.' પછી અભયકુમારે છ દિવસ સુધી અનેક ઉપાયો કર્યા પરંતુ હારનો પત્તો લાગ્યો નહીં. સાતમે દિવસે અભયકુમારે પાખીનો દિવસ જાણી ઉપાશ્રયમાં સાધુ વસતા હતા ત્યાં જઈ પૌષધ ગ્રહણ કર્યો. તે પૌષધશાળામાં શિવ, સુવ્રત, ધનદ અને ચૌનિક નામના ચાર મુનિઓની સાથે શ્રી સુસ્થિતસૂરિ વસતા હતા. તે જ દિવસે સુસ્થિતસૂરિ જિનકલ્પ ગ્રહણ કરવાની તુલના કરવા સારૂ ઉપાશ્રયની બહાર કાર્યોત્સર્ગે રહ્યા હતા.

હવે નગરમાં એવી વાત ચાલી કે–'જેણે રાજાનો હાર ચોર્યો હશે, તેનું નામ પ્રભાતે યક્ષ લેશે.' તે વાત સાંભળીને તથા અભયકુમારની પ્રતિજ્ઞા જાણીને મણિઆરના પુત્રોએ ભયથી તે હાર ગુપ્તપણે વાનરને પાછો આપી દીધો. વાનરે તે હાર લઈ રાત્રિએ સુસ્થિત-સૂરિના કંઠમાં આરોપણ કર્યો. હવે ચંદ્રથી પ્રકાશિત થઈ રહેલા રાત્રિના પ્રથમ પ્રહરને વિષે શિવમુનિ ગુરુના ચરણને માર્જન કરવા માટે ઉપાશ્રયની બહાર આવ્યા, પરંતુ ગુરૂનો કંઠ હારથી સુશોભિત જોઈને ભયપામેલા તે મુનિએ પ્રથમ પ્રહાર પૂર્ણ થતાં ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. તે વખતે નૈષિધિકી કહેવાને સ્થાનકે "ભય" એવો શબ્દ

ઉચ્ચાર્યો. તે ઉપરથી અભયકુમારે તેમને પૂછ્યુંઃ–'હે સાધો! અહિ ભય શાનો?' ત્યારે મુનિએ કહ્યુંઃ–'હે મંત્રી! મેં પૂર્વે કંઈક ભયનો અનુભવ કર્યો છે તે સાંભરી આવવાથી એમ ઉચ્ચાર થઈ ગયો છે. ત્યારે અભયકુમારે પૂછ્યું:– 'પૂર્વે એવું શું અનુભવ્યું હતું કે, જે આ વખતે યાદ આવ્યું?' તે ઉપરથી મુનિએ પોતાની પૂર્વની હકીકત કહેવી શરૂ કરી.

## ૯ શિવ મુનિના પૂર્વ જીવનની કથા

"હે અભયકુમાર! ઉજ્જયિની નગરીને વિષે શિવ અને દત્ત નામના અમે બે બાંધવો વસતા હતા. એકદા જન્મથી દરિદ્રી એવા અમે બન્ને બંધુઓ દ્રવ્ય ઉપાર્જન કરવા માટે સૌરાષ્ટ્ર (સોરઠ) દેશમાં ગયા. ત્યાં અનેક પ્રકારનો વ્યાપાર કરીને પુષ્કળ દ્રવ્ય ઉપાર્જન કર્યું. પછી તે દ્રવ્યને વાંસની પોલી નળીમાં ભરીને અમે બન્ને બંધુઓ વારા ફરતી વહન કરતાં કરતાં ઉજ્જયિની તરફ પાછા વળ્યા. રસ્તે ચાલતાં અમારા બન્નેમાંથી જેના હાથમાં દ્રવ્ય હોય તે દ્રવ્યના લોભથી બીજાના મરણનો ઉપાય ચિંતવતો. એમ કરતાં કરતાં અમે નગરની સમીપે આવી પહોંચ્યા, ત્યાં એક પાણીનો ધરો દીઠો. તેમાં અમે સ્નાન કરી પાણી પીધું. તે વખતે મને વિચાર થયો કે–' ભાઈને ધરામાં ફેંકી દઈ દ્રવ્યનો માલીક થાઉં.' એમ ચિંતવન કરતાં વળી વિચાર ફર્યો કે–' હું આ પાપ રૂપ દ્રવ્યને અર્થે પોતાના બંધુને હણવાનો શામાટે વિચાર કરૂં છું?

આ દ્રવ્યને જ ફેંકી દઉં કે જેથી આવા અયોગ્ય વિચાર જ થાય નહીં' એમ વિચાર કરીને મેં તે દ્રવ્યની વાંસળીને ધરામાં ફેંકી દીધી. તે જોઈને દત્ત તત્કાળ બોલી ઊઠયો:– 'ભાઈ! ભાઇ! તેં આ શું કર્યું ?' તે ઉપરથી મેં પૂર્વે થયેલો અનિષ્ટ વિચાર તેને કહ્યો. એટલે તે પણ બોલ્યો:– 'ભાઈ! તેં યોગ્ય કર્યું છે, કારણ કે મ્હારો પણ એવો દુષ્ટ વિચાર થતો હતો.' આવી રીતે અમે બન્ને ભાઈઓ નિર્ધન થઇને પાછા ઘર તરફ ગયા.

હવે એમ બન્યું કે મેં ધરામાં ફેંકી દીધેલી તે વાંસળીને કોઈ એક મત્સ્ય ગળી ગયો. દૈવયોગથી તે જ મત્સ્યને એક ધીવર પકડીને નગરીમાં વેચવા સારૂ લાવ્યો; એટલે મારી બ્હેને ઘરે આવેલા પરોણાનું આતિથ્ય કરવા માટે મૂલ્ય આપીને તે મત્સ્યને વેચાતો લીધો. પછી ઘરે લાવીને મત્સ્યને ચીર્યો કે તત્કાળ તેમાંથી પેલી દ્રવ્યની વાંસળી નીકળી. તે વાંસળી મ્હારી બ્હેન લોભથી છુપાવતી હતી, પણ મ્હારી માતાની નજરે પડી તેથી માતાએ પૂછયું:–' વત્સે! એ શું છે ?' ત્યારે બ્હેને ઉત્તર આપ્યો કે–' કઇ નથી ' તે ઉપરથી મ્હારી માતા તેણીની પાસે આવવા લાગી. એટલે દ્રવ્યના લોભથી મ્હારી બ્હેને માતાને મુશળના પ્રહારથી મારી નાંખી. અમે જેટલામાં ઘરમધ્યે પ્રવેશ કરીએ છીએ, તેટલામાં પાપકૃત્ય કરનારી મ્હારી બ્હેન સંભ્રમથી ઊઠવા ગઇ કે તરતજ તેણીના ખોળામાંથી દ્રવ્યની વાંસળી ભૂમી ઉપર પડી ગઈ, એટલે

એમ વિચાર કરવા લાગ્યા કેઃ-' અરે! ધિક્કાર છે આ દ્રવ્યને ! કે જેને અનર્થનું કરવાવાળું જાણીને અમે ધરામાં ફેંકી દીધું હતું, તે જ દ્રવ્ય ફરીથી અનર્થ કરનારૂં થયું છે! પછી અમને બન્ને ભાઇઓને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી માતાને અગ્નિસંસ્કાર કરી, બ્હેનને ઘર સોંપી, ગુરૂની પાસે જઇને દીક્ષા ધારણ કરી.

શિવમુનિ અભયકુમારને કહે છે કેઃ-' હે પ્રધાન ! આ પ્રમાણે પૂર્વે અનુભવેલું યાદ આવવાથી નૈષિધિકીને સ્થાનકે મ્હારાથી " ભય " એ શબ્દનો ઉચ્ચાર થઇ ગયો."

બીજે પ્રહરે ગુરૂમહારાજના ચરણને માર્જન કરવા સારૂં સુવ્રતમુનિ બહાર ગયા, ત્યાં તે હાસ્થી બિરાજમાન એવા ગુરૂના કંઠને જોઇને બીજો પ્રહર પૂર્ણ થયે પાછા ઉપાશ્રયમાં આવ્યા ત્યારે ભયભ્રાંત થવાને લીધે નૈષિધિકીને સ્થાનકે " મહાભય " એવો શબ્દ બોલ્યા. તે ઉપરથી અભયકુમારે તેમને પૂછ્યુંઃ-' હે સાધો ! તમે નૈષિધિકીને સ્થાનકે " મહાભય' એવા શબ્દનો ઉચ્ચાર કેમ કર્યો ?"

## ૧૦ સુવ્રત મુનિના પૂર્વ જીવનની કથા

એટલે તે મુનિએ કહ્યું-' પૂર્વના ભયના સ્મરણથી એમ બોલાઇ ગયું છે.' અભયકુમારે તે હકીકત પૂછી એટલે મુનિ બોલ્યા-' અંગદેશમાં ચંપા નામની નગરીને વિષે હું મહાસમૃદ્ધિવંત એવો કુટુંબી વસતો હતો. એકદા તે ગામમાં ચોર લોકોએ ધાડ પાડી, તેથી

ભયને લીધે હું એક સ્થાનકે સંતાઈ રહ્યો અને ચોરો તો મારા ઘરને વિષે જ આવ્યા; તેથી મ્હારી સ્ત્રીએ લંપટપણાથી જાણે હું ન સાંભળતો હોઉં ? એવી રીતે તે ચોરોને કહ્યું કે:–' તમારે સ્ત્રીનો ખપ છે ?' ત્યારે ચોરોએ હા કહી, તેથી મારી સ્ત્રી તેઓની સાથે ગઇ. ચોરોએ પણ પાળે જઇને તેણીને પોતાના સ્વામી પલ્લીપતિને અર્પણ કરી. પલ્લીપતિએ તેણીને સ્ત્રીપણે સ્વીકારી. ચોર લોકો ગયા પછી કેટલાક મિત્રો મારે ઘેર આવ્યા અને મને કહેવા લાગ્યા:– ' ભાઇ ! તું પાળે જઇને તારી સ્ત્રીને કેમ છોડાવતો નથી ? ' મારે સ્ત્રીની ઇચ્છા ન હોતી તથાપિ મિત્રોના કહેવાથી હું પાળે ગયો અને એક ડોશીના ઘરમાં ગુપ્તપણે રહ્યો.

એકદા મેં દ્રવ્યથી અત્યંત સંતુષ્ટ કરેલી તે ડોશીને કહ્યું કે:–' તમે આ પલ્લીપતિને ત્યાં મારી સ્ત્રી રહે છે તેણીને મારા આગમનની ખબર આપો.' પછી ડોશીએ ત્યાં જઇને સમાચાર કહ્યા, તેથી મારી સ્ત્રીએ મને કહેવરાવ્યું કે–' આજ રાત્રીએ તમારે અહિં મારી પાસે આવવું; કારણ કે પલ્લપતિ બહાર જવાના છે. ' ડોશીએ ઘરે આવીને મને તે સમાચાર કહ્યા. વળતું મેં ડોશીને પૂછ્યું:– ' તે ક્યાં રહે છે ?' ડોશીએ ઉત્તર આપ્યો કે–' તાલવૃક્ષની નીચેના ગૃહમાં રહે છે.' પછી હું સાંજ વખતે પલ્લીપતિને ઘેર ગયો. ત્યાં મારી સ્ત્રી મને જોઇને ઘણી પ્રસન્ન થઇ અને ઉપરના કપટસ્નેહથી આદરસત્કાર કરીને મને પલ્લીપતિની શય્યા ઉપર બેસાર્યો. પછી તે મારા

હાથપગનું પ્રક્ષાલન કરતી છતી વિલાપ કરવા લાગી. એવામાં પલ્લીપતિ અકસ્માત દ્વાર પાસે આવીને ઊભો રહ્યો, એટલે સ્ત્રીએ મને શય્યા નીચે સંતાડી દીધો. પછી તેણીએ પૂર્વની પેઠે ઉષ્ણોદકથી પલ્લીપતિના હાથ પગનું પ્રક્ષાલન કરીને તેને શય્યા ઉપર બેસાર્યો. તે વખતે મારી સ્ત્રીએ તેને પૂછયું:-' હે સ્વામીન્ ! જો મ્હારો પતિ અહિ આવે તો તેને તમે શું કરો ?' ત્યારે તેણે ઉત્તર આપ્યો કે-' દ્રવ્યવસ્ત્રાદિકથી સત્કાર કરી તને એને સ્વાધીન કરી તેને પોતાને ઘેર પહોંચાડું.' પલ્લીપતિનાં આ પ્રકારનાં વચન સાંભળીને મારી સ્ત્રીએ ભ્રકૂટી ચડાવીને ક્રોધ કર્યો. આથી પલ્લપતિ તેણીના મનનો ભાવ જાણીને ફરીથી બોલ્યો:-' પ્રિયે ! પ્રથમતો મેં તને હાસ્યથી કહ્યું હતું, પરંતુ જો ત્હારો પતિ અહિં આવે તો હું તેને ગાઢ બંધનથી બાંધી લઈ પ્રહાર કરૂં.' તેનાં આવાં વચન સાંભળીને સંતુષ્ટ થયેલી સ્ત્રીએ મ્હારા સામી દષ્ટિ કરીને પલ્લીપતિને જાહેર કર્યું કે-' આ શય્યાની નીચે મારો પતિ છે.'

પછી પલ્લીપતિએ તત્કાળ ત્યાંથી ઊઠીને મને પકડયો અને લીલી વાધરના બંધનથી એક સ્તંભ સાથે ગાઢ બાંધ્યો. વળી તેણે મને મુષ્ટિ વિગેરેના પ્રહારથી ઘણો માર્યો. પછી તેઓ શય્યામાં સૂતા. એવામાં મારા પૂણ્યના ઉદયથી ત્યાં એક કુતરો આવી ચડયો. તેણે મ્હારા બંધન કાપી નાખ્યા, તેથી હું છુટો થયો એટલે પલ્લી-

પતિ જ્યાં સૂતો હતો ત્યાં જઈને મેં તેનુ ખડગ ઉપાડી લીધું અને પલ્લીપતિ ન જાણે તેમ મેં મારી દુષ્ટ ભાર્યાને ઉઠાડીને કહ્યું:- 'હે દુષ્ટે! જો કંઇ પણ બોલી તો આ ખડગથી તારૂં મસ્તક છેદી નાખીશ-' એમ કહીને તેણીને આગળ કરી હું મારા નગર તરફ આવ્યો. પછી રાત્રી નિવૃત્ત થઈ, તેથી પકડાઈ જવાના ભયને લીધે હું મારી સ્ત્રી સહિત વાંસની જાળમાં છૂપાઇ રહ્યો.

એવામાં પલ્લીપતિ પોતાના સેવકો સહિત અમારાં પગલાંને અનુસારે તથા મારી દુષ્ટ સ્ત્રીએ એંધાણને માટે વેરેલા ચીથરાને અનુસારે જોતો જોતો અમે જ્યાં સંતાઈ રહ્યાં હતાં ત્યાં આવી પહોંચ્યો. પછી તેણે મને પકડીને ખડગના પ્રહારથી છિન્નભિન્ન કરી નાખ્યો. વળી તે મ્હારા પાંચે અંગો ઉપર ખીલા મારી, મારી દુષ્ટ સ્ત્રીને લઈ પાછો વળ્યો. પછી હું જીવિતની આશા મૂકી દઇ રોવા લાગ્યો. એવામાં કોઈ વાનર ફરતો મારી પાસે આવી ચડયો, પણ તે તો મારા દુખને જોઈ મૂર્ચ્છા આવવાને લીધે ભૂમિ ઉપર પડી ગયો. થોડી વાર પછી સચેત થયો, એટલે તે ઉઠીને વનમાં જઈ બે ઔષધિ લઇ આવ્યો. તેમાંની એક ઔષધિવડે મને શલ્ય રહિત કર્યો અને બીજી ઔષધિથી મારા શરીર ઉપર વાગેલા ઘા રૂઝવી નાખ્યા. ત્યારપછી તેણે ભૂમિ ઉપર અક્ષરો લખીને મને સૂચવ્યું કે- 'હું તારા જ ગામના સિદ્ધકર્મા નામના વૈદ્યનો પુત્ર હતો, પણ પૂર્વકર્મના યોગથી આર્ત્તધ્યાને મૃત્યુ પામવાને લીધે

વાનરજાતિમાં ઉત્પન્ન થયો છું. મને તારા દર્શનથી જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થવાને લીધે ઔષધિના ગુણો જાણ્યા છે અને તેથી જ એ ઔષધિઓ લાવીને તને સજ્જ કર્યો છે; માટે હે બંધો ! તું મારા આ ભવનું વૃત્તાંત સાંભળીને પછી એક કાર્ય કર.

વાનર કહે છે કેઃ–' હે ભાઇ ! એક બળવંત વાનરે મને વાનરોના યૂથમાંથી કાઢી મૂક્યો છે. માટે તેને મારી મને યૂથપતિ બનાવ કે જેથી મારા કરેલા ઉપકારનો તેં બદલો વાળ્યો કહેવાય ' તેનાં આવા વચનને અંગીકાર કરી જ્યાં વાનરો સહિત યૂથપતિ રહેતો હતો ત્યાં હું ગયો અને બળવાન વાનર સાથે યુદ્ધ કરી તેને હરાવ્યો. પછી મારા પર ઉપકાર કરનાર વાનરને મેં તે સ્થાનકે સ્થાપ્યો. આ પ્રમાણે હું તે વાનરનો પ્રત્યુપકાર કરીને પછી ગુપ્ત રીતે પલ્લીપતિની પાળ તરફ ગયો. ત્યાં પલ્લીપતિને મારી, મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરવાને માટે હું મારી દુષ્ટ સ્ત્રીને સાથે લઇ ઘેર આવ્યો.

હે અભયકુમાર ! આ પ્રમાણે મ્હારી દુષ્ટ સ્ત્રીનું ચેષ્ટિત જોઈ મને વૈરાગ્ય ઉત્પન્ન થયો, તેથી મેં ગુરૂ પાસે જઈને ચારિત્ર ગ્રહણ કર્યું આ પ્રમાણે પૂર્વે કરેલી હકીકત યાદ આવવાથી નૈષિધિકીને સ્થાને "**महाभयं** (મહાભય) વર્તે છે, એમ મારાથી બોલાઇ જવાયું.

પછી ત્રીજો પ્રહર થયો એટલે **ધનદ** નામના ત્રીજા

શિષ્ય ગુરૂની વૈયાવચ્ચ કરવા બહાર આવ્યા. તેણે પણ ગુરૂના કંઠમાં હાર દેખીને ત્રીજો પ્રહર પૂર્ણ થતાં પાછા ઉપાશ્રયમાં પેસતાં નૈષિધિકીને સ્થાનકે "अतिभयं" એ ઉચ્ચાર કર્યો. તે સાંભળીને અભયકુમારે પૂછયું:–'હે મુનિ! જિનધર્મ પાલન કરનારને અતિભય કયાંથી ?"

## ૧૧. ધનદમુનિના પૂર્વજીવનની કથા.

ત્યારે ધનદમુનિ કહેવા લાગ્યા કે:–" પૂર્વે અનુભવેલ ભયનું સ્મરણ થઇ જવાથી મારાથી એમ બોલાયું છે,' અભયકુમારે તે હકીકત પૂછી એટલે તે મુનિ બોલ્યા કે–" ઉજ્જયિની નગરીની પાસેના એક ગામમાં પ્રિય નામનો એક ધનાઢય શ્રેષ્ઠી વસતો હતો. તેને ગુણસુંદરી નામની સ્ત્રી હતી. તેઓને ધનદ નામનો હું પુત્ર હતો, અનુક્રમે હું જ્યારે યુવાવસ્થા પામ્યો ત્યારે પિતાએ મને ઉજ્જયિની નગરીમાં એક કન્યા સાથે પરણાવ્યો.

એકદા મારી સ્ત્રી પિયર ગઇ હતી, તેણીને તેડવા માટે હું ખડગ લઇને ઉજ્જયિની તરફ ચાલ્યો અને સાંજ વખતે ત્યાંની સ્મશાનભૂમિમાં જઈ પહોંચ્યો. તે વખતે સ્મશાનમાં એક શુળી પર ચડાવેલ પુરૂષની પાસે પોતાનું મુખ ઢાંકીને રૂદન કરતી એવી કોઇ સ્ત્રીને મેં દીઠી, તેથી હું પાસે જઈને પૂછવા લાગ્યો કે:–'હે ભદ્રે! તું શા કારણ માટે રૂદન કરે છે?' ત્યારે સ્ત્રીએ 'હું દુઃખી છું' એમ ઉત્તર આપવાથી મેં તેણીને ફરીથી પૂછયું:" તારે શું દુઃખ છે? જે હોય તે કહે." તેથી તેણીએ કહ્યું:–

"જે પુરૂષ દુઃખ મટાડી શકવા સમર્થ હોય તેની આગળ દુઃખ કહેવું એ યોગ્ય છે; માટે તમને કહીને શું કરૂં?" ત્યારે મેં ઉત્તર આપ્યો કે—"હું તારું દુઃખ મટાડવા સમર્થ છું." એટલે તે સ્ત્રીએ કહ્યું:–"સાંભળ આ શુળી ઉપર ચડાવેલો પુરૂષ મારો પતિ થાય છે. તે અપરાધી ઠરવાથી રાજાએ શુળી ઉપર ચડાવેલો છે; પરંતુ હમણાં સુધી તે જીવે છે માટે તેના સારૂ ભોજન લાવી છું, છતાં હું તેને જમાડવા શકિતવાન નથી; માટે જો તું મને તારા ખભા ઉપર ચડાવે તો હું મારા પતિને મારા હાથથી જ ભોજન કરાવું; પરંતુ હું લજ્જાવાળી છું, માટે તેટલો વખત તારે ઉંચું જોવું નહીં." રૂદન કરતી તે સ્ત્રીનાં આવાં વચન સાંભળી મેં તેણીને મારા ખભા ઉપર ચડાવી, એટલે તો તે શુળી ઉપર રહેલા પુરૂષના માંસના કકડા કરીને ખાવા લાગી તેથી તેના રૂધિરનાં ટીપા મારા વાસા ઉપર પડવા લાગ્યાં.

આ પ્રમાણે વારંવાર રુધિરના ટીપા પડતા હતા, પરંતુ મેં ઉચું ન જોવાથી એમ જ ધાર્યું કે–તે પોતાના પતિને ભોજન કરાવી રહ્યાથી જળપાન કરાવતી હશે; તેથી આ પાણીના ટીપાઓ પડે છે. છેવટ રૂધિરના ટીપાઓના રગેડા ચાલવા લાગ્યા. એટલે મેં ઊંચે જોયું તો તેણીનું મહાભયંકર ચરિત્ર મારી નજરે પડયું તેથી તેણીને તત્કાળ ભૂમિ ઉપર પછાડીને, અને મારૂં ખડગ પણ ત્યાંનું ત્યાં જ મૂકીને–હું નગર તરફ નાશી ગયો.

તે પાપિણી સ્ત્રી પણ ખડગ લઈ મારી પછવાડે દોડી; તેથી હું નાસતાં નાસતાં જેટલામાં નગરીના દરવાજામાં પેસું તેટલામાં દરવાજાની બહાર રહી ગયેલી મારી એક જંઘા તેણીએ ખડગવડે છેદી નાંખી અને તે લઇને તત્કાળ નાશી ગઈ.

પછી મને બહુ પીડા થવા લાગી, તેથી હું દુર્ગની રક્ષા કરનાર દ્વારદેવીની પાસે કરુણ સ્વરથી વિલાપ કરવા લાગ્યો, એટલે દ્વાર રક્ષકદેવી મારી પાસે આવીને મને કહેવા લાગી કે:—"હે વત્સ! આ ઉજ્જયિની નગરીની ક્ષિપ્રા નદીના ગંધર્વ મશાણમાં રહેનારી શાકિનીની અને અમારી એવી મર્યાદા છે કે 'રાત્રિએ નગરીની બહાર રહેલા મનુષ્ય અથવા પશુને તેઓ લઈ જાય અને જે નગરની અંદર હોય તેનું અમે રક્ષણ કરીએ.' આ પ્રમાણે અમારી મર્યાદા છે. તારી જંઘા દરવાજાની બહાર રહી જવાથી હું તેનું રક્ષણ કરવા સમર્થ થઈ નહીં, તો પણ હે ભદ્ર! હું તારી જંઘા સાજી કરીશ; માટે તું રુદન કરીશ નહીં-" પછી તે દેવીએ મને ધીરજ આપીને મારી જંઘા સાજી કરી અને પછી અદ્રશ્ય થઈ ગઈ.

હું તે દેવીને વંદન કરી મારા સાસરાના ઘર તરફ ગયો, ત્યાં તેના ઘરનું બારણું બંધ હોવાથી મેં છીદ્રમાંથી જોયું તો મારી સ્ત્રી અને સાસુ બન્ને જણાં માંહોમાંહે વાતો કરતાં ભોજન કરતાં હતાં, તેથી હું તે સાંભળવા માટે ક્ષણવાર બહાર ઊભો રહ્યો. એવામાં મારી સાસુએ

પૂછયું:-"હે સુતે! આજે આ માંસ અત્યંત સ્વાદિષ્ટ લાગે છે, તેનું શું કારણ?" એટલે તેની પુત્રીએ ઉત્તર આપ્યો:-"હે માત! આ માંસ તારા જમાઇની જંઘાનું છે." એમ કહીને તેણીએ પૂર્વની સર્વ વાત મારી સાસુને કહી સંભળાવી.

આ પ્રકારે તે બન્ને જણીઓની પરસ્પર થતી વાતને સાંભળીને હે અભયકુમાર! હું અત્યંત ભયભીત થયેલો ત્યાંથી ઘરે આવ્યો. પછી વૈરાગ્ય ઉત્પન્ન થવાથી મેં ચારિત્ર અંગીકાર કર્યું. હે મગધેશ! પૂર્વે આ પ્રમાણે અનુભવેલું આજે સ્મરણમાં આવવાથી મેં નૈષેધિકીને સ્થાનકે "अतिभय" એ શબ્દનો ઉચ્ચાર કર્યો."

હવે ચોથા પ્રહરે યૌનિક નામના ચોથા શિષ્ય ગુરૂની વૈયાવચ્ચ કરવા માટે બહાર ગયા ત્યાં તેણે પણ ગુરૂના કંઠમાં હાર જોઈ ચોથો પ્રહર પૂરો થતાં ઉપાશ્રયમાં પેસતાં નૈષેધિકીને સ્થાનકે "भयात्भय" એવા શબ્દનો ઉચ્ચાર કર્યો. તે સાંભળીને અભયકુમારે પૂછયું:-"હે મુને! રાગ રહિત, પંચમહાવ્રતના ધારણહાર, છ કાયના રક્ષક, અષ્ટપ્રવચન માતાના પાલક, સત્તાવીશ ગુણ યુક્ત અને સંસારનો ત્યાગ કરનારા એવા તમને શેનો ભય છે?"

ત્યારે યૌનિકમુનિ કહેવા લાગ્યા કે:-"હે અભયકુમાર! મને પૂર્વની હકીકત સ્મરણમાં આવવાથી તેમ બોલાઈ ગયું છે." અભયકુમારે તે હકીકત પૂછતાં મુનિએ કહ્યું કે સાંભળો—

## ૧૨ યૌનિક મુનિના પૂર્વ જીવનની કથા

**ઉજ્જયિની** નગરીને વિષે **ધનદત્ત** નામનો મહા ધનવંત શ્રેષ્ઠી વસે છે. તેને **સુભદ્રા** નામની સ્ત્રી છે. તેમનો હું **યૌનિક** નામનો પુત્ર છું. જ્યારે મને યુવાવસ્થા પ્રાપ્ત થઈ ત્યારે માતાપિતાએ મને મહોત્સવપૂર્વક **શ્રીમતી** નામની કન્યા સાથે પરણાવ્યો. મારી સ્ત્રી અત્યંત સ્નેહને લીધે હંમેશાં મારા ચરણોદકનું પાન કરતી, તેથી તેણીના સ્નેહથી વશ થઈ ગયેલો હું પણ કોઇ દિવસ તેનું વચન ઉલ્લંઘન કરતો નહીં. એવી રીતે અમે સ્ત્રી પુરૂષ પરસ્પર મહાસ્નેહને લીધે વિષયસુખ ભોગવતાં છતાં સુખથી દિવસો નિર્ગમન કરતા હતા.

એકદા ગર્ભવતી એવી મારી સ્ત્રીએ મને કહ્યું:-"હે નાથ! તમે વિદ્યમાન છતાં મને બીજી કશી ઇચ્છા નથી, પરંતુ મૃદુપુચ્છ* નામના જીવનું માંસ ખાવાની સ્પૃહા થઈ છે; માટે તે લાવીને મારો દોહદ પૂર્ણ કરો, નહિં તો નિશ્ચય થોડા કાળમાં મારૂ મૃત્યુ થશે." તેણીનાં આવાં વચન સાંભળી મેં પૂછ્યું:-"હે પ્રિયે! એ જીવો ક્યાં રહેતા હશે?" ત્યારે સ્ત્રીએ ઉત્તર આપ્યો:-"હે પ્રાણનાથ! એ જીવો **રાજગૃહી** નગરીમાં શ્રેણિકરાજાને ઘેર છે. આપ જો મને જીવતી રાખવાને ઇચ્છતા હો તો ત્યાં જઈ થોડા દિવસમાં લાવી આપો. કારણ હું તમારા વિયોગે ઘણા દિવસ જીવી શકું તેમ નથી."

---

* મૃદુ-કોમળ પુચ્છવાળા મૃગ-હરણ.

પ્રિયાનાં આવાં વચન સાંભળી મહાહર્ષવંત થયેલો હું હાથમાં ખડગ લઈને ઘરેથી ચાલ્યો અને અનુક્રમે રાજગૃહી નગરીના ઉદ્યાનમાં જઈ પહોંચ્યો. તે વખતે ત્યાં કામી પુરૂષો અને ગણિકાઓ ક્રીડા કરવા આવી હતી, તેથી હું ત્યાં જોવા ઊભો રહ્યો. એવામાં ક્રીડા કરતાં **મગધસેના** નામની સર્વોત્તમ વેશ્યા પાસેના સરોવરમાં પડી ગઇ. તે જોઈને મેં તત્કાળ તે સરોવરમાં પડી તેણીને બહાર કાઢી, તેથી તે વેશ્યા પ્રસન્ન થઇ મારી આગળ આવીને કહેવા લાગી –"હે સ્વામિન્! મહાપરાક્રમવંત, ગુણવંત અને પરોપકારી એવા તમે જ મને ઉગારી છે, માટે આપ મારા ઉપગારી અને જીવિતદાન આપનારા છો; તેથી આજે આ ઉદ્યાનમાં મારી સાથે ક્રીડા કરો." તેથી હું તે દિવસ ત્યાં જ રહ્યો.

પછી મગધસેનાએ મને ઉજ્જયિની નગરીમાં આવવાનું કારણ પૂછવાથી મેં તેણીને મારી સ્ત્રીની સર્વ વાત કહી બતાવી; એટલે તેણીએ મને હસીને કહ્યું કે–" તમે સરળ સ્વભાવવાળા દેખાઓ છો, પણ તમારી સ્ત્રી દુરાચારિણી છે. સ્ત્રીઓનાં ચરિત્ર પુરૂષોથી જાણી શકાય નહી, કેમ કે તમારી સ્ત્રી દુરાચારિણી હોવાથી જ તમને ઘર બહાર કાઢી મૂકયા છે." આ પ્રમાણે તેણીએ મને ઘણો સમજાવ્યો, પરંતુ મારૂં ચિત્ત ચળ્યું નહીં. ઊલટું હું તો તેણીને બોલતી બંધ કરી કહેવા લાગ્યો કે:–' મારી સ્ત્રી સમાન કોઈ પતિવ્રતા નથી." પછી સાયંકાળે હું

તેણીની સાથે રથમાં બેસી નગર તરફ જતો હતો એવામાં શ્રેણિકરાજાને એક મદોમન્ત્ત હાથી આલાનસ્થંભ ઉખેડી નાંખી નગરીમાં મહાતોફાન કરતો કરતો અમારી નજીક આવી પહોંચ્યો, પણ હું હાથીની શિક્ષણકળાનો જાણ હોવાથી મેં તેને વશીકરણ વિદ્યાવડે સ્વાધીન કર્યો. તે જોઇ નગરવાસી જનો મારાં વખાણ કરવા લાગ્યા. પછી હું મગધસેનાને ઘેર ગયો. ત્યાં તેણીએ મારો સ્નાન, ભોજન વિગેરેથી સત્કાર કરીને કહ્યું:-"હે ભદ્ર! આજે હું શ્રેણિક રાજાના દરબારમાં નૃત્ય કરવા જવાની છું માટે તમારે પણ ત્યાં આવવું, કારણ કે ઘણા માણસો જોવા આવશે." તેણીનું આવું કથન સાંભળી મેં કહ્યું:-"આજે તો મને બહુ નિદ્રા આવે છે, માટે મારાથી અવાશે નહીં"

પછી મગધસેના રાજમંદિરમાં ગઈ અને હું એકલો રહ્યો તેથી મને સ્ત્રીએ મંગાવેલા મૃદુપુચ્છની ચિંતા થવા લાગી. એટલે હું પણ તે વેશ્યાની પાછળ પાછળ મૃદુપુચ્છનું માંસ લેવા સારૂ ગુપ્ત રીતે રાજમંદિરમાં ગયો. ત્યાં સૌ લોકો મગધસેનાના નૃત્યમાં આસકત બન્યા જાણી મેં મૃદુપુચ્છનું માંસ ગ્રહણ કર્યું. પછી જેવો હું ગુપ્ત રીતે દરવાજામાંથી બહાર નીકળવા ગયો એવામાં રક્ષક લોકોએ મને પકડયો અને તેઓએ મારી ચેષ્ટા રાજાને નિવેદન કરી, પરંતુ રાજાએ નૃત્ય જોવામાં ભંગ પડવાના ભયથી તેઓને કંઇ ઉત્તર આપ્યો નહીં. હું એક બાજુએ ઊભો રહી નૃત્ય જોતો હતો, એવામાં

તેણીના નૃત્યથી પ્રસન્ન થયેલા શ્રેણિકરાજાએ મગધસેનાને ત્રણ વરદાન માગવાનું કહ્યું.

મગધસેના મારા સામી નજર કરીને બોલી:-" અરે! મૃદુપુચ્છના માંસનો અભિલાષી! મને જીવિતદાન આપનાર મારો પ્રાણનાથ ક્યાં બિરાજે છે?" તેણીનાં આવાં વચન સાંભળી મેં કહ્યું:-"હે પ્રિયે! હું અહિં જ બેઠો છું." પછી તેણીએ રાજાને વિનંતિ કરી કે:-"હે દેવ! આપે મને આપેલા ત્રણ વરદાનમાંથી એક વડે આ મૃદુપુચ્છના માંસને ગ્રહણ કરનારા અપરાધીને છોડી મૂકો અને બીજાથી એમ માગું છું કે, તે જ પુરૂષ મારો પ્રાણપતિ થાય." રાજાએ તે વાત માન્ય કરી, તેથી હું મગધસેનાને ઘેર ગયો. પછી તેની સાથે ક્રીડા કરતો સુખેથી દિવસો નિર્ગમન કરવા લાગ્યો.

એકદા મેં મગધસેનાને કહ્યું:-" હે પ્રિયે! જો તું મને રજા આપે તો હું મારે ઘેર જાઉં. કારણ મને અહિં આવ્યે ઘણા દિવસ થઇ ગયા છે, માટે કુળવતી મારી વાટ જોતી હશે." ત્યારે મગધસેનાએ કહ્યું:-" સ્ત્રી કોઇની હોય નહીં, તે મુખેથી મીઠાં વચન બોલે પણ હૃદયમાં મહાકપટ હોય. એ છા જળથી ભયભીત થાય, પણ મહાસમુદ્ર સહેજે તરે; મૃગ દેખીને બીહે, પણ મણિધર (ભયંકર સર્પ) ને હાથમાં નૃત્ય કરાવે; વળી તે મૂર્ખ કહેવાય છતાં અનેક યુક્તિઓ શોધે. શાસ્ત્રમાં સ્ત્રીઓના ચરિત્ર નવલક્ષ કહ્યાં છે, આમ છે છતાં જો તમારો જવાનો

નિશ્ચય જ હોય તો મને સાથે તેડી જાઓ, કારણ કે મારે તમને તેણીનું દુરાચરણ દેખાડવું છે.”

પછી મેં તેણીને સાથે લઈ જવાની હા કહી, તેથી તે મગધસેનાએ શ્રેણિકરાજા પાસે જઈ ત્રીજા વરદાનથી મારી સાથે આવવાની રજા લીધી. પછી અમે બન્ને જણાએ ઘણું દ્રવ્ય લઈને શુભ દિવસે ઉજ્જયિની તરફ પ્રયાણ કર્યું.

અનુક્રમે ઉજ્જયિની નગરીના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. ત્યાં મગધસેનાને બેસારી રાત્રિને સમયે હું ખડગ ધારણ કરીને મારે ઘેર ગયો. તે વખતે મારી પ્રિયાને અન્ય પુરૂષની સાથે સૂતેલી જોઇ મહા ક્રોધવંત થયેલા એવા મેં ખડગના પ્રહારથી તે પુરુષને મારી નાખ્યો અને હું ગુપ્ત રીતે સંતાઇ રહ્યો. થોડીવાર પછી મ્હારી સ્ત્રી જાગી અને જોયું તો પોતાના યારને મૃત્યુ પામેલો દીઠો, તેથી મહાશોકાતુર થયેલી તે સ્ત્રીએ એક ખાડો ખોદી તેમાં તેને દાટયો અને તેની ઉપર એક વેદિકા બનાવી, તેને લીંપી પોતે તત્કાળ સૂઈ ગઈ.

પછી હું ઉદ્યાનને વિષે મગધસેના પાસે ગયો અને તેણીને મેં સર્વ વૃત્તાંત નિવેદન કર્યું, એટલે તેણીએ કહ્યું કે:–“ પ્રાણનાથ ! આ તમારી સ્ત્રી દુષ્ટ છે. તેણીનું ખરૂં સ્વરૂપ દેખાડવા માટે જ હું તમારી સાથે અહિ આવી છું.” તેણીનાં આવાં વચન સાંભળી મેં કહ્યું:–“ તું જે કહેતી હતી તે યથાર્થ સત્ય ઠર્યું છે, એમાં હવે સંશય રહ્યો નથી.”

પછી હું મગધસેના ગણિકા સહિત ફરીથી રાજગૃહનગર પ્રત્યે ગયો. ત્યાં તેણીની સાથે કેટલોક કાળ સંસાર સુખ ભોગવી ફરીથી પાછો ઉજ્જયિનીમાં આવ્યો. ત્યાં પ્રથમ માતાપિતાને વંદન કરીને પછી સ્ત્રીવાળે ઘેર ગયો, એટલે તો તે કુળવધૂ ઘણા સ્નેહથી મારી સામે આવી આદરસત્કાર કરવા લાગી. પછી મને વિલંબ થવાનું કારણ પૂછયું. એટલે મેં ઉત્તર આપ્યો કે—"હે પ્રિયે! હું ત્હારા કહેવા ઉપરથી મૃદુપુચ્છનું માંસ લેવા ગયો હતો, પરંતુ તે કાર્યસિદ્ધિ નહિ થતાં ઘણા દિવસ નિર્ગમન થઇ ગયા છે. વળી હું તારા અપૂર્વ સ્નેહના લીધે જ અહીં પાછો આવ્યો છું." મારાં આવાં વચન સાંભળી હર્ષવંત થયેલી તેણીએ કહ્યું:-"પ્રાણનાથ! આપ ક્ષેમકુશળ ઘેર આવ્યા, એ જ હું અપૂર્વ લાભ માનું છું."

આવી રીતે હું દિવસ નિર્ગમન કરતો હતો, એવામાં મારી સ્ત્રી મારો પૂર્ણ પ્રેમ ન જાણીને નિત્ય પ્રથમ બનાવેલા ઉત્તમ ભોજનથી પેલી વેદિકાનું પૂજન કરી બાકી રહેલું ભોજન મને પીરસતી. તે ઉપરથી મેં જાણ્યું કે- આ મારી દુષ્ટ સ્ત્રી હજુ સુધી પણ પોતાના યારનો સ્નેહ છોડતી નથી.

એકદા મેં મ્હારી સ્ત્રીને કહ્યું:—"હે પ્રિયે! આજે ઘેબર બનાવીને મ્હારી પરોણાગત કર, પરંતુ જ્યાંસુધી મેં ભોજન કર્યું ન હોય ત્યાં સુધી તેમાંથી તારે કોઇને પણ આપવું નહિ." મારાં આવાં વચન સાંભળી તેણીએ

કહ્યું:-'પ્રાણનાથ! એમ કેમ કહો છો? મારે તમારાથી બીજું કોઇ વધારે વહાલું છે કે જેને હું પ્રથમ આપતી હઇશ?" પછી હું ભોજન કરવા બેઠો, એટલે પ્રથમનો ઉનો ઘેબર દાઝી ગયો છે એમ કહીને તેણીએ પોતાની પાસે સંતાડી રાખેલા ઘડામાં નાંખ્યો. તે જોઈને મેં કહ્યું-"હે પાપિષ્ટે! હજુ સુધી પણ તું તારા જારનો સ્નેહ છોડતી નથી?" એમ કહીને હું ત્યાંથી ભાગ્યો. મારાં આવાં વચનથી ક્રોધાયમાન થયેલી તે દુષ્ટ સ્ત્રી ઘૃતની ભરેલી કઢાઈ ઉપાડી મારી પાછળ દોડી અને મારા વાંસા ઉપર સર્વ ઉષ્ણ ઘૃત રેડી દીધું, આમ થવાથી મારૂં શરીર દગ્ધ થયું, તેથી હું મારા માતાપિતાને ઘેર ગયો. કેટલેક કાળે મને આરામ થયો એટલે મેં સુસ્થિતાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી.

યૌનિકમુનિ કહે છે કે:—"હે અભયકુમાર! આ પ્રમાણે પૂર્વે અનુભવેલું યાદ આવવાથી નૈષિધિકીને બદલે **भयात्भयं** (ભયથકી પણ ભય) એમ બોલાઇ ગયું."

હવે સૂર્યનો ઉદય થવાથી અભયકુમાર પૌષધ પારી ગુરૂને વંદન કરવા સારૂ બહાર ગયો, ત્યાં ગુરૂનાં કંઠમાં હાર જોઈ વિચાર કરવા લાગ્યો કે સાધુઓ જે ભયાદિ વચનો કહેતા હતા તેનું ખરૂં કારણ આ ગુરૂમહારાજના કંઠનો હાર છે. ધન્ય છે આવાં વાંછારહિત મુનિઓને! આ પ્રમાણે ભાવના ભાવતા એવા અભયકુમારે ગુરૂના કંઠમાંથી હાર ગ્રહણ કરીને શ્રેણિકરાજાને આપ્યો, તેથી

તે શ્રેણિકમહારાજા અત્યંત આનંદ પામ્યા.

હવે મુનિપતિ સાધુ કહે છે કેઃ–" હે કુંચિક શ્રાવક! સાધુપુરૂષો તો આ પ્રકારે લોભરહિત હોય છે, તો તે પારકું દ્રવ્ય શા માટે ગ્રહણ કરે?"

ત્યારે કુંચિક શેઠે કહ્યુંઃ–" એવા લોભ રહિત સાધુ તો બીજા હોય છે, પણ તમે તેના સરખા દેખાતા નથી. તમે તો સિંહ સરખા કૃતઘ્ન દેખાઓ છો." એટલે મુનિપતિએ પૂછયુંઃ—"હે કુંચિક! તે સિંહ કોણ હતો?"

## ૧૩. કૃતઘ્ન સિંહની કથા

કુંચિક શેઠે કહ્યુંઃ–"હે મુનિ! **વાણારસી** નગરીમાં **જિતશત્રુ** નૃપતિ રાજ્ય કરતો હતો. તેની પાસે એક ઉત્તમ વૈદ્ય રહેતો હતો. તેને બે પુત્રો હતા, પરંતુ તેઓ વિદ્યાહીન અને મૂર્ખ હતા. અન્યદા વૈદ્ય મૃત્યુ પામવાથી રાજાએ તેનું પદ બીજા વૈદ્યને સોંપ્યું. તે ઉપરથી અપમાન પામેલા તે બન્ને પુત્રો એક દિવસ રૂદન કરતી એવી પોતાની માતાને પૂછવા લાગ્યા "માતા! તમે શા માટે રૂદન કરો છો?" ત્યારે માતાએ ઉત્તર આપ્યોઃ–'હે મૂર્ખાઓ! તમારા પિતા વૈદ્યવિદ્યામાં કુશળ હોવાથી રાજાના માનીતા હતા, પરંતુ તે મૃત્યુ પામવાને લીધે રાજાએ તેમનું પદ બીજા વૈદ્યને આપ્યું છે, કારણ કે તમે મૂર્ખ રહ્યા છો, એટલા માટે જ હું રૂદન કરૂં છું.' માતાનાં આવા વચન સાંભળી પુત્રોએ કહ્યુંઃ–'હે

માતા ! તમે રૂદન ન કરો. અમે બન્ને ભાઈઓ પરદેશ જઇ વૈદ્યવિદ્યાનો અભ્યાસ કરી અમારા પિતાની આજીવિકા ફરીથી પ્રાપ્ત કરીશું.

પછી તે બન્ને ભાઇઓ ચંપાનગરીને વિષે પોતાના પિતાનો મિત્ર મહાવૈદ્ય રહેતો હતો ત્યાં ગયા અને વૈદ્ય-વિદ્યાનો અભ્યાસ કરી પાછા પોતાની નગરી તરફ આવતા હતા, એવામાં રસ્તે એક આંધળો સિંહ તેઓની નજરે પડયો. તેને જોઈને નાના ભાઈએ મોટાભાઈને કહ્યું:–"હે બંધુ ! ગુરૂએ આપણને ઉપદેશ કર્યો છે કે, દીન કે અનાથ જીવ ઉપર ઉપકાર કરવો; માટે આ નેત્રહિન સિંહ પર ઉપકાર કરી દેખતો કરીએ." ત્યારે મોટા ભાઇએ કહ્યું –'ઉપકાર પાત્ર ઉપર કરવો. પરંતુ કુપાત્ર ઉપર કરવો નહીં." આમ મોટા ભાઇએ ઘણું કહ્યું પણ નાનાએ માન્યું નહીં ને તે તો સિંહના નેત્રમાં સિદ્ધાંજન આંજવા ચાલ્યો; તેથી મોટો ભાઈ એક મ્હોટા વૃક્ષ ઉપર ચડી ગયો. પછી સિદ્ધાંજન આંજવાથી દેખતા સિંહે (ઘણા દિવસનો ભૂખ્યો હોવાથી) પોતાની પાસે ઉભેલા પેલા નાના ભાઈને મારી નાખ્યો અને ભક્ષણ કરી ગયો માટે હે મુને ! જેમ સિંહ પોતાના પર ઉપકાર કરનારનો અપકારી થયો, તેમ તમે પણ મારૂં દ્રવ્ય હરણ કરી મારો અપકાર કરનાર થયા છો."

## ૧૪ મેતાર્ય મુનિની કથા

મુનિપતિએ કહ્યું:–': હે શ્રાવક ! આમ બોલવું તને

યોગ્ય નથી, કારણ સાધુપુરૂષો તો મેતાર્યમુનિની જેમ વાંછા રહિત હોય છે” ત્યારે કુંચિકે પૂછ્યું:– “એ મેતાર્યમુનિ કોણ હતા ?

ત્યારે મુનિપતિએ કહ્યું:– “સાંભળ. **સાકેતપુર** નગરમાં **ચંદ્રાવતંસક** રાજા રાજ્ય કરતો હતો. તેને **સુદર્શના** અને **પ્રિયદર્શના** નામે બે સ્ત્રીઓ હતી. તેમાં સુદર્શનાને **સાગરચંદ્ર** અને **મુનિચંદ્ર** નામના બે પુત્રો હતા, તથા પ્રિયદર્શનાને પણ **ગુણચંદ્ર** અને **બાલચંદ્ર** નામના બે પુત્રો હતા. કાળાંતરે ચંદ્રવતંસક રાજા મૃત્યુ પામ્યો એટલે **સાગરચંદ્ર** રાજ્યાસન ઉપર બેઠો અને તેનો નાનો ભાઈ મુનિચંદ્ર ઉજ્જયિનીનો રાજા થયો.

એકદા સાગરચંદ્ર ભૂપતિએ પોતાની ધાત્રીને કહ્યું:–‘ હું આજે મારા સર્વ બંધુઓ સહિત વનમાં અશ્વક્રીડા કરવા જઉં છું માટે તું અમારા સારૂ સિંહકેશરી મોદક બનાવીને વનમાં લાવજે.’ આ પ્રમાણે ધાત્રીને કહી સાગરચંદ્ર ભૂપતિ પોતાના બંધુઓ સહિત અશ્વક્રીડા કરવા સારુ વનમાં ગયા. પછી ધાત્રી સુંદર મોદક બનાવી વનમાં જવા સારૂ નીકળી. એવામાં તેણીને જતી દેખીને પ્રિયદર્શનાએ પૂછ્યું:–“ ધાત્રી ! તું કયાં જાય છે અને આ હાથમાં શું છે ?” ત્યારે તેણીએ સર્વ વાત પ્રિયદર્શનાને કહી, એટલે અપરમાતા પ્રિયદર્શનાને ઇર્ષ્યા ઉત્પન્ન થઈ, તેથી તેણીએ કપટ કરી ધાત્રી પાસેથી જોવા સારૂ મોદકને માગ્યો. ધાત્રીએ તે આપ્યો, એટલે પ્રિયદર્શનાએ પોતાના હાથમાં લઈ

વિષયુક્ત કરીને ધાત્રીને પાછો આપ્યો. આ કપટ ધાત્રીના જાણવામાં આવ્યું નહીં. પછી વનમાં ગયેલી ધાત્રીએ તે મોદક રાજાને આપ્યો. રાજાએ પણ પોતાની અપરમાતાના પુત્રોને નાના જાણી તેમને વહેંચી આપ્યો, તે ખાવાથી બન્ને ભાઈઓને વિષ ચડી ગયું; તેથી સાગરચંદ્ર રાજા આશ્ચર્ય પામ્યો. પછી મણિને પ્રક્ષાલન કરી તેનું પાણી પાઈને બન્ને ભાઈઓને વિષ રહિત કર્યા. ઘરે આવીને રાજાએ ધાત્રીને પૂછયું:–' એ મોદક વિષયુક્ત ક્યાંથી થયો ?' ધાત્રીએ ઉત્તર આપ્યો:–' તમારી અપરમાતા પ્રિય-દર્શનાએ એ મોદકને થોડો વખત પોતાના હાથમાં રાખ્યો હતો, એ વિના બીજું હું કશું જાણુતી નથી.'

ત્યારે રાજાએ વિચાર્યું કે–' મારી અપરમાતાએ રાજ્યના લોભને લીધે જ નિશ્ચય મારા ઉપર વિષપ્રયોગ કરેલો જણાય છે.' તેથી તેણે પ્રિયદર્શનાને ઠપકો આપીને કહ્યું:–' હે પાપિષ્ટે ! પ્રથમ જ્યારે હું તારા પુત્રોને રાજ્ય આપતો હતો ત્યારે તેં શા માટે ના કહી અને હમણાં તારા પુત્રોને રાજ્ય અપાવવા સારૂં લોભથી આવું અયોગ્ય કર્મ કરવા તત્પર થઈ ? હું આજદિન સુધીમાં કાંઈ પણ પુન્ય ઉપાર્જન કરી શક્યો નથી, તેથી જો તારા વિષપ્રયોગથી મૃત્યુ પામ્યો હોત તો મારી શી ગતિ થાત ?' આ પ્રમાણે કહીને રાજ્યથી નિઃસ્પૃહ એવા તેમણે પ્રિય-દર્શનાના પુત્ર ગુણચંદ્રને રાજ્ય સોંપી, જિનમંદિરને વિષે મહોત્સવપૂર્વક સ્નાત્રપૂજાદિ કરાવી, યાચકને દાન આપી,

ગુરૂ પાસે દીક્ષા ગ્રહણ કરી. અનુક્રમે તે ગીતાર્થ થયા.

એકદા ઉજ્જયિની નગરીથી બીજા કેટલાક સાધુઓ ત્યાં આવ્યા. તેમને આચાર્યમહારાજે ત્યાંના કુશળ સમાચાર પૂછયા ત્યારે સાધુઓએ કહ્યું:–'અમને સર્વ પ્રકારે કુશળ વર્તે છે, પરંતુ ત્યાં રાજાનો પુત્ર અને પુરોહિતનો પુત્ર સાધુઓને ઉપસર્ગ કરે છે.' તેઓનાં આવા વચન સાંભળી સાગરચંદ્રમુનિ આચાર્યને કહેવા લાગ્યા:–'જો આપની આજ્ઞા હોય તો હું ત્યાં જઇ તેમને પ્રતિબોધ પમાડું.' પછી ગુરુની આજ્ઞા લઈ સાગરચંદ્રમુનિ તે બન્ને પુત્રોને પ્રતિબોધ દેવા સારૂં ઉજ્જયિનીનગરી પ્રત્યે આવ્યા. ત્યાં ગોચરીને અવસરે રાજભવનમાં ગયેલા તેમણે ભોજનગૃહમાં જઇને ઊંચા શબ્દથી ધર્મલાભ કહ્યો. આ શબ્દો સાંભળીને રાજપુત્ર તથા પુરોહિતપુત્ર એ બન્ને જણા તત્કાળ ભોજનગૃહમાં આવ્યા અને મુનિને કહેવા લાગ્યા:– 'હે સાધો ! તમને નૃત્ય આવડે છે ?' ત્યારે સાધુએ કહ્યું:– 'હું નૃત્યકળા જાણું છું; પરંતુ જો તમે વાજીંત્રો વગાડો તો હું પ્રેમથી નૃત્ય કરું' ત્યારે તે બન્ને પુત્રો મુનિને એકાંત આવાસમાં લઇ ગયા. ત્યાં તેઓએ વાજીંત્ર વગાડવા માંડયા, પણ અજ્ઞાનતાને લીધે વારંવાર ભૂલવા લાગ્યા; તેથી મલ્લવિદ્યામાં કુશળ એવા સાધુએ ક્રોધ કરીને તે બન્ને પુત્રોનાં અંગોપાંગને ઉતારી નાખ્યા. પછી તે મુનિ ઉદ્યાનમાં આવી કાયોત્સર્ગે રહ્યા.

હવે ભોજનને અવસરે રાજાએ કુમારને બોલાવવા સારૂ

સેવકોને મોકલ્યા, પરંતુ તેમણે તો ચેષ્ટારહિત એવા કુમારને જોઇને રાજા પાસે આવી સર્વે હકિકત નિવેદન કરી; એટલે રાજાએ ત્યાં આવીને જોયું તો ચેષ્ટારહિત એવા બન્ને કુમારને પૃથ્વી ઉપર પડેલા દીઠા, ત્યારે તેમની હકીકત સાંભળતાં "આ મુનિઓને કરેલા ઉપસર્ગનું જ પરિણામ છે." એમ નિશ્ચય કરીને રાજા તથા પુરોહિત ઉદ્યાનમાં મુનિ પાસે ગયા. ત્યાં જઇને જુએ છે તો પોતાના સહોદરભાઈ (સાગરચંદ્ર) ને મુનિપણે કાયોત્સર્ગમાં ઊભા રહેલા દીઠા; એટલે તેમણે વિનયપૂર્વક વંદના કરી. પછી મુનિએ કાયોત્સર્ગ પારી ઉપાલંભ (ઠપકા) સહિત કહ્યું:–" હે બંધો! તું તારા અને પુરોહિતના પુત્ર પાસે સાધુઓને ઉપસર્ગ કરાવે છે, તો ધિક્કાર છે તારી રાજ્યનીતિને!"

બંધુરૂપ મુનિનાં આવાં ભયંકર વચન સાંભળી મુનિચંદ્રે કહ્યું:–'હે મહામુને! મારો પુત્ર હવે પછી આવો અપરાધ કરશે નહીં, માટે ક્ષમા કરો.' ત્યારે મુનિએ કહ્યું:–'જો તે બન્ને પુત્રો દીક્ષા ગ્રહણ કરે તો જ હું તેઓને સાજા કરીશ, અન્યથા નહીં કરું.' તેથી રાજાએ ઘરે જઇને તે વાત બન્ને પુત્રોને કહી અને કહ્યું કે:–'જો તમે દીક્ષા ગ્રહણ કરશો તો જ તમને સાજા કરશે.' તે વાત બન્ને પુત્રોએ અંગીકાર કરવાથી મુનિએ રાજભવનમાં જઇને તેમને સાજા કર્યા. પછી બન્નેને દીક્ષા આપીને પોતાના શિષ્ય બનાવ્યા.

હવે રાજાનો પુત્ર સુખે મન, વચન કાયાએ કરીને ભાવ યુક્ત પંચમહાવ્રત પાળવા લાગ્યો, અને પુરોહિતનો પુત્ર પોતાના મનમાં એમ ચિંતવન કરતો કે 'સાધુના ધર્મમાં તો ન્હાવું નહીં, ધોવું નહીં, શરીર મલિન રાખવું, કેશ, નખ, પ્રમુખને ઉતારવા નહીં, એવું છે માટે બ્રાહ્મણનો ધર્મ શુદ્ધ છે.' એમ સાધુઓના ધર્મની દુર્ગંચ્છા કરતો ચારિત્ર પાળવા લાગ્યો. કાળાંતરે તે બન્ને જણા મૃત્યુ પામીને સ્વર્ગમાં મિત્રદેવતા થયા.

એકદા મહાવિદેહક્ષેત્રમાં વિચરતા એવા વિહરમાન પ્રભુ પાસે તે બન્ને દેવોએ નાટક કરીને પૂછયું:-'હે ભગવંત! અમારા બન્નેમાં કોણ સુલભબોધી અને કોણ દુર્લભબોધિ છે? વળી પ્રથમ કોણ ચ્યવશે?' ત્યારે ભગવંતે ઉત્તર આપ્યો કે:—"પુરોહિત પુત્રનો જીવ દુર્લભબોધિ છે અને પ્રથમ ચ્યવનાર પણ તે જ છે." પ્રભુનાં આવાં વચન સાંભળી બન્ને દેવતા પોતપોતાને સ્થાનકે ગયા. પછી પુરોહિતના પુત્રનો જીવ જે દેવતા હતો તે, રાજપુત્રના જીવરૂપ જે દેવતા હતો તેને કહેવા લાગ્યો કે:-'હે બંધો! હું તારાથી પ્રથમ ચ્યવીશ, વળી દુર્લભબોધિ પણ હું જ છું માટે મારો જ્યાં જન્મ થયો હોય ત્યાં તારે આવીને મને પ્રતિબોધ કરવો.' પછી પુરોહિતના પુત્રનો જીવ સ્વર્ગથી ચ્યવીને રાજગૃહનગરમાં દુર્ગંચ્છાકર્મના દોષથી ચંડાલને ઘરે ઉત્પન્ન થયો.

હવે તેજ નગરમાં ધન નામે એક શ્રેષ્ઠી વસે છે.

તેની ભદ્રા નામની સ્ત્રીને અને એ ચંડાલની સ્ત્રીને સખીભાવ હતો. જે સમયે ચંડાલની સ્ત્રીને ગર્ભ રહ્યો. તે સમયે જ તેની સખી શ્રેષ્ઠીની સ્ત્રીને પણ ગર્ભ રહ્યો. શ્રેષ્ઠીની સ્ત્રીનાં પૂર્વકર્મના દોષથી સર્વ બાળકો પ્રસવ વખતે જ મૃત્યુ પામતા હતા તેથી તેણીએ એક દિવસ પોતાની સખી ચંડાલણીને કહ્યું-"હે બ્હેન! જો દૈવયોગથી તને અને મને સાથે જ પ્રસવ થાય તો તારો પુત્ર મને આપવો, અને મારો મૃત્યુ પામેલો પુત્ર તારે લઇ જવો.' તે વાત ચંડાલણીએ સખીભાવથી કબૂલ કરી. પછી દૈવયોગથી તે બન્નેને સાથે જ પ્રસવ થયો, એટલે તે સ્ત્રીઓએ પૂર્વના સંકેત પ્રમાણે અદલાબદલી કરી. તે પુત્ર વિશિષ્ટ પુણ્યપ્રભાવથી ઉત્તમ કુળમાં જન્મ પામેલો ગણાયો. તે વખતે દાસીએ શ્રેષ્ઠીને પુત્રજન્મની વધામણી આપી શ્રેષ્ઠીએ ઘણા આનંદપૂર્વક ઘણા દ્રવ્યનું દાન કરી મોટો ઉત્સવ કર્યો. છઠ્ઠીનું જાગરણ મહોત્સવપૂર્વક કરી બારમે દિવસે સ્વજનોને પોતાને ત્યાં બોલાવી ભોજનાદિકથી સત્કાર કર્યો અને પુત્રનું **મેતાર્ય** નામ પાડ્યું. પછી પિતાએ કામદેવ સમાન રૂપવંત, ચંદ્ર સમાન કળાવંત અને મહાબુદ્ધિવંત એવા તે પુત્રને ઉપાધ્યાય પાસે ભણવા મોકલ્યો. અનુક્રમે ગુરૂની પાસે અભ્યાસ કરતો કરતો તે બ્હોંતેર કળાનો જાણ થયો અને યૌવનાવસ્થા પામ્યો એટલે શ્રેષ્ઠીએ તેનો કુળવંત એવી આઠ કન્યાઓ સાથે વિવાહ કર્યો.

આ વખતે પૂર્વભવના મિત્રદેવે ઉપયોગથી જોયું તો પોતાના મિત્ર મેતાર્યને માટે સંસારપરિભ્રમણના મૂળરૂપ પાણિગ્રહણ કરવાની તૈયારી થઇ રહી હતી, તેથી તેને પ્રતિબોધ કરવાને અર્થે ત્યાં આવીને એકાંતમાં મેતાર્યને કહેવા લાગ્યો કેઃ- હે મેતાર્ય! તારા પૂર્વભવનો હું મિત્ર છું અને તારા કહેવાથી જ હું તને પ્રતિબોધ કરવાને અહિં આવ્યો છું; માટે હવે તું સંસારનો ત્યાગ કરી જિનેશ્વર નિરૂપિત ધર્મને અંગીકાર કરી દીક્ષા ગ્રહણ કર.' ત્યારે મેતાર્યે કહ્યું:—'અત્યારે હું દીક્ષા ગ્રહણ કરવાની ઇચ્છા ધરાવતો નથી.' એવાં મેતાર્યનાં વચન સાંભળી મિત્રદેવ વિચાર કરવા લાગ્યો કે દુઃખ પામ્યા સિવાય એ મારૂં કહેવું માનશે નહીં, એમ ધારી તેણે મેતાર્યનો ખરો પિતા જે ચંડાળ હતો તેના શરીરમાં પ્રવેશ કર્યો; તેથી તે ચંડાળ રૂદન કરવા લાગ્યો. તે જોઇને તેની સ્ત્રીએ કારણ પૂછયું, એટલે તેણે કહ્યું:-' આ નગરમાં ધનશ્રેષ્ઠીના પુત્રનો વિવાહમહોત્સવ થાય છે, તેમ જો મારે થયેલો પુત્ર જીવતો રહ્યો હોત તો હું પણ તેના વિવાહનો મોટો ઉત્સવ કરત.' ત્યારે સ્ત્રીએ કહ્યું:-'જો ખરૂં કહેવરાવો તો એ શ્રેષ્ઠીપુત્ર તમારો જ પુત્ર છે.' ચંડાળે કહ્યું:-' એમ કેમ?' એ ઉપરથી સ્ત્રીએ પૂર્વની સર્વ હકીકત પતિને કહી સંભળાવી, એટલે ચંડાળ તે પુત્રને પોતાને ઘેર તેડી લાવવાને ત્યાં ગયો.

અહિં મેતાર્યના પાણિગ્રહણનો દિવસ હોવાથી ધન-

શ્રેષ્ઠીને ત્યાંથી ચડેલો વરઘોડો મંગળ ઉપચારોથી સુશોભિત એવા બજારમાં આવી પહોંચ્યા, તે વખતે પેલા ચંડાળે ઘોડા ઉપર બેઠેલા મેતાર્યને જોઇ તેની પાસે આવીને કહ્યું:–'અરે! તું મારો પુત્ર છતાં આ શેઠીઆઓની પુત્રીઓની શા માટે પરણે છે? ચાલ આપણે ઘરે. હું તને આપણા કુળને યોગ્ય કન્યા પરણાવીશ.' એમ કહીને દેવપ્રેરિત એવો તે ચંડાળ મેતાર્યને ઘોડા પરથી ઉતારી પોતાને ઘેર લઇ ગયો અને ધનશ્રેષ્ઠી નિરૂપાય થવાથી પાછો પોતાને ઘેર ગયો.

હવે અહિં ચંડાળના ઘરને વિષે દુર્ગંધી વસ્તુઓથી અત્યંત ખેદ પામતા એવા મેતાર્યને એકાંતમાં તેના મિત્ર દેવતાએ ફરીથી પ્રગટ થઇને કહ્યું:–' કેમ શો વિચાર છે? દીક્ષા લેવી છે કે નહીં?' મેતાર્યે કહ્યું:–' તું કોણ છે કે વારંવાર મને દીક્ષા લેવાનું કહે છે?' પછી દેવતાએ તેના પૂર્વભવનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે ઉપરથી મેતાર્યને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું, એટલે તેણે પોતાનો પૂર્વભવ દીઠો, તેથી તે દેવને કહેવા લાગ્યો:–' હે મિત્ર! તેં મને આખા નગરમાં વગોવ્યો છે તો હવે હું આવી અપમાનવાળી સ્થિતિમાં દીક્ષા શી રીતે લઈ શકું? માટે જો તું મારૂં કલંક દૂર કરી મને શ્રેણિકરાજાની પુત્રી સાથે મોટા ઉત્સવ પૂર્વક પાણિગ્રહણ કરાવ તો પછી હું ચારિત્ર અંગીકાર કરૂં.' દેવે તે વાતની હા કહીને પછી તેને એક બોકડો આપ્યો. તે

બોકડો મળદ્વારથી રત્નોને કાઢવા લાગ્યો. તેનો થાળ ભરીને દેવપ્રેરિત એવો મેતાર્યનો પિતા (ચંડાળ) દરરોજ શ્રેણિકરાજાને ભેટ આપવા લાગ્યો.

એકદા શ્રેણિકરાજાએ કહ્યું:–'હે ચંડાળ! તારે શું કાર્ય છે કે જેથી તું પ્રતિદિન આ પ્રમાણે રત્નોના થાળની ભેટો આપી જાય છે?' ત્યારે ચંડાળે કહ્યું:–'હે રાજેન્દ્ર! આપની પુત્રી મારા મેતાર્ય પુત્રને પરણાવો.' ચંડાળનાં આવાં વચન સાંભળી શ્રેણિકરાજા આશ્ચર્ય પામ્યો. પછી અભયકુમારે ચંડાળને પૂછયું:–'તુ આ રત્નો કયાંથી લાવે છે?' ચંડાળે કહ્યુ:–'મારે ત્યાં એક બોકડો છે, તે વિષ્ટાને સ્થાનકે રત્નો કરે છે.' ત્યારે અભયકુમારે કહ્યું:–'જો તું એ બોકડો રાજાને આપ તો રાજા પોતાની પુત્રી તારા પુત્રને પરણાવે.' ચંડાળે તે વાત કબુલ કરીને તે બોકડો રાજાને આપ્યો. ત્યાં તે બોકડો મહાદુર્ગંધી વિષ્ટા કરવા લાગ્યો તેથી ફરીથી તેને ચંડાળને ઘરે બાંધ્યો, ત્યાં તે પાછો રત્નો કરવા લાગ્યો. તે ઉપરથી અભયકુમારે દેવપ્રયોગ જાણીને ચંડાળને કહ્યુ:–'જો તું રાજગૃહ નગરનો કિલ્લો સુવર્ણનો બનાવી આપ, વૈભારગિરિનો રસ્તો સુગમ બાંધી આપ અને ક્ષીરસમુદ્રના જળથી તારા પુત્રને સ્નાન કરાવ તો પછી રાજા પોતાની પુત્રી તારા પુત્રને પરણાવે.'

ચંડાળે તે વાત કબુલ કરી એક રાત્રિમાં દેવની સહાયતાથી તે ત્રણે કાર્ય કરી આપ્યાં, એટલે શ્રેણિક રાજાએ

બીજે દિવસે મહોત્સવપૂર્વક પોતાની પુત્રી ચંડાળના પુત્ર મેતાર્યને પરણાવી; તેથી પ્રથમ સગાઇ કરી રાખેલી કન્યાઓ પણ તે કન્યાઓના પિતાઓએ મેતાર્યને પરણાવી. આ પ્રમાણે નવ કન્યાઓનો પતિ તે મેતાર્ય પોતાની પ્રિયાઓની સાથે અનેક પ્રકારના ભોગ ભોગવવા લાગ્યો.

હવે દેવતાએ ફરીથી પ્રગટ થઈને મેતાર્યને દીક્ષા લેવાનું કહ્યું, એટલે તે મેતાર્ય દેવને કહેવા લાગ્યોઃ-"હે દેવ! મેં હમણાં જ પાણિગ્રહણ કર્યું છે, માટે મને બાર વર્ષ સુધી સંસારનાં સુખ ભોગવવાની છુટ આપ. દેવ તે વાત કબુલ કરીને પાછો પોતાને સ્થાનકે ગયો. હવે દોગુંદુક દેવની પેઠે નવ સ્ત્રીઓની સાથે અનેક પ્રકારનાં વિષયસુખ ભોગવતાં બાર વર્ષ વ્યતીત થયાં, એટલે દેવતાએ ફરીથી આવીને મેતાર્યને દીક્ષા લેવાનું કહ્યું. તે નવ સ્ત્રીઓએ બીજા બાર વર્ષની માગણી કરી. એ પ્રમાણે ચોવીશ વર્ષ સુધી વિષયસુખ ભોગવ્યા પછી દેવતાના કહેવા ઉપરથી ક્ષીણ ભોગકર્મવાળા મેતાર્યે નવ સ્ત્રીસહિત શ્રી મહાવીરસ્વામી પાસે ચારિત્ર અંગીકાર કર્યું. પછી વિશુદ્ધ ભાવથી ચારિત્ર પાળતાં અનુક્રમે ગીતાર્થ થયેલા તે મેતાર્ય મુનિએ ગુરૂની આજ્ઞાથી એકલવિહાર પ્રતિમાને અંગીકાર કરી અને ગામો-ગામ વિહાર કરવા લાગ્યા.

એકદા વિહાર કરતાં કરતાં તે મુનિ **રાજગૃહનગર** આવ્યા. ત્યાં ગોચરીને અર્થે ભમતા એવા તે મુનિ એક સોનીને ઘેર ગયા. તે વખતે સોની શ્રેણિકરાજાના સુવર્ણના

જવ પૂજન માટે બનાવતો હતો, તે પડતા મૂકીને મુનિને વહોરાવવા માટે ઊઠયો; એટલામાં એક ક્રૌંચપક્ષી આવીને પેલા સુવર્ણના જવ ચરી ગયું. પછી ભિક્ષાની વસ્તુ લઇને બહાર આવેલા સોનીએ જવ દીઠા નહીં, તેથી તેણે મુનિને પૂછયું:–'જવ કયાં ગયા ? તમે લીધા છે કે બીજું કોઈ લઇ ગયું ?' મુનિએ વિચાર્યું કે 'જો હું ક્રૌંચ ચરી ગયાનું કહીશ તો એ ક્રૌંચપક્ષીને મારી નાંખશે' તેથી તેમણે ઉત્તર આપ્યો નહીં, અટલે સોનીને મુનિ ઉપર ચોરની શંકા આવી; તેથી તેણે લીલી વાધરીવતી મુનિના મસ્તકને વીંટી તડકે ઊભા રાખ્યા અને બીજી અનેક પ્રકારની તાડના કરી; પણ મુનિ તો સમભાવમાં લીન થઈ ગયા.હવે વધર સુકાવાથી મુનિની રગો ખેંચાણી તેથી તેમનાં બન્ને નેત્રો નીકળી પડયાં, પરંતુ તેમનાં જ્ઞાનચક્ષુ નિર્મળ થવાથી અનુક્રમે કેવળજ્ઞાન પામી આયુષ્યનો અંત થવાથી અંતકૃત કેવળી થઈને મોક્ષે ગયા.

મેતાર્ય મુનિએ આ પ્રમાણે મરણાંત કષ્ટ સહન કર્યું પણ ક્રૌંચપક્ષીનું નામ દીધું નહીં. અહો ! મુનિરાજનો સમતાભાવ, ક્ષમા, પરિસહનું સહેવાપણું અને જીવદયામાં એકાંત તત્પરતા ! તે સાથે શરીર પરથી નિસ્પૃહપણું, એકત્વભાવમાં લીનતા અને વિશુદ્ધભાવની વૃદ્ધિ ! આ પ્રકારે જ કર્મક્ષય થાય છે અને મોક્ષપ્રાપ્તિનો ખરો ઉપાય પણ એ જ છે.

હવે સુવર્ણના જવ ચરી જવાથી શરીરે ભારે થયેલ

ક્રૌંચપક્ષી બધારે ઊડી ન શકવાથી પાસેના મકાન ઉપર બેઠું. એવામાં કોઈ કઠિયારે આવીને લાકડાનો ભારો ભૂમિ ઉપર પડતો મૂક્યો, તેના ધબકારાથી ભય પામેલા ક્રૌંચ પક્ષીએ ચરી લીધેલા જવ ચરકમાં કાઢયા; તે જોઈને સોની બહુ ખેદ કરવા લાગ્યો. વળી તે વિચાર કરવા લાગ્યો કે:–'મેં વિના કારણે રાજાના જમાઇનો વધ કર્યો છે, તેથી રાજા મારા સર્વ કુટુંબનો વિનાશ કરશે; કારણ કે તે જૈનધર્મી છે. હવે આમાંથી છૂટવાનો ઉપાય તો માત્ર એ જ છે કે મારે સર્વ કુટુંબ સાથે ચારિત્ર લેવું.' એમ ધારીને તત્કાળ કેશનો લોચ કરીને સૌએ મુનિનો વેશ ધારણ કર્યો. એટલામાં શ્રેણિકરાજાએ લોકોના મુખથી એ વાત સાંભળી, તેથી અત્યંત ક્રોધાયમાન થયેલા તેમણે સોનીને સહકુટુંબ પકડી લાવવાને સુભટો મોકલ્યા. એટલે સુભટો સહિત રાજસભામાં મુનિના વેશધારી સુવર્ણકારના કુટુંબે આવીને રાજાને ધર્મલાભ દીધો, તે જોઈને શમી ગયેલ કોપવાળા શ્રેણિક રાજાએ કહ્યું:– 'તમોએ મૃત્યુના ભયથી અત્યારે સાધુપણું અંગીકાર કર્યું છે, તો હવે તેને સારી રીતે પાળજો; પણ જો દીક્ષાને ત્યજી દેશો તો હું તમારો સહકુટુંબ નાશ કરીશ.' આ પ્રમાણે સૂચના કરીને શ્રેણિકરાજાએ તેમને વિદાય કર્યા. પછી શ્રેણિકરાજાએ મેતાર્યમુનિના દેહની પાસે આવી તેમના ગુણોનું સ્મરણ કરી ભક્તિપૂર્વક નમન કરીને તેમના દેહની અંતક્રિયા કરી.

મુનિપતિ સાધુ કુંચિક શ્રેષ્ઠીને કહે છે કે:–'હે કુંચિક! મુનિઓ તો આવા નિર્લોભી હોય છે, તેઓ પ્રાણાંતે પણ કોઈનું કાંઈ પણ લેતા નથી, તેમ બીજાનું નામ પણ કહેતા નથી; માટે તું મારી ઉપર ખોટી શંકા ન લાવ.' ત્યારે કુંચિકે કહ્યું:–"હે સાધો! તમે મેતાર્ય મુનિ સમાન નથી, પરંતુ સુકુમાલિકાની જેવા દેખાઓ છો.' ત્યારે મુનિપતિએ પૂછયું:–'એ સુકુમાલિકા કોણ હતી?' ત્યારે કુંચિકે કહ્યું:—

## ૧૯ સુકુમાલિકાની કથા

**વસંતપુર** નામના નગરમાં **જિતશત્રુ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **સુકુમાલિકા** નામે અત્યંત મનોહર રૂપવાળી રાણી હતી. સુખેથી પ્રજાનું પાલન કરતા એવા તે રાજાએ તેના રૂપમાં મોહ પામી રાજકાર્ય ત્યજી દીધું અને રાત્રિદિવસ અંતઃપુરમાં તેની પાસે જ બેસી રહેવા લાગ્યો. પ્રધાને રાજકાર્ય વિનાશ પામતુ જોઈને રાજાને ઘણો સમજાવ્યો પણ તે વૃથા થયું; તેથી તેણે રાજપુત્રને રાજ્યાસને બેસાર્યો. વળી સર્વ પરિજનોએ એકમત થઈને મદિરાથી મદોન્મત્ત થયેલા તે રાજારાણીને કોઈ એક મહા અરણ્યમાં કાઢી મૂકયાં. "અહો! કેવું સ્વજનોનું સ્વાર્થપણું અને સ્ત્રીને સ્વાધીન થનારની સ્થિતિ.

પછી મદિરાનો કેફ ઉતરી જવાથી સાવધ થયેલો રાજા વિચાર કરવા લાગ્યો કે–'હું સ્ત્રીલંપટ થયો તેથી જ પ્રધાન વિગેરે સર્વે માણસોએ મને કાઢી મૂકયો છે' એમ

ધારીને તે દંપતી ઉત્તરદિશા તરફ ચાલ્યા. આગળ જતાં રાણીને તૃષા લાગી, તેથી તેણીએ રાજા આગળ પાણી માગ્યું. રાજાએ પાણીની ઘણી શોધ કરી, પરંતુ કોઈ ઠેકાણેથી પાણી મળ્યું નહીં; તેથી તેણે પોતાના શરીરમાંથી રૂધીર કાઢીને રાણીને પાયું. વળી આગળ ચાલતાં રાણીને સુધા લાગી, એટલે રાજાએ પોતાની જાંગમાંથી માંસ કાઢીને તેણીને ખાવા માટે આપ્યું અને પ્રિયાને તૃપ્ત કરી. "ધિક્કાર છે કામીપુરૂષોના પરવશપણાને ! અને સ્ત્રીજાતિની હલકાઈને !

આગળ ચાલતાં તે બન્ને જણાં અનુક્રમે વાણારસી નગરીએ આવી પહોંચ્યાં. ત્યાં રાજાએ પોતાના અંગનું આભૂષણ વેચીને એક ઘર ભાડે રાખ્યું. વળી તેણે વેપાર કરવાને માટે એક દુકાન લીધી અને ત્યાં સુખેથી વેપાર કરવા માંડ્યો. આ પ્રમાણે તે સ્ત્રી પુરૂષ બન્ને જણા સુખેથી ત્યાં રહેવા લાગ્યાં.

એકદા મધ્યાહ્નને રાજા ઘરે ભોજન કરવા આવ્યો ત્યારે રાણી કહેવા લાગી:–'હે સ્વામિન્ ! મને ઘરમાં એકલી રહેતાં દિવસ વર્ષ સમાન થાય છે, માટે કોઇ ચાકરને લાવી આપો.' રાણીનાં આવાં વચન સાંભળીને રાજા દુકાને ગયો. ત્યાં કોઇ એક પાંગળો માણસ પોતાના મધુર શબ્દથી ગાયન કરતો હતો તેને જોઇને રાજાએ કહ્યું:–'અરે ખંજ ! તું મારે ઘરે રહીશ ? હું તને ભોજન આપીશ.' પાંગળે હા કહેવાથી રાજા તેને પોતાને ઘેર તેડી ગયો. પછી તે

ભોજન કરતો અને મધુર સ્વરથી ગાયન કરતો સુખેથી રહેવા લાગ્યો.

એક દિવસ તેના મધુર ગાયનથી અનુરકત થયેલી રાણી વિચાર કરવા લાગી કે:–"જો રાજા મૃત્યુ પામે તો હું આ પાંગળાને મારો ખરો પતિ બનાવું." એવામાં વસંતઋતુ આવવાથી તે નગરીનો રાજા અનેક નાગરિક જનો સાથે ક્રીડા કરવા સારૂ વનમાં ગયો. તે વખતે જિતશત્રુ અને સુકુમાલિકા એ બન્ને જણ પણ ક્રીડા કરવા સારું વનમાં ગયાં. ત્યાં સુકુમાલિકાએ પતિને કહ્યું:–"હે સ્વામિન્! આપણે વહાણમાં બેસી ગંગા નદીમાં ફરવા જઇએ." રાજાએ તેમ કરવાથી વહાણ નદીના મધ્યમાં આવતાં રાણીએ રાજાને ધક્કો મારીને ઊંડા પાણીમાં નાખી દીધો. પછી તેણે ઘરે આવી પેલા પાંગળાને પતિ-પણે સ્વીકાર્યો.

ધિક્કાર છે સ્ત્રીની ક્રુરતાને! જેણે પાણીને બદલે પોતાનું રૂધિર પાયું અને ભોજનને બદલે પોતાનું માંસ ખાવા આપ્યું, વળી જેણીને વિષે અનુરાગને લીધે પોતાનું રાજ ગુમાવ્યું છતાં જેણીએ તેની સાથે ક્રુરતા વાપરવામાં જરા પણ બાકી રાખી નહીં અહા! સ્ત્રીઓ ઉપર મોહ પાળનારા પુરૂષોની કેવી મૂર્ખતા!

હવે જિતશત્રુ રાજા ભાગ્યના યોગથી જીવતો છતો ગંગા નદીને કાંઠે નીકળ્યો. ત્યાંથી તે અનુક્રમે ચાલતાં ચાલતાં **સુપ્રતિષ્ઠપુર નગર** પ્રત્યે આવી પહોંચ્યો. તે

વખતે ત્યાંનો રાજા પુત્ર રહિત મૃત્યુ પામવાથી જિતશત્રુ રાજાને રાજ્ય મળ્યું. અહો ! કેવી ભાગ્યની પ્રબળતા ! પછી જિતશત્રુ રાજા ત્યાં અનેક પ્રકારના વૈભવ ભોગવતો છતો સુખે રાજ્ય કરવા લાગ્યો.

અહિં પાંગળાની સાથે વિષયસુખ ભોગવતી એવી સુકુમાલિકાનું સર્વ દ્રવ્ય નાશ પામ્યું; તેથી તે તેને પોતાને ખભે બેસારીને ફરતી, તથા ગામોગામ ભિક્ષા માગીને ઉદરપૂર્ણા કરતી સુપ્રતિષ્ઠપુર નગરે આવી પહોંચી. (જ્યાં જિતશત્રુરાજાને રાજ્ય મળ્યું છે.) ત્યાં તે પાંગળાની સાથે શેરીએ શેરીએ ગાયન કરવા લાગી. લોકો પણ તેના મધુર સ્વરથી એકઠાં થવા લાગ્યા અને તેણીને ખાવાનું આપવા લાગ્યા. સુકુમાલિકા તેમની આગળ પોતાના શિયળગુણના વર્ણન રૂપે ગાયન કરતી અને કહેતી કે-'હું આવી રૂપવંત છું, છતાં મારા માતાપિતાએ મને આ પાંગળા પતિ સાથે પરણાવી છે; તો હું તેની પ્રતિપાલના કરૂં છું કારણ સતી સ્ત્રીઓનો એવો જ ધર્મ છે કે તેણીએ માતા-પિતાએ પરણાવેલો પતિ ગમે તેવો હોય તોપણ તેને પરમેશ્વર સમાન ગણવો.' આવી આત્મપ્રશંસા સાંભળીને લોકો તેણીનાં વખાણ કરવા લાગ્યા. આશ્ચર્ય છે સ્ત્રીઓના મિથ્યાવાદને ! !

એકદા ફરવા નીકળેલા જિતશત્રુ રાજાએ તેણીને દીઠી અને ઓળખી, તેથી તેણે લોકો પાસેથી તેણીની હકીકત સાંભળીને તેણીને રાજમંદિરમાં તેડાવી. પછી રાજાએ એક

અનુચર પાસે પૂછાવ્યું કે-'તુ કોણ છે અને આ પાંગળો પુરૂષ પણ કોણ છે?' ત્યારે તેણીએ ઉત્તર આપ્યો કે:- 'મારા માતાપિતાએ મને આવા પાંગળા પતિ સાથે પરણાવી છે, પરંતુ હું પતિવ્રતા સ્ત્રી હોવાથી તેની આત્મથકી પણ વધારે પાલના કરૂં છું.' તેણીનાં આવાં વચન સાંભળીને રાજાએ ક્રોધ કરીને કહ્યું:-' અરે દુષ્ટા! જેણે પોતાની ભુજાના રૂધિરથી ત્હારી તૃષાની અને જાંગના માંસથી ક્ષુધાની નિવૃત્તિ કરી તેવા સરળ સ્વભાવવાળા પતિને ગંગાનદીમાં નાખી દઇને હવે તું પતિવ્રતાપણું પાળવા નીકળી છું? હું તને સારી રીતે જાણું છું; પરંતુ સ્ત્રીજાતિ અવધ્ય હોવાથી છોડી મૂકું છું." એમ કહીને રાજાએ તેનું ચરિત્ર લોકમાં પ્રસિદ્ધ કરીને તેણીને દેશપાર કરી અને પોતે ભાગ્યોદયથી પ્રાપ્ત થયેલા રાજ્યને સુખે જીવિતપર્યંત ભોગવ્યું.

કુંચિકશ્રેષ્ઠી મુનિપતિ સાધુને કહે છે કે:-' હે મુને! જેવી રીતે સુકુમાલિકા સ્ત્રી પોતાના પ્રાણનું રક્ષણ કરનાર પતિને પણ ગંગાનદીમાં નાંખી દઈને કૃતઘ્ન થઈ, તેમ તમે પણ ચાર માસ સુધી ભક્તિ કરનાર એવો જે હું, તેનું દ્રવ્ય હરણ કરીને કૃતઘ્ન થયા.' ત્યારે મુનિએ કહ્યું:-" હે કુંચિક! તું મને તેના જેવા ન જાણ, સાધુપુરૂષો તો ભદ્રક વૃષભ જેવાં હોય છે. તેનું દૃષ્ટાંત સાંભળ.

## ૧૭ ભદ્રક વૃષભની કથા

ચંપાનગરીને વિષે મહેશ્વરદત્ત નામે એક વણિક રહેતો હતો. એકદા તેણે એક નાના વાછરડાને આંકીને

ધર્મનિમિત્તે ગાયોના ટોળામાં મૂકી દીધો. પ્રતિદિન ગાયોના ટોળાની સાથે વનમાં ચરવા જતો એવો તે વાછરડો અનુક્રમે યુવાવસ્થા પામ્યો ત્યારે હૃષ્ટપુષ્ટ શરીરવાળો અને મહાબળવંત એવો તે સાંઢ બીજા સર્વ સાંઢોને જીતીને ટોળાનો અધિપતિ થઈ નિર્ભયપણે વનમાં ફરવા લાગ્યો. એક દિવસ ભાગ્યયોગે ભદ્રક પરિણામી શ્રાવકના ઉપદેશથી તે સાંઢ ભદ્રક સ્વભાવી થયો. વળી તે વૃદ્ધાવસ્થાથી વ્યાપ્ત થવા લાગ્યો. એટલે ગાયોના સમૂહને વનમાં મૂકીને પોતે નગરમાં આવ્યો, પરંતુ ત્યાં કોઇને ઉપદ્રવ ન કરતાં સરળ સ્વભાવથી ફરવા લાગ્યો. તે એવો શાંત થઇ ગયો કે કોઈ તેને લાકડીનો પ્રહાર કરે, તો પણ તે કાંઇ બોલે નહીં. લોકો પણ તેને ભદ્રક પરિણામી થયેલો જાણીને ઉપદ્રવ કરતા બંધ થયા; તેથી તે વૃષભ નગરને વિષે **ભદ્રક** એવા નામથી પ્રસિદ્ધ થયો.

હવે તે નગરને વિષે નવતત્ત્વનો જાણ, શિયળવ્રતને ધારણ કરનાર, જિનવચનનો જાણ, અગ્યાર પડિમાનો વહેનાર, શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનો ભક્ત, પૌષધ પ્રતિક્રમણનો કરનાર **જિનદાસ** નામનો એક શ્રાવક વસતો હતો. તેને કુલટા સ્ત્રીઓમાં અગ્રેસર એવી **ધનશ્રી** નામે સ્ત્રી હતી. એકદા જિનદાસ કૃષ્ણચતુર્દશીની રાત્રિએ એક શૂન્યગૃહમાં કાયોત્સર્ગે રહ્યો હતો ત્યાં તેની સ્ત્રી ધનશ્રી અજાણપણાથી કોઇ જારપુરૂષની સાથે ક્રીડા કરવાને પલંગ લઇને આવી તે પલંગના ચારે પાયાની નીચે લોઢાના

ખીલા હતા, તેમાંના એક ખીલા વડે અંધારે કાયોત્સર્ગ કરીને ઉભા રહેલા જિનદાસનો પગ વીંધાણો તેથી અત્યંત વેદના થવાથી કાર્યોત્સર્ગમાં લીન થયેલો તે જિનદાસ તે જ રાત્રિએ કાળકરીને દેવગતિમાં ઉત્પન્ન થયો. પાછળ તેની સ્ત્રી આખી રાત જાર સાથે ક્રીડા કરીને પ્રભાતે ઘેર જવાને માટે પલંગ ઉપાડવા લાગી, તે વખતે તેણીએ જિનદાસનું શરીર પગ વિંધાવાથી મૃત્યુ પામીને નીચે પડેલું દીઠું એટલે અત્યંત ખેદ પામતી એવી તે વિચાર કરવા લાગી કે:–' નિશ્ચે મારા પાપથી જ મારા પતિનો નાશ થયો છે, હવે હું શું કરૂં ? જો આ વાતની લોકોમાં ખબર પડશે, તો મારી પૂરેપૂરી નિંદા થશે; માટે કાંઇ યુકિત શોધી કાઢું.' તે આવો વિચાર કરતી હતી એવામાં પેલો ભદ્રક વૃષભ નગરમાં ફરતો ફરતો ત્યાં આવી ચડયો, એટલે દુષ્ટાએ તેના શિંગડે રૂધિર ચોપડીને શોરબકોર કરવા માંડયો. એટલે લોકો એકઠા થયા, અને તેણીને પૂછવા લાગ્યા. તે ઉપરથી તેણીએ કહ્યું કે–' આ દુષ્ટ વૃષભે શિંગડા વતી પ્રહાર કરીને મારા પતિને મારી નાંખ્યા છે.' તેણીનાં આવાં વચન સાંભળીને લોકો વૃષભ સામું જોવા લાગ્યા, એટલે તે વૃષભ પોતાનું મસ્તક ધૂણાવવા લાગ્યો; પરંતુ લોકો ન સમજી શકવાને લીધે દુષ્ટાના કહેવા ઉપરથી તે વૃષભની નિંદા કરવા લાગ્યા. પછી જિનદાસના શરીરને અગ્નિસંસ્કાર કરીને સૌ લોકો પોતપોતાના ઘરે ગયા.

હવે પોતાને માથે કલંક પ્રાપ્ત થવાથી અત્યંત ખેદ પામેલો તે વૃષભ ફરતો ફરતો જ્યાં ગામનું પંચ કોઇ માણસનો ઈન્સાફ કરવા બેઠું હતું ત્યાં ગયો. તે વખતે સાચા ખોટાનું પારખું કરવાને એક કોશ લાલચોળ કરી રાખી હતી, ત્યાં વૃષભ ઊભો રહ્યો. એટલે કોઇ માણસે કહ્યું:–'અરે! જિનદાસ શેઠને મારી નાંખનારા! વળી તું પણ અહિં કેમ આવ્યો છે?' ત્યારે વૃષભે પોતાનું માથું ધૂણાવીને તેને જણાવ્યું કે—'મેં માર્યો નથી.' એટલે પંચે કહ્યું:–'જો તેં શેઠને ન માર્યા હોય, તો આ તપાવેલી કોશને ઉપાડ.' વૃષભે સત્યના બળથી શીતળ થઈ ગયેલી કોશને તત્કાળ જીભવડે ઉપાડી પોતાની સત્યતા દેખાડી આપી અને પોતે અપરાધરહિત થયો.

મુનિપતિસાધુ કુંચિકશેઠને કહે છે કે:–'હે શ્રેષ્ઠિન્! જો તને મારા વચનની પ્રતીતિ ન થતી હોય, તો હું પણ તેવી જ રીતે દિવ્ય કરીને પ્રતિતી કરી આપું.' એટલે કુંચિકે કહ્યું:–'તમે દિવ્ય કરી આપો પણ તે મારાથી કેમ મનાય? કારણ કે ચોરી કરનારા માણસ છુટી જવાને માટે ઘણા ઉપાયો કરે છે, માટે હે સાધો! તમે ભદ્રક વૃષભ સરખા નહીં, પરંતુ ગૃહકોકિલા (ગરોળી) જેવા છો.' મુનિએ પૂછયું. 'એમ કેમ?

કુંચિકે કહ્યું:–ગરોળી સર્વ જીવોમાં શરીરે તો ન્હાની, પણ બહુ તુચ્છ મનવાળી અને કૃતઘ્ની હોય છે. હમેશાં

રાત્રિએ જ્યારે તે નિદ્રા લે છે ત્યારે તેનાં નેત્ર આડાં પડલ વળી જાય છે, તેથી તે દેખી શકતી નથી. જો તે પડલ નાશ ન પામે તો તે દેખી ન શકવાને લીધે હિંસા પણ કરી શકે નહીં; પરંતુ સવારે માખીઓ તેનાં નેત્ર બંધ જાણીને તે નેત્ર ઉપર વળેલા પડલો ખાઇ જાય છે, તેથી તે દેખતી થયેલી ગરોળી પોતાની ઉપર ઉપકાર કરનાર માખીઓનું જ ભક્ષણ કરે છે. તેમ હે મુનિ ! તમે પણ ઉપકારને બદલે અપકાર કરનાર ગરોળીની સરખા છો; કેમકે મેં તમને અનેક ઉપચારો કરીને સાજા કર્યા અને મારા ઘરે રાખ્યા; તેના બદલામાં તમે મારા દ્રવ્યનું જ હરણ કર્યું.' ત્યારે મુનિએ કહ્યું:-'હે શ્રેષ્ઠિન્ ! તું જિનવચનનો જ્ઞાતા થઇને આવાં અયોગ્ય વચન કેમ બોલે છે ? જ્ઞાન, દર્શન અને ચારિત્રના ધારણહાર મુનિઓ કદાપિ એવું કૃત્ય કરે નહીં; માટે વિવેકવંત મનુષ્યે ચાર પ્રકારના બુદ્ધિવંત એવા મંત્રીશ્વરની પેઠે વિચાર કરીને બોલવું. વિચાર કર્યા વિના ક્યારે પણ બોલવું નહીં.' ત્યારે કુંચિકે પૂછ્યું:-'તે મંત્રીશ્વર કોણ હતો ?'

## ૧૮. બુદ્ધિવંત મંત્રી કથા.

મુનિએ કહ્યું:-"ચંપાનગરીને વિષે ધનપાળ નામે કોઈ દરિદ્રી શેઠ રહેતો હતો. તે જ નગરીમાં બીજો ધનદત્ત નામે મહા ધનવંત શેઠ રહેતો હતો. ધનપાળને ધનશ્રી નામની અને ધનદત્તને કનકશ્રી નામની પુત્રી હતી. તે બંનેને પરસ્પર ગાઢ પ્રીતિ હતી. એકદા તે બંને

સખીઓ નગરની બહાર વાવે ન્હાવા ગઇ, ત્યાં વાવની બહાર વસ્ત્ર અલંકાર ઉતારીને જળની અંદર ન્હાવા પડી. પછી ધનશ્રી વહેલી વહેલી બહાર નીકળી કનકશ્રીના અલંકારો પહેરી પોતાને ઘરે ચાલી ગઇ. કનકશ્રીએ બહાર નીકળીને જોયુ તો પોતાના અલંકારો દીઠા નહીં, તેથી તેણીએ ધાર્યું કે ધનશ્રી પહેરી ગઇ હશે. પછી તે ધનશ્રીને ઘરે લેવા ગઇ, એટલે ધનશ્રીએ કહ્યું–"એ તો મારાં છે, તારાં નથી" ત્યારે કનકશ્રીએ ઘણું કહ્યું પણ તે સમજી નહીં; એટલે પોતાના પિતાને સાથે લઇ રાજા પાસે ફરિઆદ કરવા ગઇ. રાજાએ તેનો ઇન્સાફ કરવાને પોતાના બુદ્ધિવંત મંત્રીને ફરમાવ્યું. મંત્રીએ તરત જ સર્વ અલંકારો પોતાની પાસે મુકાવ્યા અને પ્રથમ ધનશ્રીને પહેરવાનું કહ્યું એટલે ધનશ્રીએ અલંકારો પહેરવા માંડયા, પણ કાંઇ ઠેકાણું રહ્યું નહીં. હાથના પગમાં અને પગના હાથમાં એમ થવા લાગ્યું. પછી મંત્રીએ તેણીની પાસેથી ઉતરાવી નાંખીને કનકશ્રીને પહેરવાનું કહ્યું, એટલે તો તેણીએ નિત્યના અભ્યાસને લીધે તરત જ પહેરી લીધા; તેથી તે બહુ શોભવા લાગી. તે જોઇને મંત્રીએ નિશ્ચય કર્યો કે–એ અલંકારો કનકશ્રીના જ છે. તેથી તેણે ધનશ્રીને તેણીના પિતા સહિત અપમાન કરીને કાઢી મૂકી અને કનકશ્રીનો સત્કાર કર્યો. માટે હે કુચિક! બુદ્ધિવાન મનુષ્યે પ્રથમ નિશ્ચય કરીને પછી બોલવું. એટલા જ માટે તને જેમ તેમ બોલવું ઘટતું નથી. રાગ, દ્વેષ, અને મોહરહિત મુનિઓ હંમેશાં મંત્રી-

શ્વરની પેઠે સત્યવકતા હોય છે, તેઓ ક્યારે પણ અસત્ય ભાષણ કરતા નથી.' ત્યારે કુંચિકે કહ્યું:-'હે સાધો! તમે મંત્રીશ્વર સમાન સત્યવાદી હો, એમ મને લાગતું નથી; પરંતુ તમે તો બટુકના સરખા દેખાઓ છો.' ત્યારે મુનિએ પૂછ્યું:-'તે બટુક કોણ હતો?'

## ૧૯. બટુકની કથા.

કુંચિકે કહ્યું:-'કોઈ એક ગામમાં દરિદ્રી એવો બટુક નામે બ્રાહ્મણ રહેતો હતો. તેણે એક લાકડાની પુતળી બનાવી તેનું દુર્ગાદેવી નામ પાડી તેનું પૂજન કરતો અને ગામેગામ ફરતો ભિક્ષાવૃત્તિ કરવા લાગ્યો. લોકો તેને ધન, ધાન્ય, વસ્ત્ર વિગેરે આપવા લાગ્યા તેથી તે બ્રાહ્મણ કેટલાક કાળે મોટો ધનવંત થયો. પછી તે પુતળીને ઉપયોગ વિનાની ભારરૂપ જાણીને વગડામાં ફેંકી દીધી અહો! જેનાથી ધનવંત થયો તેને યોગ્યસ્થાને પણ રાખી નહી, માટે હે મુનિ! તમે પણ આ બટુકની પેઠે કૃ્તઘ્નની થયા છો.' એટલે મુનિએ કહ્યું:-'આવું અયોગ્ય ન બોલ, વિવેકવંત માણસે મધ્યસ્થપણાથી બોલવું જોઇએ. વળી વિચાર કર, જૈનમતના શ્રાવકો પણ નિર્લોભી અને અદત્તાદાન ન લેનારા હોય છે તો પછી સાધુપુરૂષો હોય તેમાં તો શું કહેવું? તે ઉપર નાગદત્તની કથા સાંભળ:-

## ૨૦. નાગદત્તની કથા.

વાણારસીનગરીને વિષે જિતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં દત્ત નામે એક મહાધનવંત શ્રેષ્ઠી વસતો હતો. તેને ધનશ્રી નામે સ્ત્રી હતી, તેઓને મહારૂપવંત

અને બ્હોંતેર કળાનો જાણ એવો નાગદત્ત નામે પુત્ર હતો. એકદા નાગદત્ત જિનમંદિરે જતો હતો એવામાં તેણે તે નગરીના બીજા પ્રિયમિત્ર નામના શ્રેષ્ઠીની નાગવસુ નામની કન્યાને દીઠી; તેથી તે તેણીના ઉપર આસકત થયો. નાગવસુ પણ નાગદત્તને જોઇ તેના ઉપર રાગવાળી થઇ. પછી તેણીએ ઘરે આવીને સર્વ વાત પોતાના પિતાને કહી, એટલે પ્રિયમિત્ર દત્તશ્રેષ્ઠીને ત્યાં આવીને કહેવા લાગ્યો: "મારે મારી નાગવસુ નામની કન્યા નાગદત્તને પરણાવવી છે." ત્યારે નાગદત્તે કહ્યું:–"મારે દીક્ષા લેવી છે, માટે હું પાણિગ્રહણ કરવાનો નથી." નાગદત્તે આ પ્રમાણે કહ્યા છતાં પણ તેના પિતાએ તેને બળાત્કારે પરણાવવાના વિચારથી તેનું સગપણ કર્યું.

હવે એમ બન્યું કે કોઈએક દિવસે તે નગરીના કોટવાળે નાગવસુને દીઠી. તેથી મોહને વશ થયેલા તેણે નાગવસુના પિતા પાસે તેનું માગું કર્યું, પણ પ્રિયમિત્રે પ્રથમથી સગપણ કરેલું હોવાથી કોટવાળને ના પાડી એટલે તે કોટવાળ નાગદત્ત ઉપર દ્વેષ રાખીને તેનાં છિદ્ર શોધવા લાગ્યો. એકદા નગરીમાં ફરવા નીકળેલા રાજાનું કુંડળ કાનમાંથી રસ્તામાં પડી ગયું. તે રસ્તે થઈને નાગદત્ત જિનેશ્વર પ્રભુના મંદિરે દર્શન કરવા જતો હતો ત્યાં તે પડી ગયેલા રાજાના કુંડળને જોઇને ચકિત થઈ ગયો; તેથી નાગદત્ત તત્કાળ તે રસ્તો પડતો મુકી બીજે રસ્તે થઇને જિનમંદિરે ગયો ને ત્યાં કાયોત્સર્ગધ્યાને રહ્યો.

પછી નગરમાં ફરતા એવા કોટવાળના માણસોએ તે

વાત કોટવાળને કહી, એટલે તેણે નાગદત્ત પર વેર વાળવાનો ઉપાય મળ્યો જાણી, અત્યંત હર્ષ પામી, તે કુંડળ જિનમંદિરમાં કાર્યોત્સર્ગ ધ્યાને રહેલા નાગદત્તના કાનમાં પહેરાવી, રાજા પાસે જઈ કુંડળના ચોરની હકીકત જાહેર કરી; તેથી રાજાએ તેને વધ કરવાનો આદેશ આપ્યો. નાગદત્તે પણ તે વાત જાણીને મૃત્યુ પાસે આવ્યું ધારી આગાર સહિત અનશન ગ્રહણ કર્યું. એવામાં કેટલાક સુભટો સહિત કોટવાળ ત્યાં આવ્યો અને નાગદત્તને સ્મશાનભૂમિમાં લઈ ગયો. આ સર્વ વાત નાગવસુએ સાંભળી, તેથી તે જિનપ્રતિમા આગળ કાર્યોત્સર્ગ કરી શાસનદેવીની આરાધનાપૂર્વક કહેવા લાગી કે:—'હે દેવી! જો મારો પતિ આ ઉપસર્ગમાંથી છુટશે તો જ હું કાર્યોત્સર્ગ પારીશ.'

હવે અહિં નાગદત્તને રાજાના સેવકોએ શુળી ઉપર ચડાવ્યો એટલે શુળી ભાંગી ગઈ. એમ ત્રણ વાર થયું. પછી ક્રોધ પામેલા કોટવાળે નાગદત્ત ઉપર ખડ્ગનો પ્રહાર કર્યો, પણ તે તો શાસનદેવીની કૃપાથી પુષ્પની માળારૂપ બની ગયો! આ વાતની રાજાને ખબર પડી, એટલે તેણે આશ્ચર્ય પામીને નાગદત્તને ઉત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવ્યો. અનુક્રમે રાજભવનમાં લાવીને પછી રાજાએ તેને કુંડળ સંબંધી ખરી વાત પૂછી, એટલે નાગદત્તે યથાર્થ કહી આપ્યું; તેથી મહા ક્રોધવંત થયેલા રાજાએ કોટવાળને પોતાના દેશમાંથી કાઢી મુકયો અને નાગદત્ત પોતાને ઘેર

ગયો. તે વાત સાંભળીને નાગવાસુએ કાયોત્સર્ગ પાર્યો. પછી માતાપિતાએ શુભ મુહૂર્તે તેઓને લગ્નમહોત્સવ કર્યો. નાગદત્ત નાગવાસુની સાથે દૌગુંદુક દેવતાની પેઠે કેટલોક કાળ વિષયસુખ ભોગવી સુગુરૂ પાસે ચારિત્ર અંગીકાર કરી અંતે દેવલોકે ગયો. તેમ હે શ્રેષ્ઠિન્! જ્યારે જૈન ધર્મી શ્રાવકો આવા હોય છે ત્યારે સાધુઓ તેવા હોય તેમાં શું આશ્ચર્ય ?"

કુંચિકે કહ્યું–" હે મુને ! તમે નાગદત્ત સમાન નિર્લોભી દેખાતા નથી, પણ સૂત્રધાર (સુતાર) સમાન ઉપકાર રહિત જણાઓ છો. તેની કથા આ પ્રમાણે છે:—

## ૨૧. સુતારની કથા

કોઇ એક સુતાર કાષ્ઠ કાપવાને વનમાં ગયો. ત્યાં એક સિંહને જોવાથી ભયાકુળ થયેલો તે પાસેના વૃક્ષ ઉપર ચડી ગયો. તે વૃક્ષ ઉપર એક વાનરી રહેતી હતી. તેણીને જોઇને તે તો વધારે ભયાકુળ થયો અને વિચાર કરવા લાગ્યો કે–' અહો ! મારે બન્ને તરફથી દુઃખ થયું. ' એટલામાં વાનરીએ તેને કહ્યું:–'હે માનવ ! તું મારાથી ભય પામીશ નહી. અહિં સુખેથી રહે.' એમ કરતાં રાત્રિ થઇ, એટલે વાનરીએ તે સુતારને કહ્યું:–'તું મારા ખોળામાં સૂઇને સુખે નિદ્રા લે.' પછી સુતાર વાનરીના ખોળામાં સૂઇને નિદ્રાવશ થયો ત્યારે સિંહે વાનરીને કહ્યું:–' મનુષ્યો વિશ્વાસ કરવા યોગ્ય નથી, માટે તું એને નીચે ફેંકી દે

જેથી હું તેનું ભક્ષણ કરીને મારે સ્થાનકે ચાલ્યો જાઉં' ત્યારે વાનરીએ કહ્યું:-હું તેમ કરીને વિશ્વાસઘાતી નહીં બનું.' પછી સુતાર જાગ્યો અને વાનરી તેના ખોળામાં સૂઈ ગઈ એટલે વળી સિંહે સુતારને કહ્યું:-'હે મનુષ્ય! તું વાનરીનો વિશ્વાસ કરીશ નહીં. એને નીચે નાખ એટલે હું તેનું ભક્ષણ કરીને ચાલ્યો જાઉં.' તેથી તે કૃતઘ્ની સુતારે વાનરીને નીચે ફેંકી, પણ તે નીચે પડતાં પડતાં વૃક્ષની શાખા સાથે વળગી પડી. પછી તેણીએ સુતારને કહ્યું:-'હે કૃતઘ્ની! તને ધિક્કાર થાઓ!' પ્રભાતે સિંહ અન્ય સ્થાને ચાલ્યો જવાથી પોતાના કુકૃત્યે કરીને લજ્જિત થયેલો સુતાર નગર તરફ ચાલ્યો ગયો. માટે હે મુનિ! તમે પણ તે સુતારની જેવા કૃતઘ્ની છો; કારણ કે મેં તમારો ઉપકાર કર્યા છતાં પણ તમે મારા ઉપર અનુપકારીપણું દર્શાવ્યું છે.'

મુનિપતિએ કહ્યું:-'અરે શ્રાવક! તું અમને મિથ્યા કલંક આપે છે, પણ ચારભટીની પેઠે પાછળથી પસ્તાવો કરવો પડશે.' ત્યારે કુંચિકે પૂછ્યું:-'તે ચારભટી કોણ હતી?' ત્યારે મુનિપતિએ કહ્યું:-

## ૨૨. ચારભટીની કથા.

કોઈ એક ગામમાં **ચારભટ** નામે પુરૂષ રહેતો હશે. તેને **ચારભટી** નામે સ્ત્રી હતી. એકદા તે સ્ત્રીએ પોતાના પુત્રને ક્રીડા કરવા સારૂ એક નોળીઆનું બચ્ચું પાળ્યું.

તેને દૂધ, દહીં વિગેરે પદાર્થોવડે ઉછેરીને મોટું કર્યું; એટલે તે નોળીઓ ચારભટીના પુત્રને જરા વાર પણ અળગો મૂકતો નહીં. એક દિવસ તે ચારભટી પુત્રને પારણામાં સુવાડી, નોળીઆને પાસે મૂકી પોતે પાડોશણને ઘેર ખાંડવા માટે ગઈ. એવામાં ઘરમાં એક સર્પ નીકળ્યો. તે પારણા પાસે આવીને જેટલામાં બાળકને કરડવા જાય છે તેટલામાં નોળીઆએ દીઠો; તેથી તત્કાળ તે સર્પને મારી નોળીઓ બાળકની માતા પાસે વધામણી ખાવા ગયો. ત્યારે ચારભટીએ નોળીઆનું મુખ રૂધિરવાળું જોઈને વિચાર્યું કે-નિશ્ચે એણે મારા પુત્રને મારી નાખ્યો જણાય છે, એમ વિચારીને તેણીએ નોળીઆ ઉપર મુશળનો એવો પ્રહાર કર્યો કે જેથી તે બિચારો મૃત્યુ પામ્યો, પછી ઘરે આવીને તેણીએ જોયું તો પુત્ર પારણામાં સુખે નિદ્રા લેતો હતો અને પાસે સર્પના કકડા પડયા હતા; તેથી તે બહુ પશ્ચાત્તાપ કરવા લાગી, માટે હે કુંચિક! તારે પણ અમારે માથે આવું કલંક મૂકીને પાછળથી પસ્તાવું પડશે."

કુંચિકે કહ્યું:-'મુનિ! તમે તો પામર (દરિદ્રી) સમાન જણાઓ છો.' ત્યારે મુનિએ પૂછયું:-'દરિદ્રી કોણ હતો?'

## ૨૨. પામરની કથા.

કુંચિકે કહ્યું:-'કોઈ એક મહાઅરણ્યમાં મદોન્મત્ત

એવો યૂથાધિપતિ ગજરાજ રહેતો હતો. એકદા અટવીમાં ફરતા એવા તે હાથીને પગમાં ખેરના કાષ્ઠનો ખીલો વાગ્યો, તેથી તે મહાવેદનાને લીધે ચાલવાને પણ અશક્ત થયો. તે જોઇને તેની બુદ્ધિવંત હાથીણી દયાથી કોઇ એક ધાન્યના ક્ષેત્રમાં સૂતેલા પુરૂષને સૂંઢવડે ઉપાડીને હસ્તિ પાસે લાવી. હસ્તિએ તેને પગ દેખાડયો, એટલે તેણે છરીવડે ચામડી કાપીને તેમાંથી ખીલો કાઢયો. આમ કરવાથી હસ્તિ સાજો થયો, તેથી તેણે ઉપકારનો બદલો વાળવા પેલા પુરૂષને મુકતાફળ તથા દાંતનો સમૂહ બતાવ્યો. પછી તે પુરૂષ પોતાથી ઉપાડી શકાય તેવડો ગાંસડો બાંધી પોતાને સ્થાનકે ગયો ને હસ્તિ પણ અટવીમાં ચાલ્યો ગયો.

હવે પેલો દરિદ્રી માણુસ કે જે મુકતાફળ અને દાંત લાવ્યો હતો તેને ઈર્ષ્યા થઈ કે 'રખે મારા સરખો બીજો કોઇ ધનવંત થઈ જાય!' એમ ધારીને તેણે હસ્તિ સંબંધી સર્વ વાત રાજાને કહી. તે ઉપરથી રાજાએ અટવીમાં જઇ પેલા હસ્તિને પકડી નગરમાં આણ્યો અને સર્વ ધન લઇ લીધું, માટે હે મુનિ! તમે પણ તે પુરૂષના સરખા કૃતઘ્ની જણાઓ છો.'

મુનિપતિએ કહ્યુઃ–'અરે કુંચિક! તું વિચાર કર્યા વિના બોલે છે, પણ તારે સિંહણની પેઠે વિચાર કર્યા પછી બોલવું એ યોગ્ય છે. તે સિંહણની કથા આ પ્રમાણેઃ—

## ૨૩. સિંહણની કથા

વૈતાઢયપર્વતની ગુફામાં એક સિંહણ રહેતી હતી. તેણીને એક શિયાળણી તથા એક હરિણી એવી બે મહાસ્નેહવાળી સખીઓ હતી. તે ત્રણે જણીઓ દિવસે પોતપોતાને અનુકૂળ સ્થાને ચારો કરવા જાય અને રાત્રિએ ગુફામાં આવીને પોતપોતાના સુખ-દુઃખની વાતો કરતી સૂઈ રહે. એકદા સિંહણને બાળક પ્રસવ્યો. પ્રસવ થયા પછી તત્કાળ ક્ષુધાતુર થવાથી તે બાળક સખીઓને ભળાવી પોતે ભક્ષ લેવા માટે વનમાં ગઈ. પાછળ હરિણી નિદ્રામાં હતી, તેથી લાગ આવ્યો જાણીને શિયાલણીએ તે સિંહણના બાળકને ભક્ષણ કરી સૂતેલી હરિણીનું મુખ લોહીથી ખરડયું; પછી પોતે સૂઈ ગઈ. એવામાં સિંહણ આવી. તેણીએ બાળક ન દેખવાથી શિયાલણીને પૂછયું:-"મારો બાળક કયાં છે ?" શિયાલણીએ ઉત્તર આપ્યોઃ-"હું જાણતી નથી, હરિણીને પૂછો."સિંહણે હરિણીને જગાડીને પૂછયું એટલે તેણીએ તો કહ્યું કે-'હુ તો નિદ્રામાં છું, મને કંઈ ખબર નથી.'તેથી શિયાલણીએ કપટથી ક્રોધ કરીને કહ્યુ:-' અરે પાપિણી ! તું જ આ સિંહણના બાળકને ભક્ષણ કરી ગઈ છે. છતાં કેમ જૂઠું બોલે છે ? કારણ કે તારૂં મુખ રૂધિરથી ખરડાયેલું છે; માટે ઝટ જેવું હોય તેવું સાચે સાચું કહી દે,' ત્યારે હરિણીએ કહ્યુંઃ-' અરે ક્રુર સ્વભાવવાળી શિયાલણી ! તું મને કહે છે, પણ ખરેખર આ

સિંહણના બાળકને તેં જ ભક્ષણ કર્યો જણાય છે અને મારા ઉપર ખોટું આળ મૂકે છે.

આવી રીતે બન્ને સખીઓને પરસ્પર વાદ કરતી જોઇને સિંહણે કહ્યું:–'તમે વાદ શા માટે કરો છો, હું એક ઔષધિ આપું તે ખાઇ જાઓ. જે સાચી હશે તે જણાઇ આવશે.' પછી સિંહણે વનમાં જઈ વમન કરાવવાની ઔષધિ આણી બન્ને જણીઓને ખવરાવી, એટલે પ્રથમ મૃગલી (હરિણી) એ વમન કર્યું, પણ તેમાં તૃણાંકુરો વિના બીજુ કાંઇ નીકળ્યું નહીં. પછી શિયાલણીએ વમન કર્યું, તેમાંથી તો તરતના ભક્ષણ કરેલા સિંહણના બાળકના અસ્થિના કકડા તથા માંસ નીકળ્યું; તે જોઇને ક્રોધાતુર થયેલી સિંહણે શિયાલણીને મારી નાંખી. તેમ હે શ્રેષ્ઠિન્! તમે પણ વિવેકબુદ્ધિથી વિચાર કરીને પછી મને ઠપકો આપો.

મુનિપતિ સાધુએ આ પ્રમાણે કહીને કુંચિકને બહુ સમજાવ્યો, છતાં તે તો એમ જ કહેવા લાગ્યો કે:–'હે મુનિ! મેં તમારા પર જે ઉપકાર કર્યો છે તે તો તમે ધ્યાનમાં લેતા જ નથી; માટે તમે ભૂખથી ખેદ પામતા એવા સીદન નામના સિંહ સરખા દેખાઓ છો. તેની કથા સાંભળો:–

## ૨૪. સીદન નામ સિંહની કથા.

હેમવંતપર્વતની પાસે તાપસોનો એક આશ્રમ હતો.

તેની પાસે પર્વતની ગુફામાં એક **વનચારી** (વનમાં ફરનારો) પુરૂષ રહેતો હતો. તે પુરૂષ તાપસોના સંગથી દયાવંત સ્વભાવનો થયો હતો. એકદા ક્ષુધાથી પીડા પામતો એવો કોઈ એક સિંહ તે ગુફા પાસે આવ્યો, તેને જોઇને દયાવંત સ્વભાવવાળા **વનચારી** પુરૂષે તેને ગુફામાં તેડી જઈ પોતાની પાસે બેસાર્યો; એટલામાં સિંહે ફાળ મારીને તે ઉપકાર કરનાર પુરુષને મારી નાખ્યો. તેમ હે મુનિ ! એ સિંહની પેઠે તમે પણ ઉપકાર કરનાર ઉપર અપકાર કરનાર ન થાઓ.' ત્યારે મુનિપતિએ કહ્યું:-"તું આવું મૃષા શામાટે બોલે છે ? મૃષાવાદ ઉપર કાષ્ટક શેઠનું દષ્ટાંત સાંભળ:-

## ૨૫. કાષ્ટક શેઠની કથા.

રાજગૃહીનગરીમાં **કાષ્ટક** નામનો એક મહાધનવંત શેઠ વસતો હતો. તેને **વજ્રા** નામની સ્ત્રી હતી. તેઓને **સાગરદત્ત** નામે નાનો પુત્ર હતો. વળી તે શેઠના ઘરમાં **તુંડિક** નામનો પોપટ, ઉત્તમ લક્ષણવાળી **મદના** નામે સારિકા, એક કૂકડો અને એક ધાવમાતા-એ ચાર રત્નરૂપ હતા. એકદા કાષ્ટક શેઠ ઘરનો ભાર પોતાની પ્રિય વજ્રાને સોંપી પોતે વ્યાપાર નિમિત્તે દેશાંતર ગયો. વજ્રા દુરાચારિણી હતી. તે પતિના બંધનથી મુક્ત થવાને લીધે કોઈ એક **પુષ્પબટુક** નામના જારપુરૂષની સાથે મરજી પ્રમાણે વિષયસુખ ભોગવવા લાગી. પુષ્પબટુક પણ તેણીના ઘરમાં નિઃશંકપણે આવજાવ કરવા લાગ્યો. આ

પ્રમાણે પુષ્પબટુકને વારંવાર પોતાના શેઠના ઘરમાં આવતો જોઈને નિપુણ સારિકા મોટા સ્વરથી શોર કરીને કહેવા લાગીઃ—'અરે મૂઢ ! તું વારંવાર અમારા સ્વામીના ઘરમાં કેમ આવ્યા કરે છે ? જો તું જીવિતની ઈચ્છા રાખતો હોય તો હવે પછી આ અમારા સ્વામીના ઘરમાં આવીશ નહી'આ પ્રમાણે સારિકા પેલા પુષ્પબટુકને કહેતી હતી એવામાં પોપટે તેણીને નિવારીને કહ્યુંઃ-" હે પ્રિયે ! જો તું સ્વામીનું હિત ઈચ્છતી હોય તો મૌન રહે અને જે થાય તે જોયા કર; કારણ કે આ પુષ્પબટુક શેઠની પ્રિયાવજાને ઘણો વહાલો છે, તારે જીવિતની ઈચ્છા હોય તો તે જારપુરૂષને પિતાસમાન જાણવો. અન્યથા વજા તને મારી નાંખશે." પોપટનાં આવાં વચન સાંભળી સારિકાએ કહ્યુંઃ-'અરે પાપિષ્ટ પોપટ ! તું પણ ખરેખરો કૃતઘ્ની દેખાય છે કે જે પિતારૂપ સ્વામીના ઘરમાં થતા આવા અનાચારની પણ ઉપેક્ષા કરે છે. એ ઉપરથી એમ નિશ્ચય થાય છે કે-તું સ્વામીના કરતાં પણ પોતાના જીવિતને વધારે પ્રિય માને છે.'આ પ્રમાણે શુક-સારિકાના થતા સંવાદને સાંભળીને ક્રોધાતુર થયેલી વજાએ સારિકાને ગળું મરડીને મારી નાંખી; તે જોઇ પોપટ મહાભય પામવા લાગ્યો. પછી વજા નિર્ભયપણે પેલા પુરૂષની સાથે ક્રીડા કરવા લાગી.

એકદા કોઇ બે સાધુઓ ગોચરીને અર્થે નગરમાં

ફરતા ફરતા વજાના ઘર આગળ આવી ચડયા. તેણીના ઘરમાં પ્રવેશ કરતાં કૂકડાને જોઈ એક સાધુએ બીજા સાધુ પ્રત્યે કહ્યું:-'આ કૂકડો સુલક્ષણવાળો છે, માટે જો કોઈ માણસ એના મસ્તકનું માંસ ખાય તો તે થોડા દિવસની અંદર રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરે; પરંતુ આ વાત આપણે કોઈને કહેવા જેવી નથી.' આ પ્રમાણે વાર્તા કરતા એવા તે બન્ને મુનિઓ આહાર વહોરીને પોતાને સ્થાનકે ગયા.

હવે જારપુરૂષ પુષ્પબટુકે ગુપ્ત રીતે મુનિઓએ કરેલી વાત સાંભળેલી હોવાથી તે વજાને કહેવા લાગ્યો કે;-'જો તું મારી સાથે દીર્ઘ કાળ સુધી ભોગ ભોગવવાની ઇચ્છા કરતી હોય તો આ કૂકડાને મારી તેના માંસનું મને ભોજન કરાવ.' આવાં વચન સાંભળી વિષયમાં લોલુપ થવાથી નિર્દય બનેલી વજાએ તરત કૂકડાને મારી તેનું માંસ જારને માટે તૈયાર કર્યું. એવામાં નિશાળે ગયેલો શેઠનો પુત્ર સાગરદત્ત આવી પહોંચ્યો. તે ક્ષુધાથી વ્યાકુળ થએલો હોવાથી રૂદન કરતો કરતો માતાને કહેવા લાગ્યો કે:- 'મને ખાવાનું આપ.' તેથી વજાએ તૈયાર કરી રાખેલ કુકડાના માથાનું માંસ પુત્રને ખાવા આપ્યું. એટલે તે ભોજન કરી નિશાળે ગયો. એવામાં પેલો પુષ્પબટુક જાર સ્નાન કરીને આવ્યો અને વજાની પાસે તૈયાર કરેલાં માંસની યાચના કરીને ભોજન કરવા બેઠો; પણ તેણે કુકડાના માથાનું

માંસ ન દેખવાથી વજ્રાને પૂછયું, એટલે તેણીએ સર્વ વાત કહી દીધી; તેથી ક્રોધ કરીને તે પુષ્પબટુકે કહ્યું:–"અરે! જો તારે દીર્ઘકાળ સુધી મારી સાથે વિષયસુખ ભોગવવાની મરજી હોય, તો હવે તારા પુત્રને મારી તેના ઉદરમાંથી તે માંસ કાઢી મને ભોજન કરાવ" આથી કામાંધ થયેલી વજ્રાએ પણ તેમ કરવાનો નિશ્ચય કર્યો.

હવે સાગરદત્તની જે ધાવમાતા હતી તેણીએ પુષ્પબટુક અને વજ્રા વચ્ચે થયેલી વાત ગુપ્ત રીતે રહીને સાંભળી; તેથી તે તત્કાળ ઘરમાંથી ગુપ્ત રીતે નિશાળે જઈ ત્યાંથી સાગરદત્તને લઇ ત્યાંથી ચંપાનગરીએ જતી રહી.

તે વખતે ત્યાંનો રાજા અપુત્રીઓ મૃત્યુ પામવાથી પ્રધાન વગેરે સર્વ સામંતોએ મળીને એવો ઠરાવ કર્યો કે:–'જેના ઉપર હાથણી કળશ ઢોળે તેને રાજ્યાસને બેસારવો.' આ પ્રમાણે હાથણીને ફરતાં ફરતાં પાંચ દિવસ વહી ગયા. છઠે દિવસે હાથણી જેટલામાં નગર બહાર નીકળી તેટલામાં સાગરદત્તને લઈને ધાવમાતા આવતી હતી તેને જોઇને હાથણીએ સાગરદત્ત ઉપર કળશ ઢોળી દીધો. આમ થવાથી પ્રધાન વિગેરે સર્વ સામંતોએ હર્ષિત થઈ ધાવમાતા સહિત સાગરદત્તને મોટા ઉત્સવપૂર્વક નગરમાં પ્રવેશ કરાવી શુભ દિવસે રાજ્યાસન ઉપર બેસાર્યો અને તેનું **ધાતૃવાહન** નામ પાડયું.

અહિં રાજગૃહનગરમાં પુષ્પબટુકની સાથે ભોગ ભોગવતી એવી વજ્રાએ સર્વ ધનનો નાશ કરી નાખ્યો અને દાસ દાસી પ્રમુખ સર્વ માણુસોને કાઢી મૂકયા. પછી કેટલાક દિવસ થયા એટલે કાષ્ટક શેઠ દેશાંતરથી વ્યાપાર કરીને ઘેર આવ્યા. તેમણે પૂર્વના સરખી ઘરની શોભા ન જોવાથી વજ્રાને પૂછ્યુંઃ–'કયાં છે આપણો વહાલો પુત્ર સાગરદત્ત અને તેની ધાવમાતા ? વળી કયાં છે સારિકાને કૂકડો ? અને કયાં ગયો દાસદાસી વિગેરે પરિજનવર્ગ ?' આ પ્રમાણે શેઠે વારંવાર પૂછ્યું છતાં વજ્રાએ કાંઇ ઉત્તર આપ્યો નહીં, એટલે તેમણે પોપટને પણ તેવા જ પ્રશ્નો પૂછયા. તે વખતે વજ્રાએ પોતાના વસ્ત્રને મળ દઈને પોપટને સમજાવ્યો કેઃ–" જો તું કહી દઈશ, તો તને ડાક મરડીને મારી નાંખીશ." આથી પોપટ ઘણો ભય પામ્યો અને જરા પણ બોલ્યો નહીં. શેઠે વારંવાર પૂછવા માંડયું. એટલે તેણે છેવટે કહ્યું–'જો તમે મને પાંજરામાંથી મુકત કરો તો હું સામેના વૃક્ષની ડાળ ઉપર બેસીને સર્વ વાત કહું. કારણ કે મને તમારી સ્ત્રી વજ્રાનો બહુ ભય લાગે છે.' પછી શેઠે તેમ કર્યું એટલે પોપટે વૃક્ષની શાખા ઉપર બેસીને સર્વ હકીકત કહી બતાવી અને પછી પોતે ઉડીને વનમાં જતો રહ્યો.

પોપટના મુખથી સર્વ વાર્તા સાંભળીને સંસારથી વિરક્ત થયેલા કાષ્ટક શેઠે વૈરાગ્ય પ્રાપ્ત થવાથી સાતે

ક્ષેત્રને વિષે દ્રવ્ય વાપરી દીક્ષા ગ્રહણ કરી વજ્જા પણ પુષ્પબટુક સહિત રાજગૃહનગરમાંથી નાશી જઈ ચંપાનગરીમાં સુખેથી રહેવા લાગી

હવે તીવ્ર તપશ્ચર્યા કરતાં એવા કાષ્ટક મુનિ વિહાર કરતા કરતા ચંપાનગરીમાં આવ્યા. ત્યાં તે દૈવયોગે ગોચરીએ ફરતા ફરતા વજ્જાના ઘરે જઈ ચડયા. તેમને ઓાળખીને વજ્જા વિચાર કરવા લાગીઃ–'આ મારો પૂર્વનો પતિ મારા સઘળાં દુરાચરણ જાણે છે, માટે જો તે કોઈ પાસે પ્રગટ કરશે તો મારી નિંદા થશે, જેથી હું આ નગરમાં પણ સુખે રહી શકીશ નહીં; માટે હું એવી ક્રુર યુકિત રચું કે આ ગામનો રાજા તેને નગરમાંથી કાઢી મૂકે.' આમ ધારીને તેણીએ મોદકની અંદર સુવર્ણના અંલકાર નાંખી તે મુનિને વહોરાવ્યા. મુનિ મોદક ગ્રહણ કરીને જવા લાગ્યા, એટલે પાછળથી વજ્જા શોર કરવા લાગી કે–'અરે નગરવાસી જનો! દોડો! દોડો! આ કોઈ કપટી મુનિ મારા ઘરમાંથી અલંકારો ચોરીને લઇ જાય છે.' આવાં વચનો સાંભળી નાગરિક લોકો એકઠા થયા. કોટવાળ પણ આવી પહોંચ્યો. તેણે મુનિને રાજા પાસે લઇ જઇ સર્વ હકીકત નિવેદન કરી. એટલામાં સાગરદત્તાની ધાવમાતા ત્યાં આવી ચડી. તે મુનિને જોઈ તેમને ઓળખીને પગે પડીને રૂદન કરવા લાગી, એટલે સાગરદત્ત રાજાએ ધાવમાતાને પૂછયું:–'હે માતા! તું

શા માટે રૂદન કરે છે ?' ત્યારે ધાવમાતાએ કહ્યું:–'હે પુત્ર! આ તારા પિતા થાય છે. તેમને મેં આજ ચિરકાળે દીઠા છે તેથી મને હર્ષ સાથે દિલગીરી થાય છે.' પછી સાગરદત્ત રાજાએ પિતા રુપ મુનિને પ્રણામ કરીને કહ્યું:–'હે તાત ! આ રાજ્ય આપ ગ્રહણ કરો, કારણ હું તો આપનો કિંકર છું.' મુનિએ કહ્યું:–'હે વત્સ ! હું રાગ રહિત થયો છું, તેથી હવે મારે રાજ્ય કાંઇ કામનું નથી. રાજ્ય, લક્ષ્મી, પુત્ર, સ્ત્રી અને પરિવાર એ સર્વ વિનાશી છે.' મુનિનાં આવાં વચન સાંભળીને સાગરદત્ત રાજા જૈન-ધર્મપરાયણ થયો. આ સર્વ હકીકત સાંભળીને વજા પુષ્પબટુક સહિત ત્યાંથી દેશાંતર નાશી ગઈ.

પછી સાગરદત્તે મુનિના ઉપદેશથી પ્રતિબોધ પામી શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યાં, અને મુનિને આગ્રહ કરી પોતાની નગરીમાં ચોમાસું કરવા રાખ્યા. તે વખતે ગુરૂમહારાજના ધર્મોપદેશથી કેટલાક હળુકર્મી જીવો પ્રતિ-બોધ પામી જૈન ધર્મ પાળવા લાગ્યા. રાજાએ નગરીની અંદર અનેક જિનમંદિરો કરાવ્યાં, તેમાં પ્રભુનાં પ્રતિ-બિંબોની પ્રતિષ્ઠા કરી, વિવિધ પ્રકારની પુજાઓ રચાવી. સ્વામીવાત્સલ્યાદિ બીજા અનેક ધર્મનાં કાર્યો કરી જૈનધર્મનો મહિમા વધાર્યો. આવી રીતે નગરને વિષે જૈનધર્મનું બહુમાન થતું જોઇ ત્યાંના વિપ્રો બહુ મત્સર કરવા લાગ્યા

અને તે બ્રાહ્મણોએ કપટથી મુનિને દૂષિત ઠરાવવાનો નિશ્ચય કર્યો.

ચોમાસું પૂર્ણ થયુ એટલે મુનિમહારાજ બીજે વિહાર કરવા સારૂ નગરીની બહાર નીકળ્યા તે વખતે રાજા પોતાના પરિવાર સહિત અન્ય શ્રાવક લોકોની સાથે મુનિને વળાવવા માટે નગરીની બહાર ગયો. આ વખતે દ્વેષધારી એવા બ્રાહ્મણોએ જે ધિક્કાર કરવા યોગ્ય કાર્ય કર્યું; તે હે શ્રેષ્ઠિન્! હું તને કહું છું તે સાંભળઃ-જયારે મુનિમહારાજને વંદના કરી સાગરદત્ત રાજા અને બીજા સૌ શ્રાવકો પાછા વળવાનો વિચાર કરતા હતા ત્યારે કોઈએક પરિવ્રાજિકા-કાષ્ટક મુનિ પાસે આવીને કહેવા લાગી કેઃ—'હે સ્વામિન્! આટલા દિવસ તો લાજને લીધે હું કહી શકતી નહોતી, પણ હવે હું કહું છું કેઃ- જયારે તમે મને ગર્ભવતીને ત્યજીને ચાલ્યા જશો ત્યારે પછી મારા ગર્ભનું રક્ષણ કોણ કરશે?' આવા પરિવ્રાજિકાનાં આ વચન સાંભળી સર્વ લોકો આશ્ચર્ય સહિત કલંકિત થયેલા સાધુને જોઇ તેમની નિંદા કરવા લાગ્યા.

જૈનમાર્ગને કલંકિત થયેલો જોઇ કાષ્ટક મુનિએ કહ્યું:—'અરે દુષ્ટાત્મા પરિવ્રાજિકા! જો આ ગર્ભ મારાથી રહેલો હોય તો તે તારા ઉદરમાં રહેજો અને જો તે બીજા કોઈથી રહેલો હોય, તો તારૂં ઉદર ભેદીને બહાર નીકળજો.'

મુનિરાજના મુખથી આવાં શ્રાપનાં વચનો નીકળતાં જ તત્કાળ તેણીનું ઉદર ભેદીને ગર્ભ બહાર નીકળી પડયો. તે વખતે પરિવ્રાજિકાને મૂર્ચ્છા આવવાથી તે પૃથ્વી ઉપર પડી ગઈ. આ ચમત્કાર જોઇ સર્વ નાગરિકજનો આશ્ચર્ય પામ્યા. ક્ષણ વાર પછી પરિવ્રાજિકા સ્વસ્થ થઇ ત્યારે તે મુનિને કહેવા લાગી કે:–'હે પ્રભો ! મારા ઉપર અનુગ્રહ કરો, કારણ કે આ નગરીના વિપ્રોએ મને દ્રવ્ય આપી તમને કલંકિત કરવાનું કહેલું હોવાથી મેં આ કામ કર્યું છે, માટે હવે મારો અપરાધ ક્ષમા કરો.' આવાં તેણીનાં વચન સાંભળી મહા પ્રકુપિત થયેલા સાગરદત્ત રાજાએ સર્વ વિપ્રોને નગર બહાર કાઢી મૂકયા. આ પ્રકારનો મુનિનો અદ્ભુત પ્રભાવ જોઈ નગરના સર્વ લોકોએ જૈનધર્મ અંગીકાર કર્યો. કાષ્ટક મુનિ પણ એ પ્રમાણે ધર્મનો મહિમા વધારી શુદ્ધ ચારિત્રને પાળી અંતે મોક્ષ પામ્યા. તેમ હે શ્રેષ્ઠીન્! તું પણ એક જ નિશ્ચય રાખ કે, સાધુપુરૂષો દ્રવ્ય ગ્રહણ કરે નહીં, છતાં જો તને વિશ્વાસ ન હોય તો જેવી રીતે પરિવ્રાજિકાના ગર્ભનો નાશ થયો અને દ્વેષ કરનારા વિપ્રો દુઃખી થયા તેવી રીતે તું પણ અમને કલંકિત કરવાથી દુઃખી થઈશ.'

આ પ્રમાણે કહેતાં મુનિપતિ સાધુના મુખમાંથી ક્રોધને લીધે ધૂમ્ર નીકળવા લાગ્યો. તે જોઇ કુંચિક શેઠનો પુત્ર અત્યંત ભય પામતો છતો ત્યાં આવીને પિતાને કહેવા

લાગ્યો કેઃ–'હે તાત ! એ સાધુએ તમારૂં દ્રવ્ય લીધું નથી માટે એમને તમે ખોટું આળ ન દ્યો. કારણ સાધુઓ અદત્તાદાન ગ્રહણ કરતા નથી, તેથી તેઓ દોષરહિત છે જ્યારે તમે મારાથી ગુપ્ત રીતે તે દ્રવ્યને સંતાડતા હતા ત્યારે મેં તમને જોયા હતા, તેથી તે દ્રવ્ય મેં લઈ લીધું છે. હે પિતાજી! આ મુનિ તો નિઃસ્પૃહી છે અને મહા ધુરંધર છે, માટે તમે એમની ક્ષમા માગો.' પુત્રના આવાં વચનો સાંભળી અત્યંત ભય પામતો એવો કુંચિક શેઠ કંપવા લાગ્યો. પછી તે મુનિને ચરણ વિષે પ્રણામ કરીને વારંવાર પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યો.


વળી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કેઃ– 'અહો ! આવા કરુણાના નિધાન, રાગદ્વેષના નિવારક, બાવીશ પરિસહના સહન કરનાર દશવિધ યતિધર્મના પાલક, પાંચ મહાવ્રતના પાલક અને સર્વ પ્રાણીઓને ઉપકાર કરનારા મહામુનિરાજને ખોટું કલંક ચડાવવાથી મેં મારો આ ભવ અને પરભવ બગાડયો છે; જેથી હવે હું દુઃખનો પાત્ર થઈશ કારણ સાધુપુરુષને મિથ્યા કલંકિત કરનારો મનુષ્ય દુઃખનો ભાજન તથા જગત્‌માં નિંદાનો પાત્ર બને છે. તેના ઘરને વિષે સંપત્તિ નિવાસ કરતી નથી. વળી તે મનુષ્યનો જીવ ચાર ગતિરુપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. મેં આ મુનિને મિથ્યા કલંકિત કર્યા એ મહાદારુણ કર્મ કર્યું છે, જેથી હવે હું તેવા

પાપમાંથી ચારિત્ર ગ્રહણ કર્યા સિવાય છુટવાનો નથી.'

આ પ્રમાણે વિચાર કરીને તે કુંચિક શ્રાવકે જીનરાજની નિરૂપણ કરેલી પાંચ પ્રકારના મહાવ્રતરૂપ દીક્ષા તે મુનિપતિ સાધુ પાસે અંગીકાર કરી. પછી ક્ષમાયુક્ત નિરતિચાર પણે ચારિત્રને પાળતા એવા તે કુંચિક મુનિ સ્ત્રી સ્વજન વિગેરે સર્વથી વિરક્ત થયા. કુંચિક મુનિનો પુત્ર પણ પોતાના ચૌર્યાદિ કુલક્ષણનો ત્યાગ કરીને મુનિમહારાજ પાસે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રતરૂપ બાર વ્રત ગ્રહણ કરી શ્રાવક થયો.

મુનિપતિ સાધુ પણ ગામેગામ, નગરે નગર અને દેશોદેશ વિહાર કરતા કરતા નિરતિચારપણે ચારિત્ર પાળતા અંતે સમાધિથી મૃત્યુ પામીને પહેલા દેવલોકને વિષે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં બે સાગરોપમનું આયુષ્ય ભોગવી, ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્ર વિષે મનુષ્યપણે ઉત્પન્ન થઇ, કર્મરૂપ મળનો ત્યાગ કરી મોક્ષપદ પામશે.

## ઈતિ શ્રી મુનિપતિ ચરિત્ર સમાપ્ત



સુરેશ પ્રિન્ટરી : મેઇન રોડ, વઢવાણ : ફોન C/o. ૨૨૯૧૭